# A GUIDE TO NELSON'S INDIAN READERS BOOK II

# નેલ્સન્સ ઇન્ડિયન રીડર્સ

## નં. ૨ ના મીનિંગ.

(કોઇની પણ મદદ વગર વિદ્યાર્થીઓ સમજી શકે
તેવી રીતે બધા શબ્દોના ઉચ્ચાર, અર્થ તથા
પદચ્છેદ. આખી ચોપડીના ગુજરાતી
તરજુમા અને બીજી ઉપયોગી
માહિતી સાથે.)

*BY*

**CHHABILDAS CHHOTALAL Patel,**
Late Head Master National School;
VIRAMGAM.

*Published by*

**JIVANLAL & SONS,**
Booksellers & Publishers
Kalbadevi Road, BOMBAY. No. 2.



First Edition.] Copies 2000. [A. D. 1929.

Price Rs. 0-12-0 કિંમત બાર આના.

# A GUIDE
# To
# Nelson's Indian Readers,
# BOOK II.

---

## Lesson 1=પાઠ ૧ લો.

roductory, adj. ( ઇન્ટ્રોડક્ટરી )=પ્રાસ્તાવિક

entences, n. (સેન્ટેન્સીસ )=વાકયો.

Melted, adj. ( મેલ્ટેડ )=તાવેલું.

onest, adj. ( ઑનેસ્ટ )=પ્રામાણિક.

nswer, n. ( ઍન્સર)=જવાબ.

Question, n. (ક્વેશ્ચન )=સવાલ.

Trousers, n. ( ટ્રાઉઝર્સ )=પાટલુન.

Dolls, n. ( ડૉલ્સ )=ઢીંગલીઓ.

Round, prep. ( રાઉન્ડ )=આજુબાજુ.

Round, adj. ( રાઉન્ડ )=ગોળ.

Industrious, adj. ( ઇન્ડસ્ટ્રી-અસ )=ઉદ્યોગી.

### Tha Hay Cart = સુકા ઘાસનું ગાડું

Hay, n. ( હે )=સુકું ઘાસ.

Perhaps, adv. ( પરહેપ્સ )=કદાચ.

Grass-Cutters, n. ( ગ્રાસ કટર્સ )=ઘાસ કાપનાર.

gro n, v. i. (હૅઝ-ગ્રોન)=ઉગેલું હોય છે.

Dried, v. t. ( હેઝ ડ્રાઇડ )=સુકવવામાં આવે છે.

eeding, pre. p. ( ફીડીંગ )=ખવડાવવું તે.

Cattle, n. ( કેટલ )=ઢોર.

Fields, n. ( ફીલ્ડઝ )=ખેતરો.

Fences, n. ( ફેન્સિસ )=વાડ ( બ. વ. )

Of Course, adv. ( ઑફ કોર્સ )=અલબત.

Carries, v. t. ( કૅરીઝ )=લઇ જાય છે.

Pitchfork, n.(પિચફૉર્ક)=પંઝેટી.

Rake, n. ( રેક )=ખંપાળી, દંતાળી.

To rake, v. t. ( ટુ રેક )= ઉઝેડી એકઠું કરવું.

To ride, v. t. ( ટુ રાઇડ )= સ્વારી કરવી.

To smell, v. i. ( ટુ સ્મેલ )=વાસ આપવી.

Sweet, adj. (સ્વીટ)=મધુર,મીઠી.

To like, v. t. ( ટુ લાઇક )= ને ગમવું.

આ ચિત્રમાં બે ઘોડાથી ખેંચાતું એક ગાડું આપણે જોઇએ છીએ. તે ગાડું સુકા ઘાસથી ભરેલું છે. સુકું ઘાસ શું છે તે કદાચ તમે જાણુતા નહિ હો. હિંદુસ્તાનમાં ઘાસ કાપનારા રોજ સવારે બહાર જાય છે અને ઘોડા સારૂ ઘાસ કાપે છે. ઈંગ્લાંડમાં આમ કરવામાં આવતું નથી.

જ્યારે ખેતરોમાં ઘાસ ઉંચું ઉગેલું હોય છે ત્યારે માણસો તે કાપી નાખે છે અને તેને તડકામાં સુકવવામાં આવે છે. પછી તે સુકું ઘાસ થાય છે અને તે ઘોડા અને ઢોરને ખવડાવવા માટે રાખવામાં આવે છે.

કદાચ તમે પૂછશો કે ખેતરોમાં જ્યારે ઘાસ ઉગતું હોય છે ત્યારે ગાયો તે શા માટે ખાતી નથી. કારણુ કે ઇંગ્લાંડમાં બધાં ખેતરોને તેમની આસપાસ વાડ હોય છે, જેથી કરીને જ્યારે ગાયોને એક ખેતરમાં હાંકવામાં આવે છે ત્યારે તેઓ બીજાંમાં જઇ શકતી નથી. અલબત જે ખેતરોમાં સુકા ઘાસ માટે ઘાસ ઉગતું હોય છે તે ખેતરોમાં ગાયોને હાંકવામાં આવતી નથી.

ચિત્રમાં પહેલો માણુસ ગાડા ઉપર સુકું ઘાસ મૂકવાને માટે ઉઝેટી લઇ જાય છે, અને ગાડા પાછળ ચાલતી સ્ત્રીઓ જમીન ઉપર ઘાસ એકઠું કરવા માટે ખંપાળીઓ લઇ જાય છે.

એક છોકરૂં પહેલા ઉપર બેઠું છે અને બીજાં છોકરાં તે સુકા ઘાસને મશળે છે. આ છોકરાંઓ સુકા ઘાસમાં રમ્યા કરે છે, જે સુકું ઘાસ નરમ છે અને મીઠી વાસ આપે છે. અંગ્રેજ છોકરાંઓને તેમાં રમવાનું ઘણુંજ ગમે છે.

# Lesson 2=પાઠ ૨ જો.

Mad dog, ( મૅડ ડૉગ )=હડકાયો કુતરો.
To bite, v. t. ( ટુ બાઇટ )=[ કરડવું.
Tonga, n. ( ટૉન્ગા )=એક જાતની ગાડી.
Arabian Sea, n. ( અરેબીઅન સી )=અરબી સમુદ્ર.
Bay, n. ( બે )=ઉપસાગર.
Teeth, n. ( ટીથ )=દાંત. ( Tooth નું બ. વ. )

## Playing in the Hay=સુકા ઘાસમાં રમત.

Pink, adj. ( પીન્ક )=ગુલાબી.
Dress, n. ( ડ્રેસ )=પોશાક.
Bluc, adj. ( બ્લ્યુ )=વાદળી, આસમાની.
Yellow, adj. ( યલો )=પીળા.
Hair, n. ( હૅર )=વાળ.
Brown, adj. (બ્રાઉન)=બદામી, ભુરા.
To cover, v. t. ( ટુ કવર ) [ =ઢાંકવું.
Heap, n. ( હીપ )=ઢગલો.
Fun, n. ( ફન )=મજા, ગમત.
To laugh, v. i. ( ટુ લાફ )= મોટેથી હસવું.
To prevent, v. t. (ટુ પ્રીવેન્ટ) અટકાવવું.
To smile, v. i. (ટુ સ્માઇલ) =ધીમે હસવું, મંદ હાસ્ય કરવું.
Too, adj. ( ટૂ )=વળી, પણ.
Wooden, adj. ( વુડન )= લાકડાની.
Forest, n. ( ફૉરેસ્ટ )=જંગલ.
Bushes, n. ( બુશીઝ )=છોડ-વાઓ, ઝાડી.
Have picked, v. t. ( હૅવ પિકડ )=ચુંટયાં છે. [ ચૂંટવું.
To pick, v. t. ( ટુ પીક )=

બીજા પાના ઉપરના ચિત્રમા સુકા ઘાસમાં રમતાં ત્રણ છોકરાં છે. તેમાં બે છોડીઓ અને એક નાનો છોકરો છે. એક નાની છોડીને ગુલાબી પોશાક છે અને બીજીને વાદળી છે. તે નાના છોકરાને પીળા ( સોનેરી ) વાળ છે અને છોડીઓને ભૂરા વાળ છે.

છોડીઓમાંની એક બીજાં બે છોકરાંઓને સુકા ઘાસથી ઢાંકી

દેવા જાય છે; તેણી પોતાના માથા ઉપર તેનો એક મોટો ઢગલો ઉપાડી જાય છે. બીજાં છોકરાંઓ ધારે છે કે સુકા ઘાસથી ઢંકાઇ જવામાં ઘણી મજા પડશે, અને તેઓ હસે છે અને તેણીને અટકાવવા માટે પોતાના હાથ આગળ ધરે છે. તેણી પણ સ્મિત કરે છે. બીજાં છોકરાંઓ તેણીને તરતજ સુકા ઘાસથી ઢાંકી દેશે.

છોકરાંઓની પાછળ તમે લાકડાની વાડ જોઈ શકો છો. આ વાડની બીજી બાજુએ જંગલ છે, જેમાં તમે ઝાડ અને છોકરાઓ જોઇ શકો છો.

જ્યારે સુકું ઘાસ ઉપાડી જવામાં આવશે ત્યારે ઢોર અને ઘેટાંને આ ખેતરમાં હાંકવામાં આવશે. વાડ તેઓને જંગલમાં જતાં અટકાવશે.

જંગલમાં ઝાડ અને છોડવા લીલાં પાંદડાંથી ઢંકાએલાં છે. જમીન ઉપર ધોળાં અને લાલ ફુલ જે છોકરાંઓએ ચુંટ્યાં છે તેનાથી ભરેલી ટોપલી છે. આ વસ્તુઓ આપણને જણાવે છે કે ઉનાળો છે. ઇંગ્લાંડમાં શિયાળામાં ઝાડને પાંદડા હોતા નથી અને છોકરાંઓને ચુંટવા માટે ફુલો હોતાં નથી.

---

## Lesson 3=પાઠ ૩ જો.

Once, adv. ( વન્સ )=એકવાર, એક વખત.

To call, v. t. ( ટુ કૉલ )= બોલાવવું.

To Cook, v. t. ( ટુ કુક )= રાંધવું.

To warm, v. t. ( ટુ વૉર્મ ) =ગરમ કરવું.

### The Little Fish=નાની માછલી.

Fish, n. ( ફીશ )=માછલી.

Fisherman, n. ( ફીશરમેન ) =માછીમાર.

Caught, v. t. ( કૉટ )=પકડી.

To beg, v. t. ( ટુ બેગ )= વિનંતિ કરવી, અરજ કરવી.

To grow, v. i. ( ટુ ગ્રો )= મોટા થવું.

Dinner, n. ( ડીનર )=ખાણું.

Hungry, adj. ( હંગ્રી )=ભૂખ્યો.

Bigger, adj.(બીગર)=વધારે મોટી.

To catch, v. t. ( ટુ કૅચ )=પકડવું.
Home, adv. ( હોમ )=ઘેર.
Boiled, adj. (બૉઇલ્ડ)=રાંધેલા.
Proverb, n. ( પ્રોવર્બ )=કહેવત.
Worth, adj. ( વર્થ )=કીંમતની.

એક વખત એક માછીમારે એક ઘણી નાની માછલી પકડી. તેણે તેને જોવા સારૂ ઉંચકી લીધી અને જ્યારે તે તેના હાથમાં હતી ત્યારે તે માછલીએ કહ્યું " મહેરબાન સાહેબ, મને નદીમાં પાછી મૂકવાની હું આપને વિનંતિ કરૂં છું. હમણાં હું ઘણી નાની છું, થોડા મહીનામાં કે વર્ષમાં હું ઘણી મોટી થઇશ. પછી તમારે માટે હું એક સારૂં ખાણું બનીશ."

પણ તે માછીમાર ભૂખ્યો હતો, તેથી તેણે કહ્યું " ના; મેં તને પકડી છે અને હું તને ઘેર લઇ જઇશ. જો હું તને જવા દઉં તો તું મોટી થઇશ; પણ કદાચ હું તને ફરીને પકડીશ નહિ. ( =પકડી શકીશ નહિ ). "

તેણે તે બીચારી નાની માછલીને પોતાની ટોપલીમાં મૂકી અને તેને ઘેર લઇ ગયો ; અને તેની સ્ત્રીએ તેની કઢી બનાવી, જે તેણે થોડા ભાત સાથે પોતાના ખાણા તરીકે ખાધી.

કહેવત :—હાથમાંના એક પક્ષીની કિંમત ઝાડીમાંનાં બે પક્ષી બરાબર છે. ( = નરત દાન મહા પુણ્ય ) અથવા ( ઓટીમાંનો હારે અને મુઠીમાંનો જીતે. )

---

# Lesson 4=પાઠ ૪ થો.

## Cows and Calves=ગાયો અને વાછરડાં.

Calf, n. (કાફ)=વાછરડું. (એ. વ.)
Calves, n. ( કાવ્ઝ )=વાછરડાં. ( બ. વ. )
Are found, v. t. ( આર ફાઉન્ડ )=માલમ પડે છે.
Almost, adv. ( ઑલમોસ્ટ )=લગભગ.
Country, n. ( કન્ટ્રી )=દેશ.

Domestic, adj. ( ડુમેસ્ટિક ) =પાળેલાં. [ પ્રાણીઓ.
Animals, n, ( ઍનીમલ્સ )=
To keep, v. t. ( ટુ કીપ ) =રાખવું.
Butter, n. ( બટર )=માખણ.
Curds, n. (કર્ડ્ઝ)=દહીં. [ છાશ.
Butter-milk, n. (બટર મીલ્ક)=
Generally, adv. ( જનરલી ) =સામાન્ય રીતે.
Humps, n. ( હમ્પ્સ )=ખુંધ. ( બ. વ. )
Are milked, v. t. ( આર મીલ્કડ )=દોહવાય છે.
Early, adv. ( અર્લી )=વહેલાં.
Milkmaid, n. ( મીલ્કમેઇડ )= દૂધવાળી.
Pail, n. ( પેઇલ )=તામડી.
To hope, v. t. ( ટુ હોપ )= આશા રાખવી.
Shallow, adj. ( શૅલો )=છીછરું.
Cream, n. ( ક્રીમ )=મલાઈ, નર.
To rise, v. i. ( ટુ રાઇઝ )= ઉપર આવવું.
Is skimmed off, ( ઇઝ સ્કીમ્ડ ઓફ )=ઉપરથી લઇ લેવામાં આવે છે.
Skimmed milk,(સ્કીમ્ડ મીલ્ક) =મલાઇ ઉતારેલું દૂધ.
Stupid, adj. ( સ્ટ્રુપીડ )=મૂર્ખ.
Different, adj. ( ડીફરન્ટ )= જુદા.
Colours, n. ( કલર્સ )=રંગ.
Coffee, n. ( કૉફી )=કાફી.
To suppose, v. t. (ટુ સપોઝ) =ધારવું.

ગાયો દુનીઆના લગભગ દરેક દેશમાં માલમ પડે છે. આપણે જાણીએ છીએ કે હિંદુસ્તાનમાં ગાયોની મોટી સંખ્યા છે, અને યુરોપમાં કદાચ વધારે છે.

તેઓ પાળેલાં પ્રાણી છે. લોકો તેમને રાખે છે કેમકે તેઓ દૂધ આપે છે. ( = તેઓ દૂધ આપે છે તેથી લોકો તેમને રાખે છે. ) દૂધમાંથી માંખણ, ઘી, દહીં અને છાશ બને છે.

આ ચિત્રમાંની ગાયો ઇંગ્લાંડની ગાયો છે. તમે જોઇ શકો છો કે તેઓ હિંદુસ્તાનની ગાયો સામાન્ય રીતે હોય છે તેનાં કરતાં મોટી છે અને તેમને ખુંધ નથી.

ગાયો સવારમાં વહેલી દોહવાય છે. આપણે દૂધ દોહનારીને એક નાના સ્ટુલ ઉપર બેઠેલી અને લાકડાની તામડીમાં ગાયને દોહતી જોઇએ છીએ. પતરાની બનાવેલી બીજી તામડી પાસે પડેલી છે. બંને દૂધની તામડીઓ છે.

એક નાની છોકરી દૂધ દોહનારી તરફ જુએ છે. કદાચ આ નાની છોડી આશા રાખતી હશે કે દૂધ દોહનારી તેને થોડું દૂધ આપશે. બીજી ગાય દૂધ દોહરાવવાની રાહ જુએ છે.

દૂધને છીછરા વાસણોમાં મૂકવામાં આવે છે જેથી મલાઇ ઉપર આવી શકે. જ્યારે તે ઉપર આવે છે ત્યારે તેને ઉતારી લેવામાં આવે છે અને પછી તે દૂધ મલાઇ ઉતારેલું દૂધ કહેવાય છે.

મલાઇનું માખણ બનાવવામાં આવે છે. ઇંગ્લાંડમાં લોકો ઘી બનાવતા નથી. મલાઈ ઉતારેલા દૂધ ( કેટલોક ) ભાગ વાછરડાંને આપવામાં આવે છે અને કેટલોક ભાગ છોકરાં પીશે. દૂધવાળી તે તામડીને ઉંચે પકડી રહી છે કે જેથી વાછરડાં તેમાંથી પી શકે. હું ધારૂં છું કે વાછરડાંને દૂધ ગમે છે અને તેમને તે પીતાં જોવાનું તે નાની છોડીને ગમે છે.

---

એક દિવસ બે છોકરાં ખેતરમાં ફરવા ગયાં. ખેતરોમાં ગાયો હતી અને તેમાંની કેટલીક ધોળી અને કેટલીક કાળી હતી. તે નાના છોકરાએ પોતાની બેનને કહ્યું " ગાયોમાંની કેટલીક ધોળી અને કેટલીક કાળી કેમ છે ? "

તેણીએ જવાબ આપ્યો " તું જાણતો નથી ? તું મૂર્ખ છે. "

તેણે ફરીને પૂછ્યું " તેઓ કેમ જુદા રંગની છે ? "

તેની બેને કહ્યું " વારૂ. હું તને કહીશ. ધોળી ગાયો આપણને દૂધ આપે છે. નહિ વારૂ ? "

" હા, અને કાળી ગાયો ? "

" કાળી ગાયો આપણને કૉફી આપે છે જેથી આપણને કૉફી અને દૂધ મળી શકે છે."

મને નવાઇ લાગે છે કે તે નાના છોકરાએ પોતાની બેનને એમ કેમ ન પૂછયું કે "આપણી કૉફી માટે આપણને કયું જાનવર ખાંડ આપે છે ?" જો ધોળી ગાયો દૂધ આપે અને કાળી ગાયો કૉફી આપે તો હું ધારૂં છું કે ભુરી ગાયો ખાંડ આપે.

---

# Lesson 5=પાઠ ૫ મો.

Thirsty, adj. ( થર્સ્ટિ )= તરસ્યો.

Thirsteer, adj. ( થર્સ્ટિયર ) =વધારે તરસ્યો.

They could not help laughing, ( ધે કુડ નોટ હેલ્પ લાફીંગ )=તેઓથી હસ્યા વગ રહેવાયું નહિ.

## Four Riddles=ચાર ઉખાણાં.

Riddle, n. ( રીડલ )=ઉખાણું.

Thorn, n. ( થૉર્ન )=કાંટો.

Wood, n. ( વુડ )=જંગલ.

Nails, n. ( નેઇલ્સ )=નખ.

Deceit n. ( ડીસીટ )=દગો, ઠગાઇ. [ સપહાણ.

Marble, n. ( મારબલ )=આર-

Lined, p. p. (લાઇન્ડ )=અસ્તર કરેલી.

Skin, n. ( સ્કીન )=ચામડી.

Silk, n. ( સિલ્ક )=રેશમ.

Fountain, n. ( ફાઉન્ટન )= ઝરો, ફુવારો.

Crystal, adj. (ક્રીસ્ટલ)=બીલોરી.

Golden, adj. (ગોલ્ડન)=સોનેરી.

Apple, n. ( ઍપલ )=સફરજન, સેફ ફળ.

Doth appear=( Does appear )=( ડથ એપીઅર ) દેખાય છે.

Strong hold, n. ( સ્ટ્રોન્ગ હોલ્ડ )=કિલ્લો.

Thieves, n. ( થીવ્ઝ )=ચોર. ( Thief નું બ. વ. )

To break in, v. t. ( ટુ બ્રેક ઇન )=તોડીને દાખલ થવું.

To steal, v. t. ( ટુ સ્ટીલ ) =ચોરવું.

Complete, adj. ( કમ્પ્લીટ ) પુરેપુરૂં.

Alas, anterj. ( એલાસ )=અરે.

But, adv. ( બટ )=ફક્ત, માત્ર.

કાંટો.

હું જંગલમાં ગયો અને તે મળ્યો. હું બેઠો અને તેની તરફ જોયું. જેમ મેં તેની તરફ વધારે ને વધારે જોયું તેમ તે મને ઓછો ગમ્યો, અને હું તે ઘરે લાવ્યો કેમકે મારો ઉપાય ન હતો.

---

આ દેશમાં દરેક સ્ત્રીને વીસ નખ હોય છે. દરેક હાથે પાંચ નખ હોય છે અને વીસ હાથ પગના મળીને. આ બધું ઠગાઈ વગર સત્ય છે.

---

ઈંડું.

રેશમ જેવી સુંવાળી ચામડીથી અસ્તર કરાયેલી, દુધ જેવી સફેદ આરસપહાણની દિવાલોમાં, સ્વચ્છ બીલોરી કાચના ઝરામાં એક સોનેરી સફરજન દેખાય છે. આ કિલ્લાને દરવાજા હોતા નથી તેમ છતાં ચોરો તોડીને અંદર દાખલ થાય છે અને સોનું ચોરી જાય છે.

---

જ્યારે V ( વી ) આપણે અને I ( આઇ ) હું સાથે મળીએ છીએ ત્યારે આપણે છની પુરી સંખ્યા બનાવીએ છીએ. જ્યારે I ( આઇ ) હું V ( વી ) આપણે ફરી એક વખત મળીએ છીએ ત્યારે અમે બે જણા ફક્ત ચાર બનાવીએ છીએ અને જ્યારે V (વી) મારી પાસેથી જતા રહે ત્યારે અફસોસ! હું બિચારો ફક્ત એકજ કરી શકું છું.

---

## Lesson 6=પાઠ ૬ ઠ્ઠો.

To differ, v. i. ( ટુ ડીફર ) =જુદું પડવું.

Defference n. ( ડીફરન્સ ) =તફાવત.

Bridge, n. ( બ્રિજ )=પુલ.

Across, prep. ( એક્રોસ )= આરપાર.

Play-ground, n. (પ્લે-ગ્રાઉન્ડ) [ =રમવાની જગ્યા.

Beyond, prep. ( બિયૉન્ડ )= પેલે પાર.

Ceylon, n. ( સીલોન )=સિલોન, લંકા.

Ganges, n. ( ગૅન્જીસ )=ગંગા.

## An English Village=એક ઇંગ્લાંડનું ગામડું.

Carefully, adv. ( કેરફુલિ )= સંભાળથી.

Between, prep. ( બીટવીન ) =વચ્ચે.

Banian tree, n. ( બનીઅન ટ્રી )=વડનું ઝાડ.

Elm trees, n. ( એલ્મ ટ્રીઝ ) =એલ્મનાં ઝાડ.

Cocoanut trees, n. ( કોકોનટ ટ્રીઝ )=નાળીએરનાં ઝાડ.

Notice, v. t. (નોટીસ)=જુઓ.

Neat, adj. ( નીટ )=સ્વચ્છ.

Stories, n. ( સ્ટોરીઝ )=માળ.

Building, n. (બીલ્ડીંગ)=મકાન.

Church, n. ( ચર્ચ )=દેવળ.

Tower, n. ( ટાવર )=મિનારો.

Pointed, adj. ( પૉઇન્ટેડ )= અણીવાળું.

Spire, n. ( સ્પાયર )=ટોચ, શિખર. [ =લટકવું.

To hang, v. i. ( ટુ હૅન્ગ )

Are rung, v. t. (આર રન્ગ) =વગાડવામાં આવે છે.

Sunday, n. ( સન્ડે )=રવિવાર.

In front of, (ઇન ફ્રન્ટ ઑફ) =ની આગળ.

Seat, n. ( સીટ )=બેઠક.

Kites, n. ( કાઇટસ )=પતંગો.

Strings, n. (સ્ટ્રીન્ગસ)=દોરીઓ.

To blow away, v. i. ( ટુ બ્લો અવે )=ઉડી જવું.

Rainbow, n. ( રેઇન બો )= મેઘ ધનુષ્ય. [ ઋતુ.

Weather, n. ( વેધર )=હવા,

Boat, n. ( બોટ )= હોડી.

Bank, n. ( બૅન્ક )=કિનારો.

Rope, n. ( રોપ )=દોરડું.

To tie, v. t. ( ટુ ટાઇ)=બાંધવું.

Tying, pre. p. ( ટાઇંગ )= બાંધતાં.

Bag, n. ( બૅગ )=તોબરો.

Corn, n. ( કૉર્ન )=અનાજ.

પહેલી ચોપડીમાં આપણે એક હિંદુસ્તાનના ગામડાનું ચિત્ર જોયું.

હવે આ ઈંગ્લાંડના ગામડાના ચિત્ર તરફ સંભાળથી જુઓ. તેમની વચ્ચે તમે ઘણા તફાવત જોશો.

હિંદુસ્તાનના ગામડામાં બે બળદથી ખેંચાતું ગાડું હતું; અહીં ચાર ઘોડાથી ખેંચાતું છે. હિંદુસ્તાનના ગામડામાં વડનું અને નાળીએ-રીનાં ઝાડ હતાં ; આ ગામડામાં એલ્મનાં ઝાડ છે.

બંને ગામડાંઓમાં ઘરોને પરાળનાં છાપરાં છે ; પણ આ ગામડામાં તે કેવાં સફાઈદાર દેખાય છે તે જુઓ. તેમને બે માળ છે ; હિન્દુસ્તા-નના ગામડાંમાં તેઓને ફક્ત એક માળ હોય છે.

ઘરોની પેલી બાજુએ ઉંચું મકાન છે તે દેવળ છે. તેને એક મિનારો અને અણીદાર ટોચ છે. તે મીનારામાં ઘંટ લટકે છે જે રવિ-વારના દિવસોએ વગાડવામાં આવે છે.

ઘરોના આગલા ભાગમાં ગામની રમવાની જગા છે; છોકરાં તેના ઉપર રમે છે. તેની વચમાં એક ઉંચું ઝાડ છે, અને આ ઝાડની આસપાસ બેઠક છે જેના ઉપર લોકો બેઠા છે.

કેટલાક છોકરાઓ પતંગ ઉડાડે છે; પતંગને ઉડી જતા અટકાવે છે તે દોરીઓ તમે જોઇ શકો છો. આકાશમાં એક સુંદર મેઘ ધનુષ્ય છે ; આ બતાવે છે કે હવા ખુશનુમા થશે. (=રહેશે. ).

પુલની બીજી બાજુએ ચાર ઘોડાથી ખેંચાતું એક મોટું ગાડું ઉભું રહ્યું છે, કારણ કે સંખ્યાબંધ ઘેટાં તે પુલ ઉપરથી સામે જાય છે.

પુલની હેઠળ આપણે એક હોડી જોઇએ છીએ. નદીના કિનારા ઉપરના ઘોડાઓમાંથી એક આ હોડીને એક દોરડાવતી આગળ ખેંચશે. તમે તે માણસોમાંના એકને તે દોરડું બાંધતો જોઇ શકો છો. બીજો માણસ તે ઘોડાને તોબરામાં થોડું અનાજ આપે છે.

---

# Lesson 7=પાઠ ૭ મો.

## Mercury and the Woodcutter.

## મરકયુરી અને કઠીઆરો.

Mercury, n. ( મરક્યુરી )=દેવનું નામ છે.
Woodcutter, n. ( વુડકટર ) =લાકડાં કાપનાર.
Axe, n. ( એક્સ )=કુહાડી.
Lost, v. t. (લૉસ્ટ)=ખોઇ,ગુમાવી.
To bewail, v. t. (ટુ બીવેઇલ) =ને માટે વિલાપ કરવો.
Cried, v. i. (ક્રાઇડ)=બોલી ઉઠયો.
To deceive, v. t. ( ટુ ડીસીવ )=છેતરવું.
Own, p. ( ઓન )=પોતાની.
Reward, n. ( રીવૉર્ડ )=ઇનામ.
Honesty, n. ( ઓનેસ્ટિ ) =પ્રામાણિકપણું.
Loss, n. ( લૉસ )=ખોટ.
Tool, n. ( ટુલ )=હથિઆર.
Earned, v. t. ( અર્ન્ડ )=કમાતો હતો.
Living, n. ( લીવીંગ )=ગુજરાન.
Matter, n. ( મેટર )=બાબત.
Have let fall, ( હૅવ લેટ ફૉલ )=પાડી નાંખી છે.
God, n. ( ગૉડ )=દેવ.
Leaped, v. i. ( લીપ્ડ )=કુદકો માર્યો.
Holding, pre. p. ( હોલ્ડીંગ) =પકડીને.
Disappeared, v. i. ( ડીસ-એપાઅર્ડ )=અદ્દશ્ય થયો.
Surely, adv. ( સ્યૂરલી )=નક્કી.
Greece, n. ( ગ્રીસ )=એ નામનો દેશ છે.
Thousands, n. ( થાઉઝન્ડસ ) =હજારો.
Ago, adv. ( એગો )=અગાઉ, પૂર્વે.
Greek, adj. ( ગ્રીક )=ગ્રીક ભાષાનું.
Hermes, n. ( હર્મીઝ )=નામ છે.
Romans, n. ( રોમન્સ )=રોમ દેશના લોકો.
Winged, adj. (વીન્ગેડ)=પાંખવાળી.
Staff, n. ( સ્ટાફ )=લાકડી, દંડ.
Swift, adj. (સ્વીફ્ટ)=ઝડપવાળો.
Snakes, n. ( સ્નેઇક્સ )=સાપ.
Clever, n. ( ક્લેવર )=હોંશીઆર, ચપળ.

એક વખત એક કઠીઆરો એક નદીને કિનારે જ્યારે ઝાડ કાપતો

હતો ત્યારે તેની કુહાડી પાણીમાં પડી ગઇ અને તેણે તે ખોઈ. જે હથીઆરથી તે પોતાનું ગુજરાન ચલાવતો હતો તે ખોવાથી પોતે જ્યારે વિલાપ કરતો હતો ત્યારે મરક્યુરી દેવ તેની આગળ દેખાયા. તે દેવે તે ગરીબ માણસને કહ્યું " શું થયું છે ? " તે કઠીઆરે કહ્યું " મેં મારી કુહાડી નદીમાં પાડી નાંખી છે. "

મરક્યુરી પાણીમાં કુદી પડયા અને તરતજ પોતાના હાથમાં એક સોનાની કુહાડી લઇને બહાર આવ્યા. તેમણે પૂછ્યું, " તમે ખોઈ હતી તે કુહાડી આ છે ? "

" ના, મારી કુહાડી તેના જેટલી સુંદર ન હતી. "

તે દેવ ફરીને અદશ્ય થયા અને આ વખત રૂપાની કુહાડી ઉપર લાવ્યા. તેમણે કહ્યું " નક્કી આ તારી કુહાડી છે. " પણ તે કઠીઆરે કહ્યું કે તે મારી કુહાડી નથી. મરક્યુરી ત્રીજી વખત અદશ્ય થયા અને એક લોઢાની કુહાડી લાવ્યા. તે કઠીઆરો બોલી ઉઠયો " તેજ મારી કુહાડી છે." પણ મરક્યુરીએ તેને કહ્યું " તેં મને છેતરવાનો પ્રયત્ન કર્યો નથી માટે તારી પોતાની કુહાડી અને બીજી બે જે મેં તને બતાવી છે તે પણ લઇ જા. તારા પ્રામાણિકપણા માટે ઇનામ તરીકે હું તને આપું છું."

ચિત્ર તરફ કાળજીથી જુઓ. હજારો વર્ષ પહેલાં ગ્રીસમાં જે લોકો રહેતા હતા તેમના દેવોમાંના એક મરક્યુરી હતા. તેમનું ગ્રીક નામ હર્મીઝ હતું ; પણ તે ઘણી વખત મરક્યુરી કહેવાય છે, જે નામ રોમન લોકો તેમને આપતા હતા.

તે પાંખોવાળી ટોપી પહેરે છે અને પાંખોવાળો દંડ રાખે છે, તેમના દંડ ઉપરની પાંખો બતાવે છે કે તે ઝડપવાળા હતા અને સાપ બતાવે છે કે તે ઘણા ચપળ હતા.

# Lesson 8=પાઠ ૮ મો.

## The Hunter, the Trader, and the Bear=
## શિકારી, વેપારી અને રીંછ.

Certain, adj. ( સર્ટન )=અમુક, કોઇ એક.
Hunter, n. ( હન્ટર )=શિકારી.
Needed, v. t. ( નીડેડ )=જરૂર હતી.
Trader, n. ( ટ્રેઇડર )=વેપારી.
Bear, n. ( બેર )=રીંછ.
Adding. pre. p. ( એડીંગ ) =વધુ કહેતાં, ઉમેરીને.
Offered, v. t. ( ઑફર્ડ )= આપવા માગી.
Sum, n. ( સમ )=રકમ.
To-morrow, n. ( ટુ મૉરો ) =આવતી કાલ.
Day after to-morrow, (ડે આફ્ટર ટુ મૉરો)=પરમ દિવસે.
Without fail, ( વીધાઉટ ફેઇલ) =ચોકસ.
Determined, v. t. ( ડીટર-મીન્ડ )=નિશ્ચય કર્યો.
Entered, v. t. ( એન્ટર્ડ )= દાખલ થયા.
Rapidly, adv. ( રૅપિડલી )= ઝડપથી.
Afraid, adj. ( અફ્રેડ )=બીધેલો.
Immediately, adv. ( ઇમીડી-એટલી )=તરતજ.
Climbed up, v. t. ( કલાઇ-મ્ડ અપ )=ઉપર ચઢી ગયો.
Held breath, ( હેલ્ડ બ્રેથ )= શ્વાસ બંધ રાખ્યો.
Breath, n. ( બ્રેથ )=શ્વાસ.
To touch, v. t. ( ટુ ટચ )= અડકવું.
Dead, adj. ( ડેડ )=મરેલા.
Smelt, v. t. ( સ્મેલ્ટ )=સુંઘ્યો.
Turned, v. t. ( ટર્ન્ડ )=ફેરવ્યો.
No longer,=વધારે વખત.
Danger, n. ( ડેન્જર )=ભય.
Climbed down,=નીચે ઉતર્યો.
Get up, v. i. ( ગેટ અપ )= ઉઠો.
Safe, adj. (સેઇફ)=સહીસલામત.
Whispered, v. i. ( વ્હીસ્પર્ડ ) =છાનુંમાનું કહેવું.

કોઈ એક શિકારી જેને પૈસાની જરૂર હતી તે એક વેપારી પાસે ગયો અને પૂછયું "એક રીંછની ચામડીના તમે કેટલા પૈસા આપશો?"

તેણે ઉમેર્યું "તે રીંછની ચામડી તમે કદી નહિ જોઈ હોય એવી સૌથી સુંદર છે."

તે વેપારીએ એક સારી રકમ આપવા માગી, પણ પોતાને તે ચામડી બતાવવાને તેણે શિકારીને કહ્યું.

તે શિકારીએ કહ્યું "તે રીંછ હજુ જંગલમાં જીવતું છે, પણ તેને કાલે મારી નાંખવાનું હું તને વચન આપું છું અને પરમ દિવસે ચોકસ તમને તે ચામડી મળશે."

તે વેપારી, જેણે કોઈ દિવસ રીંછને મારતાં જોયું ન હતું તેણે તે શિકારી સાથે જવાનો નિશ્ચય કર્યો.

બીજે દિવસે તેઓ જેવા જંગલમાં દાખલ થયા કે તરતજ તેમણે એક મોટું રીંછ જોયું, જે તેમની તરફ ઝડપથી આવતું હતું.

તે વેપારી ઘણો બીન્યો અને એક ઝાડ ઉપર ચઢી ગયો. તે શિકારી કાંઇ ઓછો બીન્યો ન હતો; તે જમીન ઉપર સૂઈ ગયો અને મરેલા માણસ જેવો દેખાવા માટે તેણે પોતાનો શ્વાસ બંધ કર્યો, કારણ કે એમ કહેવાય છે કે રીંછ મરેલા માણસને કદી અડતું નથી.

તે રીંછ તેની પાસે આવ્યું, તેને સુંઘ્યો, તેને ફેરવ્યો, અને ધાર્યું કે તે મરી ગયો હતો અને તેને છોડી ગયું.

જ્યારે રીંછ જતું રહ્યું અને વધુ વખત બીક ન રહી ત્યારે તે વેપારી ઝાડ ઉપરથી નીચે ઉતર્યો અને તે શિકારી પાસે આવ્યો.

તેણે કહ્યું "હવે ઉઠ. રીંછ જતું રહ્યું છે અને આપણે સહી-સલામત છીએ. પણ રીંછે જે કહ્યું તે મને મહેરબાની કરીને કહે, કેમકે તેણે તારા કાનમાં કાંઈ છાનુંમાનું કહ્યું હતું."

તે શિકારીએ કહ્યું "અરે તેણે મને છાનુંમાનું એ કહ્યું હતું કે જ્યાં સુધી તમારી પાસે રીંછની ચામડી હોય નહિ ત્યાં સુધી તે વેચતા નહિ."

---

# Lesson 9=પાઠ ૯ મો.

## Spiders and Flies = કરોળીઆ અને માંખો.

Spider, n. (સ્પાઇડર)=કરોળીઓ.
Flies, n. ( ફ્લાઇઝ )=માંખો.
Web, n. ( વેબ )=જાળ.
Gonsists of, v. t. ( કન્સીસ્ટસ ઓફ )=ની બનેલી છે.
Slender, adj. ( સ્લેન્ડર )= પાતળા.
Threads, n. ( થ્રેડ્ઝ )=તાંતણા.
To feel, v. t. ( ટુ ફીલ )= લાગવું.
To spin, v. t. ( ટુ સ્પીન )= [ કાંતવું.
Insects, n. ( ઇન્સેક્ટસ )= જંતુઓ, જીવડાં.
Difference, n. ( ડીફરન્સ )= તફાવત.
Bones, n. ( બોન્સ )=હાડકાં.

આપણું આગળનું ચિત્ર આપણને એક કરોળીઆને પોતાની જાળમાં મધ્ય ભાગમાં બતાવે છે. તે જાળ ઘણા પાતળા તાંતણાની બનેલી છે, એવા પાતળા કે જો તમે તેને અડકો તો પણ તમને તે જણાય નહિ. કરોળીઓ પોતાના શરીરમાંથી આ તાંતણા કાંતે છે. માંખો જાળમાં પકડાય છે અને કરોળીઓ તેમને ખાય છે.

કરોળીઆને પાંખો હોતી નથી, પણ તેમને આઠ પગ હોય છે. તેમને એટલી બધી આંખો હોય છે કે તેઓ પોતાની આગળ તેમજ પાછળની વસ્તુઓ જોઈ શકે છે.

માંખોને બે પાંખ અને છ પગ હોય છે, અને વળી સંખ્યાબંધ આંખો હોય છે. તેઓને ફક્ત બે આંખો હોય એમ જણાય છે, પણ એ આંખોમાંની દરેક ખરી રીતે સંખ્યાબંધ ઘણી નાની આંખોની બનેલી હોય છે.

કરોળીઆ અને માંખો જેવાં પ્રાણીઓ જંતુઓ કહેવાય છે. બીલાડીઓ અને કુતરા જેવાં મોટાં પ્રાણીઓ અને તેમની વચ્ચેના તફાવતોમાંનો એક એ છે કે તેમને હાડકાં હોતાં નથી.

## The Shining Web=પ્રકાશતી જાળ.

Shining, pre. p. (શાઇનીંગ) =પ્રકાશતી.
Tiny, adj. ( ટાઇની )=નાજુક.
Darted, v. i. (ડાર્ટેડ)=ઝડપથી ઉડી.
Glanced, v. t. ( ગ્લાન્સ્ડ )= [ જોયું.
Scarce, adv. (સ્કેર્સ)=ભાગ્યેજ.
Line, n. (લાઇન)=હાર, દોરી.
Spun, v. t. (સ્પન)=કાંત્યું.
Straight, adj. (સ્ટ્રેટ)=સીધું.
Was done, v. t. (વૉાઝ ડન) =પુરી થઈ.
Pretty, adj. (પ્રેટી)=સુંદર.
Hanging, prep. p. (હેન્ગિન્ગ) =લટકતી.
Danced, v. i. (ડેન્સ્ડ)=નાચી.
Watched, v. t. ( વૉચ્ડ )= નિહાળી, તપાસ રાખી.
To sup, v. t. (ટુ સપ)=જમવું, વાળુ કરવું. [ ઉડી.
Flitted, v. i. (ફ્લિટેડ)=જોસથી
Flapped, v. t. ( ફ્લૅપ્ડ )= ફફડાવી.
Circle, n. ( સર્કલ )=કુંડાળું.
Wider, adj. ( વાઇડર )=વધારે પહોળું.
Rather, adj. (રાધર)=કાંઇ.
Flew, v. i. (ફ્લ્યુ)=ઉડી.

એક ભૂખ્યા કરોળીઆએ એટલા બધા બારિક તાંતણાની જાળ બનાવી કે તમારી નાજુક આંગળીઓને તે તાંતણો ભાગ્યેજ જણાય. તેણે બધે ફરતું ગોળ અને ગોળ અને ગોળ, જ્યાં સુધી તે જાળ પુરી થઇ ત્યાં સુધી આરપાર અને પાછી એમ કાંતી. અરે, જ્યારે તે પુરી થઇ ત્યારે તે કેવી સુંદર ચળકતી જાળ હતી ! બધી નાની માખીઓ તેને તડકામાં લટકતી જોઇને આવી. તેઓ બધે ફરતી ગોળ, ગોળ અને ગોળ તેઓ નાચી. તેઓ જાળને એક છેડેથી બીજે છેડે અને પાછી ફરીથી જોરથી ઉડી અને તેઓ જોવા લાગી.

તે ભૂખ્યા કરોળીઆએ તે નાની સુખી માખીઓને બેસીને જોઇ. તેણે પોતાના માથાની આસપાસ ચોતરફ જોયું કારણ કે તેને એટલી બધી આંખો હતી. તેઓ (માંખો) ચારે તરફ ગોળ, ગોળ અને ગોળ, જાળની આરપાર ઘડીકમાં ઉંચે અને ઘડીકમાં નીચે જાય છે.

તે ભુખ્યા કરોળીઆએ બૂમ પાડી " અરે ! સુંદર નાની માખીઓ ! અંદર આવો અને મારી સાથે જમો ; મને ખાતરી છે કે તમને મારૂં ઘર જોવાનું ગમશે. પરંતુ પહેલાંની માફક તેઓ એક વખત ફરીને ચારે તરફ ગોળ, જાળની આરપાર ઉડી.

પરંતુ બધી માખીઓ પોતાની નાની પાંખો ફફડાવી અને જરા વધારે પહોળા કુંડાળામાં ઉડવા લાગી કેમકે તેઓ એટલી બધી ડાહી હતી કે કરોળીઆની નજીક ગઈ નહિ. તેઓ ચોતરફ ગોળ, જાળની આરપાર અને પાછી ગઇ અને પછી તેઓ ઉડી ગઇ.

---

# Lesson 10=પાઠ ૧૦ મો.

## In the Desert=રણમાં.

Desert, n. ( ડેઝર્ટ )=રણ.
Plain, n. ( પ્લેઇન )=મેદાન.
Sand, n. ( સૅન્ડ )=રેતી.
To reach, v. i. ( ટુ રીચ )
=પહોંચવું. [ બસ્તાન.
Arabia, n. (અરેબીઆ)=અર-
Hardly, adv. ( હાર્ડલી )=
ભાગ્યેજ. [ વાદળાં.
Clouds, n. ( કલાઉડઝ )=
Scorching, adj. ( સ્કૅાર્ચિન્ગ )
=ધગધગતા.
Heat, n. ( હીટ ) તાપ.
Arabs, n. (આરબ્સ)=આરબો.
Loose, adj. ( લૂઝ )=ઢીલા.
Dotted, p. p. ( ડૅાટેડ )=ડાઘા
માફક આવેલાં, છુટા છવાયાં.

Islands, n. ( આઇલૅન્ડઝ )=
ટાપુઓ. [ ખુશકારક.
Pleasent, adj. ( પ્લેઝન્ટ )=
Shady, adj. ( શેડી )=છાંયડા-
વાળા. [ તાડનાં ઝાડ.
Palm-trees, n. (પામ ટ્રીઝ)=
Oasis, n. ( ઓએસિસ )=રણમાં
લીલોતરીવાળી જગા.
Wandering, prc. p. ( વૅાન્ડ-
રીંગ )=ભટકતા. [=ઉભા કરવા.
To set up, v. t. (ટુ સેટ અપ)
Tents, n. ( ટેન્ટસ )=તંબુઓ.
To cross, v. t. ( ટુ ક્રોસ )
=આરપાર જવું, ઓળંગવું.
Sandy, adj. ( સેન્ડી)=રેતાળ.

Flocks, n. ( ફ્લૉકસ )=ગાડરનાં ટોળાં.

Easily, adv. ( ઈઝીલી )=સહેલાઇથી.

To sink, v. i. ( ટુ સીન્ક )= ડૂબવું, ઉંડા ઉતરવું.

Camel, n. ( કેમલ )=ઉંટ.

Broad, adj. ( બ્રાડ )=પહોળા.

Journey, n. (જર્નિ)=મુસાફરી.

Striped, adj. ( સ્ટ્રાઇપ્ડ )= ચટાપટાવાળા, પટાદાર.

Goat n. ( ગોટ )=બકરૂં.

Loaded, adj. (લોડેડ)=લાદેલાં.

Kid, n. (કીડ)=બકરીનું બચ્ચું.

Lame, adj. (લેમ)=લુલું.

Bags, n.(બેગ્ઝ)=કોથળા.

Government, n. (ગવર્મેન્ટ)= સરકાર.

Sultan of Turkey, n. ( સુલ્તાન ઓફ ટર્કી )=તુર્કીના સુલતાન.

Charge, n. ( ચાર્જ )=કબજો.

Native, adj. ( નેટિવ )=દેશી.

Rulers, n. ( રૂલર્સ )=રાજ્યકર્તાઓ.

Spears, n. (સ્પીઅર્સ)=ભાલા.

Peace, n. ( પીસ)=સુલેહશાંતિ.

રેતીનું રણ એક મોટું મેદાન છે જેમાં કાંઈ ઉગતું નથી. ઘણાં ખરાં રણો રેતીથી ભરેલાં હોય છે. તેમાં ઝાડ, ફુલ કે ઘાસ હોતી નથી; તેમાં જ્યાં સુધી નજર પહોંચી શકે ત્યાં સુધી ગરમ સુકી રેતી શિવાય કાંઈ હોતું નથી.

અરબસ્તાનમાં અને કેટલાક બીજા ગરમ દેશોમાં ઘણી ખરી જમીન રણ હોય છે. ત્યાં વરસાદ કોઈ દિવસ ભાગ્યેજ પડે છે. ત્યાં આકાશમાં વાદળાં હોતાં નથી અને સૂર્ય આખો દિવસ પ્રચંડ ગરમીથી પ્રકાશે છે.

અરબસ્તાનના લોકો આરબ કહેવાય છે. ચિત્રમાં તમે તેમાંના થોડાને જોઈ શકો છો. તેઓ સુરજની ગરમી અટકાવવા માટે લાંબાં, ઢીલાં અને સફેદ કપડાં પહેરે છે.

રેતીના સમુદ્રમાં ટાપુઓની માફક અહીં તહીં છૂટીછવાઇ ખુશનુમા લીલાં સ્થળો હોય છે. આ સ્થળોએ પાણી મળે છે અને ત્યાં સામાન્ય રીતે ઘાસ અને છાયાવાળાં તાડનાં ઝાડ હોય છે. આવી જગ્યાને ઓએસિસ કહેવાય છે.

કેટલાક ભટકતા આરબોએ જ્યાં જ્યાં પોતાનાં જાનવરો માટે પાણી અને ઘાસ, અને ફળ તથા છાંયડો આપવા સારૂ તાડનાં ઝાડ મળી આવે ત્યાં ત્યાં તેઓ ચોકસ પોતાના તંબુઓ ઉભા કરે છે.

તેઓ ઘરોની અંદર રહેતા નથી. તેઓને પોતાનાં ઘેટાંબકરાંનાં ટોળાં સારૂ ઘાસ શોધવાને માટે ઘણી વખત રેતાળ પ્રદેશ ઓળંગવો પડે છે; અને તેથી તેઓ તંબુઓમાં રહે છે જે એક લીલોતરીવાળી જગ્યાએથી બીજી લીલોતરીવાળી જગ્યાએ સહેલાઇથી ખસેડી શકાય છે.

ત્યાં મુસાફરી કરવા માટે રેલ્વે હોતી નથી અને ગાડીઓ માટે રસ્તા હોતા નથી. કેટલીક વખત ત્યાં લોકો ઘોડે પણ બેસી શકતા નથી કારણ કે ઘોડા નરમ સુકી રેતીમાં ખુંચી જાય છે. ત્યારે આરબો રણમાં કેવી રીતે મુસાફરી કરી શકે છે ?

કદાચ તમે 'રણના વહાણ' વિષે સાંભળ્યું હશે. ઉંટને ઘણી વાર જે નામ આપવામાં આવે છે તે આ નામ છે, કારણ કે ફક્ત ઉંટ ઉપરજ માણસો એક લીલી જગ્યાએથી બીજી લીલી જગ્યાએ રેતીના મોટા સમુદ્રને ઓળંગી શકે છે.

ઉંટના પગ પહોળા હોય છે અને તે ઢીલી રેતીમાં ખુંચી જતા નથી. તે પાણી વગર અને ઘણા ઓછા ખોરાકથી લાંબો વખત સુધી મુસાફરી કરી શકે છે.

ચિત્રમાં આપણે રણની પીળી રેતી અને ઉંડું ભુરૂં આકાશ જોઇએ છીએ. આરબોની એક ટોળીએ પોતાની મુસાફરી હમણાંજ પુરી કરી છે. બકરાના વાળના બનાવેલા પટાદાર કપડાથી ઢંકાએલો એક તંબુ ઉભો કરવામાં આવ્યો છે. તે ટોળીના કેટલાક પોતાના લાદેલા ઉંટ ઉપર ચાલ્યા આવે છે.

બકરાંઓ લાંબે સુધી ચાલ્યાં છે અને બકરીનું એક બચ્ચું લુલું થઈ ગયું છે. એક છોડી તેને પોતાના હાથમાં લઈ જાય છે; જ્યારે તેની મા તેણીની બાજુએ ચાલે છે.

સૌથી નજીકના ઉંટ ઉપરના મોટા કોથળા જુઓ. ઉંટ ઘણા ભારે બોજા લઈ જઇ શકે છે; પણ કહેવત છે કે 'છેવટનું તરણું ઉંટની પીઠ ભાંગી નાંખે છે.'

અરબસ્તાન લાંબા વખત સુધી તુર્કીના સુલ્તાનની હકુમતમાં હતું; પણ હવે તે દેશી રાજાઓના અધિકારમાં છે. રણના આરબો ઘણી વખત એક બીજા સાથે લડે છે અને તેઓ જ્યાં જાય ત્યાં બંદુકો અને ભાલા લઇ જાય છે. ચિત્રમાં આ જોઇ શકાય છે.

---

# Lesson 11=પાઠ ૧૧ મો.

Rest, adj. (રેસ્ટ)=બાકીના. | Toes, n.(ટોઝ)=પગની આંગળીઓ.

## The Calender=પંચાંગ.

Calender, n. (કૅલેન્ડર)= પંચાંગ.

Month, n. (મન્થ)=મહીનો.

Twenty-ninth, adj. (ટવેન્ટી નાઇન્થ)=ઓગણત્રીસમો.

April, n. (એપ્રીલ)=એપ્રીલ મહીનો. [કાલે.

Yesterday, n. (યસ્ટરડે)=ગઈ

Twenty-eighth, adj.(ટવેન્ટી એઇટથ)=અઠ્ઠાવીસમો. [ત્રીસમો.

Thirtieth, adj. (થર્ટીએથ)=

May, n. (મે)=મે મહીનો.

Week, n. (વીક)=અઠવાડીયું.

Born, v. t. (બૉર્ન)=જન્મેલો.

Christened, v. t. (ક્રીસન્ડ) ખ્રીસ્તી કરવામાં આવ્યો.

Married, v. t. (મૅરીડ)=પરણ્યો.

Sickened, v. t. (સીકન્ડ)= માંદો પડયો. | ખરાબ હાલતમાં.

Worse, adj. (વર્સ)=વધારે

Buried, v. t. (બૅરીડ)=દાટવામાં આવ્યો.

Year, n. (ઇયર)=વર્ષ.

To name, v. t. (ટુ નેઇમ) =નામ દેવું. [જાન્યુઆરી.

January, n. (જાન્યુઆરી)=

Monday, n. (મન્ડે)=સોમવાર.

Sunday, n. (સન્ડે)=રવિવાર.

Saturday, n. (સેટરડે)=શનિવાર.

Tuesday, n. (ટયુઝડે)=મંગળવાર. [બુધવાર.

Wednesday, n. (વેડનસડે)=

Thursday, n. (થર્સડે)=ગુરૂવાર.
Friday, n. (ફ્રાઇડે)=શુક્રવાર.
Holidays, n. (હૉલીડેઝ)=તહેવારો. [ અર્થ વગરનું.
Nonsense, adj. (નૉનસેન્સ)=
Rhyme, n. ( રાઇમ )=ગીત.
Solomon grundy, ( સૅાલૅામન ગ્રન્ડી )=નામ છે.
Tenth, adj. (ટેન્થ)=દસમો.
Eleventh, adj. ( ઇલેવન્થ )= અગીઆરમો.
Twelth, adj. (ટવેલ્થ)=બારમો.
Therteenth, adj. ( થર્ટીન્થ) =તેરમો. [ ચૌદમો.
Fourteenth, adj, (ફોરટીન્થ)=
Fifteenth, adj. (ફીફ્ટીન્થ)= પંદરમો. [ ફેબ્રુઆરી.
February, n. ( ફેબ્રુઆરી )=
March, n. (માર્ચ)=માર્ચ.
June, n. (જુન)=જુન.
July, n. ( જુલાઈ )=જુલાઈ.
August, n. (ઑાગસ્ટ)=ઓગસ્ટ.
September, n. (સપ્ટેમ્બર)= સપ્ટેમ્બર. [ ઓક્ટોબર.
October, n. ( ઑાક્ટોબર )=
November, n. ( નવેમ્બર )= નવેમ્બર. [ ડીસેમ્બર.
December n. ( ડીસેમ્બર )=
Excepting, pre. p. ( એક્સેપ્ટીંગ )=શિવાય.
Same, adj. (સેઇમ)=તેટલીજ.
Alone, adj. (એલોન)=એકલા.
Is added, v. t. (ઇઝ એડેડ) =ઉમેરવામાં આવે છે.
Leap year, n. ( લીપ ઇયર) ૩૬૬ દિવસનું વર્ષ.
Hundred, adj. (હન્ડ્રેડ)=સો.
Sixty-five, adj. ( સીક્સ્ટી ફાઇવ )=પાંસઠ. [ બાવન.
Fifty-two, adj. (ફીફ્ટી ટુ)=

શિક્ષક—આજે કેટલામી તારીખ છે?

પહેલો છોકરો—ઓગણત્રીસમી છે.

શિક્ષક—આ કયો મહિનો છે?

બીજો છોકરો—એપ્રીલ. આજે એપ્રીલ મહીનાની ઓગણત્રીસમી તારીખ છે.

શિક્ષક—ગઇ કાલે કેટલામી હતી?

ત્રીજો છોકરો—ગઇ કાલે એપ્રીલ મહીનાની અઠાવીસમી તારીખ હતી.

શિક્ષક—આવતી કાલે કેટલામી થશે ?

ચોથો છોકરો—એપ્રીલ મહીનાની ત્રીસમી તારીખ, તે મહીનાનો છેલ્લો દિવસ થશે.

શિક્ષક—પરમ દિવસે કેટલામી થશે ?

પાંચમો છોકરો—પછીના મહીનાની પહેલી તારીખ થશે; ( that is = ) એટલે કે મે મહીનાની પહેલી થશે.

શિક્ષક—આજે અઠવાડીઆનો કયો દિવસ છે ?

છઠ્ઠો છોકરો—આજે સોમવાર છે.

શિક્ષક—ગઇ કાલે કયો વાર હતો ?

સાતમો છોકરો—ગઇ કાલે રવિવાર હતો. પરમ દિવસે શનિવાર હતો.

શિક્ષક—અઠવાડીઆના દિવસો રવિવાર, સોમવાર, મંગળવાર, બુધવાર, ગુરૂવાર, શુક્રવાર અને શનિવાર છે. આ દિવસોમાંના તહેવારના દિવસો કયા છે ?

આઠમો છોકરો—શનિવાર અને રવિવાર તહેવારના દિવસો છે.

શિક્ષક—અઠવાડીયાના દિવસો વિષે અર્થ વગરનું એક ગીત આ રહ્યું :—સોલોમન ગ્રન્ડી સોમવારે જનમ્યો, મંગળવારે ખ્રીસ્તી થયો, બુધવારે પરણ્યો, ગુરૂવારે માંદો પડયો, શુક્રવારે વધારે ખરાબ હાલત થઇ, શનિવારે મરણ પામ્યો અને રવિવારે દાટવામાં આવ્યો. આ સોલોમન ગ્રન્ડીનો અંત છે.

વર્ષમાં કેટલા મહીના છે ?

નવમો છોકરો—વર્ષના બાર મહીના છે.

શિક્ષક—તેમનાં નામ કહો.

દસમો છોકરો—જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ, એપ્રીલ, મે, જુન, જુલાઇ, ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓકટોબર, નવેમ્બર, ડીસેમ્બર.

શિક્ષક—મહીનાના કેટલા દિવસ હોય છે ?

અગીઆરમો છોકરો—બધા મહીનામાં સરખી સંખ્યા હોતી નથી.

કેટલાક મહીનામાં ત્રીસ દિવસ હોય છે, બીજામાં એકત્રીસ હોય છે અને એક મહીનામાં ફક્ત અઠ્ઠાવીસ હોય છે.

શિક્ષક—તમે બધા આ સાથે બોલો :—સપ્ટેમ્બર, એપ્રીલ, જુન અને નવેમ્બરના ત્રીસ દિવસ હોય છે ; બાકીના મહીનાના ફેબ્રુઆરી શિવાય એકત્રીસ દિવસ હોય છે. ફેબ્રુઆરીમાં અઠ્ઠાવીસ દિવસ જણાય છે અને દરેક લીપ વર્ષમાં એક દિવસ ( તેમાં ) ઉમેરાય છે.

લીપ વર્ષ કેટલે વખતે આવે છે ?

બારમો છોકરો—સામાન્ય રીતે દર ચોથું વર્ષ લીપ વર્ષ હોય છે.

શિક્ષક—વર્ષના કેટલા દિવસ હોય છે ?

તેરમો છોકરો—સામાન્ય રીતે વર્ષના ત્રણસો પાંસઠ દિવસ હોય છે.

શિક્ષક—લીપ વર્ષમાં કેટલા દિવસ હોય છે ?

ચૌદમો છોકરો—લીપ વર્ષમાં ત્રણસો છાસઠ દિવસ હોય છે.

શિક્ષક—વર્ષમાં અઠવાડીયાં કેટલાં હોય છે ?

પંદરમો છોકરો—વર્ષમાં બાવન અઠવાડીયાં હોય છે.

---

# Lesson 12= પાઠ ૧૨ મો.

Business, n. ( બીઝનેસ )= કામ-ધંધો.

By no means, ( બાય નો મીન્સ )=કોઇ પણ રીતે નહિ.

## The Jackal and the Ewe Sheep=શિઆળ અને ઘેટી.

Ewe, n. ( યુ )=ઘેટી.

Forked, adj. ( ફૉર્કડ )=કાંટા-વાળી.

Ram, n. ( રૅમ )=ઘેટો.

Chased, v. t. ( ચેઇઝડ )= ની પુંઠ પકડી, પાછળ પડવું.

Hoping, pre. p. ( હોપિંગ ) =આશા રાખવું.

Half-dry, adj. ( હાફ ડ્રાય )= અડધું સુકું.

Tank, n. ( ટેન્ક )=તળાવ.

Stuck, v. i. ( સ્ટક )=ખુંચી ગઇ.

Mud, n. ( મડ )=કાદવ.

Aunt, n. ( આન્ટ )=કાકી.

Nephew, n. ( નેવ્યુ )=ભત્રીજો.

Shoulder, n. (શોલ્ડર)=ખભો.
Master, n. (માસ્ટર)=માલીક.
To follow, v. t. ( ટુ ફૉલો ) =ની પાછળ આવવું.
Dabbu, n. ( ડબ્બુ )=નામ છે.
Bholu, n. ( ભોલુ )=નામ છે.
Blow, n. ( બ્લો )=ફટકો.
To hit, v. t. (ટુ હીટ)=મારવું.
To drag, v. t.(ટુ ડ્રેગ)=ખેંચવું.
Throat, n. (થ્રોટ)=ગળું.
Dear, adj. ( ડીઅર )=વ્હાલા.
Biter, n. ( બાઇટર )=કરડનાર.

એક વખત કોઇએક શિઆળ એક ઘેટીને પકડવાની આશા રાખીને તેની પાછળ પડયું. તે ઘેટી એક અડધા સુકા તળાવમાં દોડી, જયાં તેણી કાદવમાં ખુંચી ગઈ. તે શિઆળ પણ તેની પાછળ જવાની કોશીશ કરતાં કાદવમાં ખુંચી ગયું. પછી શિઆળે કહ્યું " અરે કાકી, આ ખરાબ કામ થયું." તેણીએ જવાબ આપ્યો " અરે ભત્રીજા, જ્યારે મારો માલીક આવશે ત્યારે તરતજ જેટલું ખરાબ કામ થશે તેટલું તે ( આ ) કોઈ રીતે ખરાબ નથી. તે પોતાના ખભા ઉપર એક કડીઆળી ડાંગ લઇને આવશે અને તેની પાછળ બે કુતરા ડબુ અને ભોલુ આવશે. તેની લાકડીનો એક ફટકો તને બે જગ્યાએ વાગશે અને તેના કુતરાઓ તને ગરદન પકડીને બહાર કાઢશે. ત્યારે, વ્હાલા ભત્રીજા, તને ખબર પડશે કે આ કામ જેટલું તે વખતે ખરાબ થશે તેટલું અત્યારે ખરાબ નથી."

કહેવત :—કરડનારો કરડાયો. ( =ખાડો ખોદે તે પડે. )

---

# Lesson 13=પાઠ ૧૩ મો.

## Relationships=સગાઇ.

Table, n. ( ટેબલ )=કોઠો.
Are related, v. t. ( આર રીલેટેડ )=સગાઇ ધરાવે છે.
Named, p. p. ( નેઇમ્ડ )= જણાવેલા.
Line, n. ( લાઇન )=લીટી.

Empress, n. ( એમ્પ્રેસ )= મહારાણી. [ નામ છે.
Frederick, n. ( ફ્રેડરીક )=
Germany, n. (જર્મની)=દેશનું નામ છે. [ =બીજો વીલીયમ.
William II,(વીલીયમ ધી સેકન્ડ)
Duchess,n.(ડચેસ)=ડયુકની સ્ત્રી.
Grand children, n. ( ગ્રાન્ડ ચીલ્ડ્રન )=પૌત્રપૌત્રી.
Great Grand children, (ગ્રેટ ગ્રાન્ડ ચીલ્ડ્રન)=પ્રપૌત્રપ્રપૌત્રી.
Garnd mother, n. ( ગ્રાન્ડ મધર )=દાદી મા.
Great Grand mother, (ગ્રેટ ગ્રાન્ડ મધર )=દાદી કે દાદીની મા.
Cousin, n. ( કઝીન )=પિત્રાઈ, મોસાળ પક્ષનાં ભાઇબેન.

Uncle, n. ( અન્કલ )=કાકા, મામા. [ ફુઈ, મામી.
Aunt, n. ( આન્ટ )=કાકી,
Former, adj.(ફોર્મર)=પહેલાંનો.
Emperor, n. ( એમ્પરર )= શહેનશાહ. [ નામ છે.
Alexandra, n. (એલેકઝાન્ડ્રા)=
Christian, n. ( ક્રીશ્ચન )= નામ છે. [ દેશનું નામ છે.
Denmark, n. ( ડેન્માર્ક )=
Niece, n, ( નીસ )=ભત્રીજી.
To point out, v. t. ( ટુ પૉઇન્ટ આઉટ )=બતાવવું.
Grand father, n. ( ગ્રાન્ડ ફાધર )=દાદા. [ નામ છે.
Norway, n. ( નૉર્વે )=દેશનું
Nephew, n. (નેવ્યુ)=ભત્રીજો, ભાણેજ.

આ કોઠો તેમાં જણાવેલ માણસો એક બીજા સાથે શી રીતે સગાઈ ધરાવે છે તે બતાવે છે. એક નામ ઉપરથી બીજા નામ ઉપર નીચે જતી લીટી બતાવે છે કે પહેલું નામ બાપ કે માનું છે અને બીજું તેના કે તેણીના છોકરાનું છે.

તેટલા માટે આપણે જોઇએ છીએ કે જર્મનીની મહારાણી ફ્રેડરીક અને રાજા એડવર્ડ સાતમા એ મહારાણી વીકટોરીઆનાં પુત્રી અને પુત્ર હતાં. જર્મનીના આગળના શહેનશાહ વીલીઅમ બીજા મહારાણી ફ્રેડરીકના પુત્ર હતા, જે (મહારાણી) જર્મનીના શહેનશાહ ત્રીજા ફ્રેડ-રીકની પત્ની હતી.

રાણી એલેકઝાન્ડ્રા ડેનમાર્કના રાજા ક્રીશ્વન નવમાની પુત્રી હતાં રાજા જ્યોર્જ પાંચમા અને ફાઇફ્નાં ડચેસ તે રાજા એડવર્ડ સાતમાનાં પુત્ર અને પુત્રી છે. પ્રીન્સ ઓફ વેલ્સ તે રાજા પાંચમા જ્યોર્જના પુત્ર છે અને કુંવરી એલેકઝાન્ડ્રા તે ફાઇફનાં ડચેસનાં પુત્રી છે.

જર્મનીનો વીલીયમ બીજો, રાજા જ્યોર્જ પાંચમા અને ફાઇફનાં ડચેસ એ બધાં રાણી વીકટોરીઆનાં પૌત્રપૌત્રી છે, અને પ્રીન્સ ઓફ વેલ્સ અને કુંવરી એલેકઝાન્ડ્રા તેમનાં પ્રપૌત્ર અને પ્રપૌત્રી છે; તેઓ તેમના દાદાની મા થાય. પ્રીન્સ ઓફ વેલ્સ અને કુંવરી એલેકઝાન્ડ્રા તે રાજા એડવર્ડ સાતમા અને રાણી એલેકઝાન્ડ્રાનાં પણ પૌત્રપૌત્રી થાય છે.

રાજા જ્યોર્જ પાંચમા અને ફાઇફનાં ડચેસ એ બંને રાજા એડવર્ડ સાતમાનાં છોકરાં છે. તેથી રાજા જ્યોર્જ ડચેસના ભાઇ થાય અને ડચેસ રાજાની બેન થાય; તેઓ ભાઇબેન છે.

રાજા જ્યોર્જ અને ફાઇફ્નાં ડચેસ તે જર્મનીના આગલા શહેન-શાહનાં મોસાળપક્ષથી ભાઇબેન થાય છે. વીલીયમ બીજો રાજા એડવર્ડ સાતમાનો ભાણેજ થાય. અને રાજા એડવર્ડ તે મામા થાય. ફાઇફ્નાં ડચેસ તે એમ્પ્રેસ ફ્રેડરીકનાં ભત્રીજી થાય અને એમપ્રેસ તેમનાં ફઇ થાય. રાણી એલેકઝાન્ડ્રા જર્મનીના વીલીયમ બીજાનાં મામી હતાં.

કોઠામાં બતાવેલી સગાઇઓ હવે તમે બતાવી શકો. તમારા દાદા, દાદી, પિતા, માતા, કાકા, કાકીઓ, ભાઇઓ, બહેનો અને પિત્રાઇ-ઓની સગાઇ બતાવવાને તેના જેવો એક કોઠો બનાવવાનો પણ તમે પ્રયાસ કરો.

# Lesson 14=પાઠ ૧૪ મો.

Etc. ( ઍટસેટેરા )=વિગેરે.

## The Geometry Lesson=ભૂમિતિનો પાઠ.

Geometry, n. ( જ્યોમેટ્રી )= ભૂમિતિ. [ નીચેનો.
Following, adj. (ફૉલોઇંગ)=
Form, n. ( ફૉર્મ )=ધોરણ.
Drew, v. t. ( ડ્રયુ )=દોર્યો.
Blackboard, n. ( બ્લૅકબોર્ડ ) =કાળું પાટીયું. [ ચોરસ.
Square, n. ( સ્કવેર )=સમ-
Sides, n. ( સાઇડ્ઝ )=બાજુઓ.
Equal, adj. ( ઇક્વલ )=સરખી.
Corners, n. (કૉરનર્સ)=ખુણાઓ.
Angle, n. ( ઍન્ગલ )=ખુણો.
Rightangles, n. ( રાઇટઍ-ન્ગલ્સ )=કાટખુણા.
Covers, n. ( કવર્સ )=પુંઠાં.
Leaves, n. ( લીવ્ઝ )=પાનાં.
Inches, n. ( ઇન્ચીઝ )=ઇંચ, તસુ. ( બ. વ. ).
To draw, v. t. ( ટુ ડ્રૉ )= દોરવું. [ વખત, ચારગણો.
Four times, (ફોર ટાઇમ્સ)=ચાર
Quarter, adj. ( ક્વૉર્ટર )=પા ભાગનો.

Mine, p. ( માઇન )=મારો.
To whiten, v. t. ( ટુ વ્હા-ઇટન )=સફેદ કરવું. [ ખડી.
Chalk, n. ( ચૉક )=ચાક,
To blacken, v. t. (ટુ બ્લેકન) કાળું કરવું. [સીસાપેન.
Pencil, n. ( પેન્સીલ )=
To form, v. t. ( ટુ ફૉર્મ )= બનાવવું. [ સીધી.
Straight, adj. ( સ્ટ્રેઇટ )=
Floor, n. ( ફ્લોર )=જમીન.
Edges, n. ( એજીસ )=કોર, કીનારીઓ. [ લીઓ.
Benches, n. (બેન્ચીસ)=પાટ-
Upright, adj. ( અપરાઇટ )= ઉભી. [ ભાગ પાડતી.
Dividing, pre.p. (ડીવાઇડીંગ)
Middle point, (મીડલ પૉઇન્ટ) =મધ્ય બિંદુ. [ =આડી.
Horizontal, adj. (હૉરીઝૉન્ટલ)
Through, prep ( થ્રુ )=માં થઇને. [ =ડાબા હાથ તરફનો.
Left-hand, adj. (લેફ્ટ હૅન્ડ)

Right hand, adj. ( રાઇટ હૅન્ડ )=જમણા હાથ તરફનો.
Drawings, n.( ડ્રૉઇંગ્ઝ )=આકૃતિઓ.
Size, n. ( સાઈઝ )=કદ.
Triangles, n. ( ટ્રાએન્ગલ્સ )= ત્રિકોણો. [ નંબર આપ્યા.
Numbered, v. t. ( નમ્બર્ડ )=
Beginning, pre. p. ( બીગીનીંગ )=શરૂ કરતાં.

એક વખત શિક્ષકે નીચલો પાઠ હાઇસ્કુલના બીજા ધોરણને આપ્યો. તેણે પહેલાં કાળા પાટીઆ ઉપર એક સમચોરસ ચિતર્યો અને પછી કહ્યું :—"જે ચાર લીટીઓ એક સમચોરસ બનાવે છે તેને સમચોરસની બાજુઓ કહે છે. આ બધી લીટીઓ સરખી છે. સમચોરસની બધી બાજુઓ સરખી હોય છે. આ બાજુ પેલીના જેટલી લાંબી છે.

"હા, સાહેબ; તે બે બાજુઓ સરખી છે."

"સમચોરસને કેટલી બાજુઓ અને કેટલા ખુણા હોય છે ?"

"તેને ચાર બાજુઓ અને ચાર ખુણા હોય છે."

"સમચોરસના ખુણાઓને કાટખુણા કહેવાય છે. કાળા પાટીઆની બાજુઓ કાટખુણાઓ બનાવે છે. કાળા પાટીઆને કેટલા કાટખુણા હોય છે ?"

"સાહેબ, તેને ચાર છે."

"નિશાળના ઓરડામાં કેટલીક સીધી લીટીઓ મને બતાવો."

પછી છોકરાઓએ ભોંયતળિયું અને દિવાલો વચ્ચેની લીટીઓ, ઢળતાં મેજ અને પાટલીઓની કોરો, પોતાની ચોપડીઓનાં પુંઠાં અને પાનાંની કોરો અને બીજી ઘણી સીધી લીટીઓ બતાવી.

પછી શિક્ષકે છોકરાઓને નિશાળના ઓરડામાં કેટલાક કાટખુણા બતાવવા કહ્યું. તેઓએ ઓરડાના ખુણા, પોતાની ચોપડીઓનાં પુંઠાં અને પાનાંના ખુણા અને બીજા કાટખુણા બતાવ્યા.

શિક્ષકે કહ્યું "હવે બે ઇંચ લાંબી બાજુઓવાળો સમચોરસ દોરો. હું કાળા પાટીઆ ઉપર ચાર ઇંચ લાંબી બાજુઓવાળો એક દોરીશ"

"મારો સમચોરસ તમારા કરતા ચોગણો મોટો છે. તમારા સમચોરસ મારા સમચોરસના પા ભાગના છે. હું મારા સમચોરસને ચાકવતી સફેદ કરૂં છું; તેમ તમે તમારાઓને તમારી પેન્સીલોવડે કાળા કરો."

"હવે ચાર ઈંચની બાજુઓવાળો સમચોરસ દોરો. તેના બે સરખા ભાગ પાડતી એક ઉભી લીટી દોરો. આ લીટીનું મધ્યબિંદુ શોધી કાઢો. આ મધ્યબિંદુમાંથી એક આડી લીટી દોરો. હવે સમચોરસના ચાર સરખા ભાગ પડયા છે અને દરેકની બાજુઓ બે ઇંચ ( લાંબી ) છે."

"મોટા ચોરસના ડાબી બાજુના મથાળાના ખુણા તરફના નાના સમચોરસને અને જમણી બાજુના હેઠળના ભાગના ખુણા તરફના નાના સમચોરસને પણ હું ધોળો બનાવું છું. તેજ સમચોરસોને તમે કાળા બનાવો. હવે મારો ડાબી બાજુનો મથાળાનો સમચોરસ ધોળો છે અને તમારો કાળો છે; અને મારો ડાબી બાજુનો નીચેનો સમચોરસ કાળો છે અને તમારો ધોળો છે."

પછી શિક્ષકે કાળા પાટીઆ ઉપર ચાર ઇંચ લાંબી બાજુઓવાળો બીજો સમચોરસ દોર્યો, અને તેના મથાળાના ડાબા હાથના ખુણાથી નીચેના જમણા હાથના ખુણા સુધી તથા મથાળાના જમણા હાથ તરફના ખુણાથી નીચેના ડાબા તરફના ખુણા સુધી સીધી લીટીઓ દોરવાનું એક છોકરાને કહ્યું.

તે છોકરાએ આ કર્યું: અને પછી કાળા પાટીઆ ઉપરના જેવી આકૃતિએ બનાવવાનું બધા છોકરાઓને શિક્ષકે કહ્યું, પણ તેનાથી પા ભાગની.

તેણે તેમને બતાવ્યું કે દરેક સમચોરસ ચાર ત્રિકોણમાં વહેંચાયેલો હતો. તેણે ત્રિકોણને મથાળેથી શરૂ કરીને ૧, ૨, ૩ અને ૪ એવા નંબર આપ્યા અને ૨ અને ૪ થો ત્રિકોણ પોતાની પેન્સીલોવડે કાળા કરવાનું છોકરાઓને કહ્યું.

# Lesson 15=પાઠ ૧૫ મો.

Are hurt, v. t. ( આર હર્ટ )=ને ઇજા થાય છે.

Unkind, adj. ( અનકાઇન્ડ )=દયા વગરના.

Although, conj. ( ઑલધો )=જો કે.

In vain, adv. ( ઇન વેઇન )=વ્યર્થ.

## Dirty Jim=ગંદો જીમ.

Dirty, adj. (ડર્ટી)=ગંદો.

It is reported, ( ઇટ ઇઝ રીપૉર્ટેડ )=એમ કહેવાય છે.

To report, v. t. (ટુ રીપૉર્ટ) =રીપોર્ટ કરવો.

Fit, adj. ( ફીટ )=લાયક.

Pain, n. ( પેઇન )=દુઃખ.

To complain. v. t. ( ટુ કમ્પલેઇન )=ફરીઆદ કરવી.

To survey, v. t. ( ટુ સર્વે ) =જોવું, તપાસવું

Lasting, adj. ( લાસ્ટીંગ )=કાયમની.

Desgrace, n. ( ડીસગ્રેસ )=શરમ.

Clean, adj. ( ક્લીન)=ચોકખો.

Face, n. ( ફેઇસ )=ચહેરો.

Were much hurt, (વેર મચ હર્ટ )=ને ઘણું લાગતું હતું.

Dirt n. ( ડર્ટ )=મેલ.

Quite, adv. ( ક્વાઇટ )=તદ્દન.

Indolent, adj. ( ઇન્ડોલન્ટ )=સુસ્ત.

Mind, n.(માઇન્ડ)=મન.

Pleasure, n. ( પ્લેઝર )=મજા, આનંદ.

Tidy, adj. ( ટાઇડી )=સ્વચ્છ.

Wholesome, adj. (હોલસમ) =તંદુરસ્તી વધે એવો.

Array, n. ( ઍરે )=પોશાક.

Idle, adj. (આઇડલ)=આળસુ.

Lad, n. (લૅડ)=છોકરો.

Decent, adj. (ડીસન્ટ)=સફાઇદાર.

એક નાનો જીમ કરીને છોકરો હતો; તેના વિષે એમ કહેવાય છે અને તે તેને માટે કાયમની શરમનું કારણ છે કે તે પોતાના હાથ જરાપણ સ્વચ્છ હોય એવો જોવામાં આવતો નહિ, તેમ તેનો ચહેરો કદી સ્વચ્છ ન હતો.

તેના મિત્રોને આટલો બધો મેલ જોઇને ઘણું લાગતું અને તેઓ

તેને વારંવાર તદન સ્વચ્છ બનાવતા પણ તે બધું વ્યર્થ જતું–તે ફરીને ગંદો થતો અને જોવા માટે કદી લાયક રહેતો નહિ.

તેઓની ફરીઆદ કરતા સાંભળીને અથવા પોતાના ગંદાં કપડાં જોઇને તેને કાંઇ દુઃખ થતું ન હતું. તેના આળસુ મનને સ્વચ્છ અને તંદુરસ્તી વધારે એવા પોશાકમાં આનંદ જણાતો ન હતો.

આ નાના છોકરા જેવા આળસુ અને ખરાબ (છોકરાંઓને) ને ગંદી રીતભાત ખચીત ગમે પણ સારા છોકરાઓ જો કે તેઓ ઘણા ગરીબ હોય તો પણ તેઓ સફાઇદાર અને સ્વચ્છ જોવામાં આવે છે.

---

# Lesson 16=પાઠ ૧૬ મો.

Since, conj. (સીન્સ)=તેથી, કારણ કે.
Neat, adj. (નીટ)=સુઘડ.
Deceit, n. (ડીસીટ)=છેતરપીંડી.
Seated, v. t. (સીટેડ)=બેસાડી.

## Tha Hare with many friends= ઘણા મિત્રોવાળું સસલું.

Hare, n. (હેર)=સસલું.
Gentle, adj. (જેન્ટલ)=નમ્ર.
Trouble, n. (ટ્રબલ)=મુશીબત.
To help, v. t. (ટુ હેલ્પ)= મદદ કરવી.
Hunter, n. (હન્ટર)=શિકારી.
To chase, v. t. (ટુ ચેઇઝ)= ની પાછળ પડવું. [નજીક.
Close, adv. (કલોઝ)=પાસે,
Cruel, adj. (ક્રુઅલ)=ઘાતકી, નિર્દય.
To feel sure, v. i. (ટુ ફીલ સ્યૂર)=ને ખાત્રી થવી.
Danger, n. (ડેન્જર)=ભય.
To drive away, v. t. (ટુ ડ્રાઇવ અવે)=હાંકી કાઢવું.
Horns, n. (હૉર્ન્સ)=શીંગડાં.
Goat, n. (ગોટ)=બકરો.
Hounds. n. (હાઉન્સ)=શિકારી કુતરા. [રક્ષણ કરવું.
To protect, v. t. (ટુ પ્રોટેક્ટ)=
To step, v. i. (ટુ સ્ટેપ)=પગ મૂકવો.

Sharp, adj. (શાર્પ)=ધારવાળી.
Hoofs, n. (હુફ્સ)=ખરીઓ.
To hurt, v. t. (ટુ હર્ટ)= ઇજા કરવી.
Angry, adj. (ઍન્ગ્રી)=ગુસ્સે.
Quickly, adv. (કવીકલી)= ઝડપથી.
After all, (આફ્ટર ઑલ)= [ આખરે.
To trust, v. t. (ટુ ટ્રસ્ટ)= વિશ્વાસ રાખવો.

એક વખત એક સસલું એટલું માયાળુ અને નમ્ર હતું કે ઘણાં પ્રાણીઓ પોતાને તેના મિત્રો કહેવરાવતા હતા. તેઓએ તેને કહ્યું "જો તું મુશ્કેલીમાં હોય તો અમારી પાસે આવજે, અને અમે તને મદદ કરીશું."

એક દિવસ શિકારીઓએ તે સસલાની પુંઠ પકડવાને પોતાના કુતરા મોકલ્યા. જ્યારે તેને માલમ પડ્યું કે તેઓ પોતાની પાછળ નજીક આવી પહોંચ્યા છે ત્યારે તેણે પોતાના મનમાં કહ્યું કે હવે મને ખાત્રી છે કે મારા મિત્રોમાંથી એક મને મદદ કરશે.

તે પ્રથમ ઘોડા પાસે દોડી ગયું અને કહ્યું "તમે જુઓ છો કે હું ભારે મુશ્કેલીમાં છું. મહેરબાની કરીને મને તમારી પીઠ ઉપર લ્યો (=બેસાડો) અને મને આ નિર્દય કુતરાઓથી ઘણે દૂર લઇ જાઓ."

તે ઘોડાએ કહ્યું "તમને મદદ કરવાનો મને વખત નથી. મારે મારા શેઠને માટે અત્યારે કામ કરવું જોઇએ. તમારા બીજા મિત્રોમાંથી કોઇને કહે; મને ખાત્રી છે કે તેઓ તમને મદદ કરશે."

પછી તે પોતાના મિત્ર ગાય પાસે દોડી ગયું. તેણે કહ્યું "તમે જુઓ છો કે હું ભારે ભયમાં છું. મહેરબાની કરીને તમારાં શીંગડાં-વડે કુતરાઓને હાંકી કાઢો."

પણ તે ગાયે કહ્યું "મારે દોવરાવવા સારૂ જવું જોઇએ. મને ખાત્રી છે કે બકરો તમને મદદ કરશે."

પછી તે સસલાએ પોતાની અને શિકારી કુતરાઓની વચ્ચે ઉભા રહેવાને બકરાને કહ્યું; પણ તે બકરાએ કહ્યું "જો હું તમારૂં રક્ષણ

કરવાનું કરૂં તો કદાચ મારો ધારવાળો ખરીઓવાળો પગ તમારી ઉપર પડે અને તો હું તમને ઇજા કરૂં. (=મારાથી તમને ઇજા થાય). તમારે આપણા મિત્ર ઘેટા પાસે જવું જોઇએ."

તેથી તે સસલું તે ઘેટા પાસે ગયું અને કહ્યું "હું જે મોટી આફતમાં છું તે તમે જુઓ છો. તમે મારૂં રક્ષણ નહિ કરો ?"

પણ તે ઘેટાએ જવાબ આપ્યો "મારે કુતરાઓને ગુસ્સે કરવા ન જોઇએ, કારણ કે કુતરાઓ કેટલીક વખત ઘેટાં તેમજ સસલાંને મારી નાંખે છે."

હવે કુતરાઓ તે સસલાની ઘણા નજીક આવી પહોંચ્યા હતા અને તેણે પોતાના મનમાં કહ્યું કે "જો મારા મિત્રો મને મદદ કરતા નથી તો મારે મારૂં પોતાનું રક્ષણ કરવું જોઇએ." તેથી તે ઘણી ઝડપથી દોડયું અને જલદીથી ભયથી મુક્ત થયું. તેણે કહ્યું "અફસોસ! હું ધારતું હતું કે મારે ઘણા મિત્રો છે પરંતુ આખરે મને માલમ પડે છે કે મારે કોઇ નથી."

આપણે આપણને પોતાને મદદ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ અને આપણને મદદ કરવા માટે બીજા ઉપર વિશ્વાસ રાખવો ન જોઇએ.

---

# Lesson 17=પાઠ ૧૭ મો.

## The Clever Cooly=એક હોંશીઆર મજુર.

Cooly, n. (કુલી)=મજુર.
Agreed, v. t. (ઍગ્રીડ)=કબુલ થયો.
To dig, v. t. (ટુ ડીગ)=ખોદવું.
Money, n. (મની)=પૈસા.
Therefore, conj. (ધેરફૉર)= તેટલા માટે, તેથી.
Dug, v. t. (ડગ)=ખોદ્યું.
Early, adv. (અર્લી)=વહેલો.
Hole, n. (હોલ)=ખાડો.
Half-full, adj. (હાફ્ફુલ)= અડધો ભરેલો.
Earth, n. (અર્થ)=માટી.
Business, n. (બીઝનેસ)=કામ.
A little, adj. (એ લિટલ)=થોડુંક.

Crowbar, n. ( ક્રોબાર )=કોશ.
Upper, adj. (અપર)=ઉપરનું.
To lay down, v. i. ( ટુ લે ડાઉન )=સૂઇ જવું.
Had been buried, ( હેડ બીન બેરીડ )=દટાઇ ગયો હતો.
Neighbours, n. ( નેબર્સ )= પાડોશીઓ.
Were astonished, v. i. (વેર ઍસ્ટોનિશ્ડ)=અજાયબ થયા.
To thank, v. t. (ટુ થૅન્ક)= આભાર માનવો.
Kindness, n. ( કાઇન્ડનેસ )= માયાળુપણું, મહેરબાની.
Headache, n. (હેડેક)=માથાનો દુખાવો.
Trick, n. ( ટ્રીક )=યુક્તિ.
Cleverness, n. ( ક્લેવરનેસ ) =હોંશીઆરી.

એક અમુક મજુર એક ખેડૂત સાથે પૈસાની એક રકમ લઇ એક કુવો ખોદવાને કબુલ થયો. તેટલા માટે તેણે આખો દિવસ ખોદ્યું અને રાત્રે તેણે આશરે ચાર ફુટ ખોદ્યું હતું.

બીજે દિવસે સવારે જ્યારે તે ઘણો વહેલો કુવા પાસે આવ્યો ત્યારે તેને જણાયું કે કુવાની બાજુ અંદર પડી ગઈ હતી અને જે ખાડો તેણે ખોદ્યો હતો તે માટીથી અડધો ભરાઇ ગયો હતો.

તેણે પોતાના મનમાં કહ્યું " આ ખરાબ કામ થયું " પરંતુ થોડો વિચાર કર્યા બાદ તેણે પોતાની કોશ અને ઉપરનું કપડું ( =પહેરણ ) કૂવાની પાસે નીચે મૂક્યાં અને ઘેર ગયો અને સુઇ ગયો.

થોડી વાર પછી ખેડૂત બહાર આવ્યો અને કુવામાં માટી જોઇને તથા તેની નજીક મજુરની કોશ અને પહેરણ પડેલાં જોઇને તેણે ધાર્યું કે તે મજુર માટીમાં દટાઇ ગયો હશે.

તેથી તે ખેડૂતે પાડોશીઓને બોલાવ્યા અને આવવાને તથા તે ગરીબ મજુરને ખોદી બહાર કાઢવાને તેમને કહ્યું.

પાડોશીઓ આવ્યા અને જ્યારે તેમણે લગભગ બધી માટી ખોદી કાઢી ત્યારે કુવા તરફ તે મજુરને આવતો જોઇને તેઓ નવાઇ પામ્યા.

તેણે કહ્યું " કુવામાંથી માટી ખોદી કાઢવામાં આપે બતાવેલી મહેરબાની માટે હું તમારો ઘણોજ આભાર માનું છું."

"આજ સવારે જ્યારે હું અહીં આવ્યો ત્યારે મને માલમ પડયું કે કુવાની બાજુ અંદર પડી ગઈ હતી; પણ મારૂં માથું સખત દુખતું હતું તેથી હું ઘેર ગયો અને સુઈ ગયો. હવે મને ઠીક છે અને મારી કોશ તથા પહેરણ લેવા આવ્યો છું."

કેટલાક પાડોશીઓ મજુરની યુક્તિથી ગુસ્સે થયા પણ બીજાઓ તેની હોંશીયારીથી ખડખડ હસ્યા.

---

# Lesson 18=પાઠ ૧૮ મો.

## Wynken, Blynken, and Nod=

## વિન્કન, બ્લીન્કન અને નોડ.

Sailed off, v. i. ( સેઇલ્ડ
ઓફ )=હંકારી ગયા. [ડાનો.
Wooden, adj. ( વુડન)=લાક-
Shoe, n. (શુ)=જોડો. [બીલોરી.
Cristal, adj. ( ક્રીસ્ટલ )=
Light, n. ( લાઇટ )=પ્રકાશ.
Dew, n. ( ડયુ )=ઝાકળ.
To fish, v. t. ( ટુ ફીશ )=
માછલાં પકડવાં. [=હેરિંગ માછલી.
Herring fish, n. (હેરિંગ ફીશ)
Nets, n. ( નેટસ )=જાળો.
Song, n. ( સૅાન્ગ )=ગીત.
Rocked, v. i. ( રોકડ )=ઝોલાં
ખાધાં, હીંચકા ખાધાં. [નાંખવું.
To cast, v. t. ( ટુ કાસ્ટ =)

Wherever, adv. ( વેરેવર )=
ગમે ત્યાં. [ =ઝબકતા.
Twinkling, adj. (ટવીન્કલીંગ)
Foam, n. ( ફોમ )=ફીણ.
Skies n. ( સ્કાઇઝ )=આકાશ.
Sail, n. ( સેઇલ )=સફર.
Folks n. ( ફોકસ )=લોકો.
Dream, n. ( ડ્રીમ )=સ્વપ્ન.
To dream, v. t. ( ટુ ડ્રીમ)
=સ્વપ્ન આવવું.
They'd=They had. [બચ્ચું.
Little one, n. ( લીટલ વન )
Sped, v. t. (સ્પેડ)=ઝડપવાળી.
Ruffled, v. t. ( રફલ્ડ )=ખળ-
ભળાવ્યાં.

Waves, n. ( વેવ્ઝ )=મોજાં.
Cradle-bed, n. ( ક્રેડલ બેડ) =પારણું.
Wonderful, adj. (વન્ડરફુલ)= અજાયબી પમાડે તેવી.
Sights, n. ( સાઇટસ )=દેખાવો.
Misty, adj.(મીસ્ટી)=ધુમસવાળું.

એક રાત્રે વિન્કન, બ્લીન્કન અને નોડ એક લાકડાના જોડામાં હંકારી ગયા—બીલોરી પ્રકાશની નદી ઉપર ઝાકળના સમુદ્રમાં હંકાર્યું. વૃદ્ધ ચંદ્રમાએ તે ત્રણ જણને પૂછ્યું " તમે ક્યાં જાઓ છો અને તમે શું ઇચ્છો છો ? " વીન્કન, બ્લીન્કન અને નોડે કહ્યું " આ સુંદર દરીઆમાં હેરિંગ માછલી રહે છે તેને પકડવાને અમે આવ્યા છીએ. અમારી પાસે સોનારૂપાની જાળો છે."

તેઓ લાકડાના જોડામાં ઝોલાં ખાતા હતા તે વખતે વૃદ્ધ ચંદ્ર હસ્યો અને તેણે ગીત ગાયું; અને જે પવને તેઓને આખી રાત ( હંકારવામાં ) ઝડપ આપી તેણે ઝાકળનાં મોજાં ખળભળાવ્યાં. જે હેરિંગ માછલી તે સુંદર દરિયામાં રહેતી હતી તે નાના તારાઓ હતા. તારાઓએ વીન્કન, બ્લીન્કન અને નોડ એ ત્રણ માછીમારોને કહ્યું " હવે ફાવે ત્યાં તમે તમારી જાળ નાખો. અમે કદી બીતા નથી."

તેઓએ ઝબકતા ફીણમાં પોતાની જાળો તે તારાઓ ઉપર આખી રાત નાંખી ; પછી તે લાકડાનો જોડો આકાશમાંથી નીચે આવ્યો અને માછીમારોને ઘેર લાવ્યો. તે એવી તો સરસ સફર હતી કે જે બની શકેજ નહિ એમ લાગતું હતું અને કેટલાક લોકોએ ધાર્યું કે તે સુંદર દરીઆ ઉપર હંકારવાનું તેઓએ જે જોયું હતું તે એક સ્વપ્નું હતું. પણ તે ત્રણ માછીમારો વિન્કન, બ્લીન્કન અને નોડનાં નામ હું તમને કહીશ.

વિન્કન અને બ્લીન્કન એ બે નાની આંખો છે અને નોડ એક નાનું માથું છે અને જે લાકડાનો જોડો આકાશ તરફ હંકારી ગયો તે એક નાના બચ્ચાનું પારણું છે. તેથી જ્યારે જે અજાયબી પમાડે તેવા દેખાવો હોય તે વિષે મા ગાય ત્યારે તમારી આંખો મીંચી દ્યો, અને

જ્યારે તમે તે ધુમસવાળા દરીઆમાં કે જેમાં વિન્કન, બ્લીન્કન અને નાડ એ ત્રણ માછીમારોને તે બુઢા લાકડાના જોડાએ હીંચકા ખવરાવ્યા તેમાં તમે ઝોલાં ખાઓ ત્યારે તમે સુંદર ચીજો જોશો.

---

# Lesson 19=પાઠ ૧૯ મો.

## A Great Ball=એક મોટો દડો.

Ball, n. ( બૉલ )=દડો.
Earth, n. ( અર્થ )=પૃથ્વી.
Round, adj. ( રાઉન્ડ )=ગોળ.
Whether, conj. ( વેધર )=કે.
Flat, adj. ( ફ્લૅટ )=સપાટ.
Below, adv. ( બીલો )=નીચે.
Sheet, n. (શીટ)=પટ, વિસ્તાર.
To meet, v. t. (ટુ મીટ)=મળવું.
Curved, adj. ( કર્વ્ડ )=વાંકી.
Horizon, n. ( હોરાઇઝન )= ક્ષિતિજ.
Except, prep. ( એકસેપ્ટ )= સિવાય.
Hills, n. ( હિલ્સ )=ટેકરીઓ.
Seashore, n. (સીશોર)=દરીઆ કિનારો.
Shore, n. ( શોર )=કિનારો.
Yourselves, p. ( યૉરસેલ્વઝ )= તમારી જાતે.
Really, adv.(રીઅલી)=ખરેખર.
Cliff n. ( ક્લીફ )=ટેકરી.
Steamer, n. (સ્ટીમર)=આગ-બોટ.
Still, adv. (સ્ટીલ)=હજુ.
Shape, n. (શેઇપ)=આકાર.
Is round, ( ઇઝ રાઉન્ડ )=ગોળ હોય છે.
Beyond, adv. (બાયૉન્ડ)=પેલી પાર.
Huge, adj. ( હ્યુજ )=મોટો.
Curve, n. ( કર્વ )=વાંક.

ઘણાખરા છોકરા અને છોકરીઓ જાણે છે કે ચંદ્રની માફક પૃથ્વી ગોળ છે. તેઓને એ પ્રમાણે ઘણી વખત કહેવામાં આવ્યું છે, પણ પૃથ્વી ગોળ છે એ તેઓએ પોતે કદી જોયું નથી. તેઓ જમીન તરફ જુએ કે દરીઆ તરફ જુએ, તો પણ જ્યાં ટેકરીઓ છે તે શિવાય પૃથ્વી હંમેશાં સપાટ દેખાય છે.

મારી સાથે દરીઆ કિનારે આવો અને ત્યાં તમે તમારી જાતે જોશો કે પૃથ્વી ખરેખર ગોળ છે અને સપાટ નથી.

અહીં આપણે કિનારે છીએ. આપણે ઉંચી ટેકરી ઉપર ઉભા છીએ અને ઘણે નીચે મછવા અને વહાણો જેના ઉપર હંકારે છે તે દરીઆ તરફ જોઇએ છીએ.

દરીઓ પાણીના એક સપાટ વિસ્તાર જેવો દેખાય છે અને જમીન-થી ઘણે આઘે તે આકાશને એક વાંકી લીટીમાં મળતો દેખાય છે. આને ક્ષિતિજ કહેવામાં આવે છે.

હવે ચાલો આપણે ટેકરી નીચે જઇએ. ત્યાં આપણે પહેલાંના કરતાં ઓછું પાણી જોઇએ છીએ. જે આગબોટને આપણે ઘણે દુર ક્ષિતિજ ઉપર જોઈ હતી તે હવે દૃષ્ટિ બહાર થઇ ગઇ છે (=દેખાતી નથી.)

આનું કારણ એ નથી કે આગબોટ આઘે જતી રહી છે. ટેકરીની ટોચ ઉપરનાં માણસો હજુ તેને જોઇ શકે છે. આપણે તે શા માટે જોઇ શકતા નથી ? કારણ કે દરીઆનો એક ભાગ હવે આપણી તથા આગબોટની વચ્ચે છે.

આ આપણને દરીઆના આકાર વિષે કાંઇક જણાવે છે, નહિ વારૂ? તે આપણને જણાવે છે કે દરીઓ દેખાય છે તેવો સપાટ નથી પણ નીચી ટેકરી જેવો ગોળ થએલો છે. તેથીજ આપણે ક્ષિતિજની પેલી તરફના પાણીને જોઈ શકતા નથી.

આ પ્રમાણે આપણે આપણી જાતે જોઇએ છીએ કે દરીઓ સપાટ નથી પણ વાંકવાળો છે. દરીઆના દરેક ભાગ ઉપર આ વાંક એક સરખો જણાય છે. આ બતાવે છે કે પૃથ્વી એક મોટો દડો હોવી જોઇએ.

# Lesson 20=પાઠ ૨૦ મો.

During, prep. ( ડયુરીંગ )=માં.

To stay away, v. i. ( ટુ સ્ટે અવે )=ગેરહાજર રહેવું.

## Odysseus and the Cyclops.—I

## ઑડીસ્યસ અને સાઇક્લૉપ્સ.—ભાગ ૧

Odysseus, n. ( ઑડિસ્યસ )= નામ છે.

Cyclops, n. ( સાઇકિલૉપ્સ )= [એક આંખવાળા રાક્ષસો.

Brave, adj. ( બ્રેવ )=બહાદૂર.

Cunning, adj. (કનીંગ)=પક્કો, લુચ્ચો.

Blind, adj.(બ્લાઇન્ડ)=આંધળો.

Poet, n. (પોએટ)=કવિ.

Thousand, adj. (થાઉઝન્ડ)= [હજાર.

Ago, adv. ( એગો )=અગાઉ.

Wrote, v. t. (રોટ)=લખ્યું હતું.

Poem, n. ( પોએમ )=કાવ્ય.

Wandered, v. i. ( વૉન્ડર્ડ ) =રખડયો, ભટકયો.

Island, n. ( આઇલેન્ડ )=ટાપુ, [બેટ.

Ithaca, n. (ઇથાકા)=નામ છે.

Wandering, n. (વૉન્ડરીંગ)= રખડપટ્ટી.

Adventures, n. (એડવેન્ચર્સ) [સાહસ કામો.

One–eyed, adj. (વન આઇડ) એક આંખવાળા.

Giants, n. (જાયન્ટસ)=રાક્ષસો.

Cruel, adj. ( ક્રુઅલ )=ઘાતકી.

Forehead, n. (ફોરહેડ)=કપાળ.

Begged, v.t.(બેગ્ડ)=વિનંતિ કરી.

To listen, v. t. (ટુ લીસન) =સાંભળવું.

Sunset, n. (સનસેટ)=સૂર્યાસ્ત.

Polyphemus, n. (પૉલીફિમસ) =નામ છે.

Shoulder, n. (શૉલ્ડર)=ખાંધ, [ખભો.

Logs, n. ( લૉગ્ઝ )=કકડા.

Noise, n. ( નૉઇઝ )=અવાજ.

Were frightened, v. t.( વેર-ફ્રાઇટન્ડ )=બીન્યા.

Inner, adj. ( ઇનર )=અંદરના.

Doorway, n. (ડોરવે)=બારણું.

Ewe, n. ( યુ )=ઘેટી.

Spied, v. t. ( સ્પાઇડ )=જોયા.

Strangers, n. ( સ્ટ્રેન્જર્સ )= અજાણ્યા માણસો.

Storm, n. ( સ્ટૉર્મ )=તોફાન.

Leapt, v. i. ( લેપ્ટ )=કુદ્યો.
Took hold of, ( ટુક હોલ્ડ ઓફ્ )=ને પકડયાં.
Dashed, v. t. (ડેશ્ડ)=પછાડયાં.
Pieces, n. ( પીસીસ )=કકડા.
Fed, v. i. ( ફેડ )=ચરતાં હતાં.
Caves, n. ( કેવ્ઝ )=ગુફાઓ.
Crew, n. ( ક્રુ )=ખલાસીઓ.
Slept, v. i. ( સ્લેપ્ટ )=ઉંઘ્યા.
Skin, n. ( સ્કીન )=ચામડાનો કુપો, પખાલ. [ દૂર જમીન.
Inland, n. (ઇનલૅન્ડ)=દરીઆથી
Presses, n. (પ્રેસિસ)=કબાટો.
Cheese, n. ( ચીઝ )=પનીર.
Vessels, n. (વેસેલ્સ)=વાસણો.
Cream, n. ( ક્રીમ )=મલાઇ.
Pens, n. ( પેન્સ )=વાડા.
Stretched, v.t.(સ્ટ્રેચ્ડ)=લંબાવ્યો
Floor, n. ( ફ્લોર )=જમીન.
Wept, v. i. ( વેપ્ટ )=રડયા.
Prayed, v. t. ( પ્રેડ )=પ્રાર્થના કરી. [ છુટવું તે.
Escape, n. ( એસ્કેપ )=નાસી
To stab, v. t. ( ટુ સ્ટૅબ )= ભોંકીને મારી નાંખવું.
Sword, n. ( સૉર્ડ )=તલવાર.
Remembered, v. t. ( રીમેમ્બર્ડ )=યાદ આવ્યું.
To roll away, v. t. ( ટુ રોલ અવે )=ગબડાવી નાંખવું.
Determined, v. t. ( ડીટરમીન્ડ )=નક્કી કર્યું.

એક સમયે ઓડિસ્યસ નામે એક ઘણો બહાદૂર અને પક્કો માણસ હતો. હોમર નામના ગ્રીસ દેશના એક આંધળા કવિએ આશરે ત્રણ હજાર વર્ષ પૂર્વે ઓડિસ્યસ વિષે એક લાંબું કાવ્ય લખ્યું હતું.

ઓડિસ્યસ દસ વર્ષ સુધી કેવી રીતે ભટકયો અને છેવટે ઇથાકાના ટાપુમાં પોતાને ઘેર પાછો કેવી રીતે આવ્યો તે આ કાવ્યમાં તે આપણને કહે છે. તેની રખડપટ્ટી દરમીયાન તેણે ઘણાં સાહસ ખેડયાં હતાં; અને સાઇકલોપ્સ જે એક આંખવાળા રાક્ષસ હતા તેમના દેશમાં તેનાં સાહસિક કામ વિષે હું તમને હમણાં કહેવાનો છું.

આ ઘાતકી રાક્ષસો એક ઘણા દૂરના ટાપુ ઉપર રહેતા હતા. તેઓ ઝાડ જેટલા ઉંચા હતા અને દરેકને તેના કપાળના મધ્ય ભાગમાં એક ગોળ આંખ હતી.

તેઓ ઘેટાં અને બકરાં રાખતા હતા; જે આખો દિવસ ખેતરોમાં ચરતાં હતાં અને રાત્રે જે ગુફાઓમાં રાક્ષસો રહેતા હતા તેમાં ઘેર હાંકી જવામાં આવતાં હતાં.

એક રાત્રે ઓડિસ્યસ અને તેના ખલાસીઓ પોતાના વહાણમાં આ એક આંખવાળા રાક્ષસોના દેશમાં આવી પહોંચ્યા. તેઓ પોતાના વહાણમાંથી ઉતર્યા અને દરીઆના કિનારા ઉપર સૂતા અને સવાર સુધી ઉંઘ્યા. બીજે દિવસે વહેલા ઓડિસ્યસ અને તેના બાર ખલાસીઓ પોતાની સાથે દારૂથી ભરેલી એક પખાલ અને ખોરાકનો એક થેલો લઇને, જ્યાં સુધી તેઓ એક સાઇકલોપ્સની ગુફાએ પહોચ્યા ત્યાં સુધી અંદરના ભાગમાં ગયા.

આ સાઇકલોપ્સ પોતાનાં ઘેટાં ચારવા ઘરથી બહાર ગયો હતો, તેથી ઓડિસ્યસ અને તેના ખલાસીઓ ગુફામાં ગયા અને ત્યાં પનીરથી ભરેલાં કબાટો, મલાઇવાળા દૂધથી ભરેલાં વાસણો અને ઘેટાનાં તથા બકરીનાં બચ્ચાંથી ભરેલા સંખ્યાબંધ વાડા જોયા.

ઘેટાનાં તથા બકરીનાં બચ્ચાંને એકદમ વહાણ તરફ હાંકી જવા ખલાસીઓએ ઓડિસ્યસને વિનંતિ કરી. તેણે તેમનું સાંભળ્યું નહિ, પણ કહ્યું કે જ્યાં સુધી સાઇકલોપ્સ પાછો આવે ત્યાં સુધી હું ગુફામાં રોકાઇશ.

સૂર્યાસ્ત વખતે તે રાક્ષસ ( જેનું નામ પોલીફેમસ હતું ) સંખ્યાબંધ સુકી લાકડીઓ તથા લાકડાના કટકા લઇને ઘેર આવ્યો, અને તે તેણે મોટો અવાજ કરીને નીચે નાંખ્યાં.

ફક્ત એક આંખવાળા મોટા રાક્ષસને જોઇને ઓડિસ્યસ અને તેના ખલાસીઓને નવાઈ લાગી અને તેઓ એટલા બધા બીન્યા કે તેઓ પોતે દેખાશે નહિ એવી આશા રાખીને ગુફાના અંદરના ભાગમાં સંતાઇ ગયા.

પોલીફેમસ પોતાનાં ઘેટાં અને બકરાં ગુફામાં હાંકી ગયો અને

બારણાનો રસ્તો એક મોટા પત્થરથી બંધ કરી દીધો. પછી તેણે ઘેટીઓ અને બકરીઓ દોહી અને દેવતા સળગાવ્યો.

દેવતા એટલા બધા પ્રકાશથી સળગ્યો કે તે રાક્ષસે તે અજાણ્યા માણસોને જોયા. તેણે પૂછ્યું "તમે કોણ છો અને અહિં શું કરો છો ?" ઓડિસ્યસે કહ્યું કે તોફાનને લઇને અમે આ ટાપુ તરફ ધસડાઇ આવ્યા છીએ.

તે રાક્ષસે ઓડિસ્યસને જવાબ આપ્યો નહિ પણ તે કુદ્યો, બે ખલાસીઓને પગેથી પકડયા અને તેમનાં માથાં જમીન ઉપર પછાડયાં. પછી તેણે તેમના કકડા કર્યા અને તેમને ખાઇ ગયો; તે પછી તે જમીન ઉપર લાંબો થઈ સૂતો અને ઉંઘી ગયો.

તમને ખાત્રી થઈ હશે કે ઓડિસ્યસ અને તેના માણસો બહુ બીન્યા હતા. તેઓ રડયા અને પોતાના દેવની પ્રાર્થના કરી, અને નાસી છુટવાના માર્ગ માટે આસપાસ જોયું પણ તેમને કાંઇ રસ્તો જડયો નહિ.

ઓડિસ્યસ ઉંઘતા પોલીફેમસને પોતાની તલવાર વડે મારી નાંખવા જતો હતો, ત્યારે તેને યાદ આવ્યું કે ગુફાના બારણાના રસ્તામાંથી પત્થરને ફક્ત રાક્ષસજ ગબડાવી દૂર કરી શકે તેમ હતો. તેથી તેણે તે રાક્ષસને ન મારવાનો નિશ્ચય કર્યો.

---

# Lesson 21=પાઠ ૨૧ મો.

## The Sea=સમુદ્ર.

Surface, n. ( સર્ફેસ )=સપાટી.
Globe, n. ( ગ્લોબ )=પૃથ્વીનો ગોળો.
Oceans, n. (ઓશન્સ )=મહાસાગરો.
Three-quarters, n. ( થ્રી ક્વૉટર્સ )=પોણો ભાગ.
Carefully, adv. (કેરફુલી)=કાળજીપૂર્વક.
Page, n. ( પેઇજ )=પાનું.
True, adj. ( ટ્રુ )=સાચું.
Nearly, adv. ( નિઅર્લી )=લગભગ.
Continents, n. (કૉન્ટિનન્ટસ)=ખંડ.
Europe, n. ( યરપ )=યુરોપ.
Widest, adj. ( વાઇડેસ્ટ )=સૌથી પહોળી.

Bay, n. ( બે )=ઉપસાગર.
Indian, Ocean, n. ( ઇન્ડી-અન ઓશન )=હિંદી મહાસાગર.
East, n. ( ઇસ્ટ )=પૂર્વ દિશા.
West, n. (વેસ્ટ)=પશ્ચિમ દિશા.
To leave, v. t. ( ટુ લીવ )= છોડવું.
Aden, n. ( એડન )=એડન.
Several, adj. ( સેવરલ )=કેટલાક.
To differ, v. t. ( ટુ ડીફર)= [ જુદા પડવું.
Body, n. ( બૉડિ )=ભાગ.
Australia, n. ( ઑસ્ટ્રેલીઆ ) =આસ્ટ્રેલીઆ. [

To imagine, v. t.(ટુ ઇમૅજીન) =કલ્પના કરવી.
Lakes, n. ( લેઇકસ)=સરોવરો.
Moving, adj. ( મુવીંગ)=હાલતું.
Size, n. ( સાઇઝ )=કદ.
Salt, adj. ( સૉલ્ટ )=ખારૂં.
Movement, n. ( મુવમેન્ટ )= ગતિ, હાલચાલ.
Waves, n. ( વેવ્ઝ )=મોજાં.
To rise, v. i. ( ટુ રાઇઝ )= ઉછળવું.
Causes, v. t. ( કૉઝિઝ )= [ ઉત્પન્ન કરે છે.
Roaring, adj. ( રોરિંગ )= ગર્જના કરતાં.

પૃથ્વી ઉપરની બધી જમીન પૃથ્વીના ગોળાની આખી સપાટીનો લગભગ ચોથો ભાગ છે, જ્યારે સમુદ્રો અને મહાસાગરો આશરે પોણો ભાગ છે.

જો તમે પાછલા પાના ઉપરના નકશા તરફ કાળજીથી નજર કરશો તો આ સાચું છે એમ તમે જોશો. તે નકશામાં તમે પૃથ્વીના ગોળાની ફક્ત એક બાજુ, તેની આખી સપાટીનો અડધો ભાગ જુઓ છો.

પૃથ્વીના તે ગોળાર્ધમાં દુનીઆની અંદરની લગભગ બધી જમીન–યુરોપ, એશીઆ, આફ્રીકા, અને ઉત્તર અમેરિકા તથા દક્ષિણ અમેરિકાનો ભાગ છે. પણ આ બધી જમીન તે ગોળાર્ધની સપાટીના અર્ધા કરતાં ઓછો ભાગ અથવા આખી સપાટીના ચોથા કરતાં ઓછો ભાગ રોકે છે.

પૃથ્વીના બીજા ગોળાર્ધ ઉપર જમીન ફક્ત દક્ષિણ અમેરિકાનો

ભાગ. ઓસ્ટ્રેલીઆ અને સંખ્યાબંધ ટાપુઓ છે, જેથી કરીને બીજા ગોળાર્ધનો લગભગ આખો ભાગ દરીઓ છે. તેટલા માટે આપણે જોઇએ છીએ કે પૃથ્વીની સપાટીનો આશરે પોણો ભાગ સમુદ્ર છે અને આશરે પા ભાગ જમીન છે.

તમે કદી સમુદ્ર જોયો છે ? જો તમે ન જોયો હોય તો તે શેના જેવો છે તેની કલ્પના કરવાનો તમારે પ્રયત્ન કરવો જોઇએ. કદાચ તમે મોટાં તળાવો, અથવા સરોવરો કે પહોળી નદીઓ જોઇ હશે. પરંતુ સૌથી મોટા તળાવની કે સૌથી પહોળી નદીની પેલી પાર તમે જમીન જોઇ શકશો.

જો તમે બંગાળાના ઉપસાગરના કિનારા ઉપર ઉભા રહો અને પૂર્વ તરફ જુઓ તો તમે કંઇ જમીન નહિ જુઓ અથવા હિંદી મહા-સાગરના કિનારા ઉપર ઉભા રહો અને પશ્ચિમ તરફ જુઓ તો કંઈ જમીન તમે નહિ જુઓ.

જો તમે એડન કે રંગુન જવા આગબોટમાં મુંબઇ કે મદ્રાસ છોડો તો થોડા કલાકમાં તમને જમીન બીલકુલ નજરે પડશે નહિ, અને તમે કેટલાક દિવસ સુધી જમીન જોશો નહિ.

તેથી સમુદ્ર પાણીના બીજા કોઇ ભાગ કરતાં કદમાં જુદો પડે છે. તમે સૌથી પહોળી નદી કે તળાવની એક પારથી બીજી પાર જોઇ શકશો, પણ તેજ સાથે સમુદ્રનો એક ઘણો નાનો ભાગ જોઇ શકશો.

પણ સમુદ્ર પાણીના બીજા ભાગો કરતાં બીજી રીતે જુદો પડે છે. તે ખારો છે; તેનું પાણી માણસો કે પ્રાણીઓથી પી શકાતું નથી.

તેનું પાણી લગભગ હંમેશાં હાલતું હોય છે. તે હાલચાલને આપણે મોજાં કહીએ છીએ. પવન મોજાં ઉછાળે =( ચઢાવે ) છે, અને જેમ પવન વધારે તેમ મોજાં વધારે ઉછળે છે.

પવન નદીઓ અને તળાવોમાં પણ મોજાં ઉત્પન્ન કરે છે, પણ સમુદ્ર ઉપર આપણે કેટલીક વખત જોઇએ છીએ તેટલાં મોટાં મોજાં

તેમના ઉપર આપણે કદી જોતા નથી. એનું કારણ એ છે કે તે એટલો બહુ મોટો છે.

મોજાં દરીઆ કિનારા ઉપર ગર્જના જેવા અવાજ સાથે ભાગી જાય છે. મદ્રાસમાં મોજાંની ગર્જના કેટલીક વખત રાત્રીના વખતે બે કે ત્રણ માઇલ અંદરના ભાગમાં સાંભળી શકાય છે.

---

# Lesson 22=પાઠ ૨૨ મો.

## Odysseus and the Cyclops.—II.

## ઓડિસ્યસ અને સાઈકલોપ્સ.—ભાગ ૨.

Greeks, n. (ગ્રીક્સ)=ગ્રીસ દેશના લોકો.
Awake, adj. (અવેક)=જાગતા.
Fright, n. (ફ્રાઇટ)=ભય, બીક.
Dawn, n. (ડૉન)=મળસકું, પરોઢીયું.
Supper, n. (સપર)=વાળુ.
Offered, v. t. (ઑફર્ડ)=આપ્યો.
Drank off, v. t. (ડ્રૅન્ક ઑફ)=પી ગયો.
Reward, n. (રીવૉર્ડ)=બદલો.
Beams, n. (બીમ્સ)=કિરણો.
Seized, v. t. (સીઝડ)=પકડયાં.
Breakfast, n. (બ્રેકફાસ્ટ)=નાસ્તો.
Flocks, n. (ફ્લૉક્સ)=ટોળાં.
To wonder, v. t. (ટુ વન્ડર)=અજાયબ થવું.
To escape, v. t. (ટુ એસ્કેપ) નાસી જવું.
Club, n. (ક્લબ)=ડાંગ, ગદા.
Mast; n. (માસ્ટ) વહાણના ડોળ.
Stake, n. (સ્ટેઇક)=ખુંટી, અણીવાળો ભાગ.
Sharpened v. t. (શાર્પન્ડ)=અણીદાર બનાવ્યો.
Sharpened it to a point=ઝીણી અણી કાઢી.
Hardened, v. t. (હાર્ડન્ડ)=[કઠણ કરી.
Point, n. (પૉઇન્ટ)=અણી.
Nobody, n. (નોબડી)=કોઈ નહિ.
Rest, n. (રેસ્ટ)=બાકીનો ભાગ.
Drunken, adj. (ડ્રન્કન)=દારૂના નીશાની.
Upturned, adj. (અપટર્ન્ડ)=[ઉપર, છતો.

Heated, v. t. (હીટેડ)=તપાવ્યો.
Sharpened, adj. (શાર્પન્ડ)=અણીદાર.
Ready, adj. (રેડી)=તૈયાર.
Thrust, v. t. ( થ્રસ્ટ )=ભોંકી દીધું. [ ઉઠયો.
Awoke, v. i. (અવોક)=જાગી
Roar, n. (રોર)=ગર્જના.
Pulled out, v. t. (પુલ્ડ આઉટ) =ખેંચી કાઢી.
Pain, n. (પેઇન)=દુઃખ.
Rushed, v. i. (રશ્ડ)=ધસ્યો.
Easily, adv. (ઇઝીલી)=સહેલાઇથી. [ જગાડયા.
Wakened, v. t. ( વેકન્ડ )=
Gathered, v. i. ( ગૅધર્ડ )= એકઠા થયા.
Hubbub, n. (હબબ)=ધાંધલ.
Tricked, v. t. (ટ્રીકડ)=યુક્તિથી છેતર્યા. [ પહોળા કરેલા.
Stretched, adj. ( સ્ટ્રેચ્ડ )=

આખી રાત તે ગ્રીક લોકો મોટી બીકમાં પરોઢની રાહ જોતા જાગતા પડી રહ્યા. જ્યારે સૂર્યનાં પ્રથમ કિરણો તે ગુફાની અંદર પ્રકાશ્યા ત્યારે પૉલીફેમસ ઉઠયો, પોતાનો દેવતા સળગાવ્યો અને બકરીઓ દોહી. પછી તેણે બે વધુ ખલાસીઓને પકડયા અને તેમનો નાસ્તો કર્યો.

નાસ્તો કર્યા બાદ તેણે બારણાનો મોટો પત્થર ખસેડી નાંખ્યો અને પોતાનાં ઘેટાં અને બકરાં ગુફાની બહાર હાંકયાં. પછી તેણે તે પત્થરને તેની જગ્યાએ પાછો મૂકયો અને ઓડિસ્યસ અને તેના માણસોને હવે પછી તેમાંના કોને ખાવામાં આવશે તે બાબત અજાયબ થતા મેલીને તે પોતાનાં ટોળાંને ટેકરીઓ તરફ હાંકી ગયો.

જ્યારે પોલીફેમસ જતો રહ્યો ત્યારે ઓડિસ્યસ નાસી જવાનો રસ્તો શોધવાનો પ્રયત્ન કરતો હતો. આખરે તેને એક ઘણો સરસ રસ્તો સુઝી આવ્યો અને તે કયો હતો તે આપણે જલદીથી ( =હમણાજ ) જોઇશું.

ઘેટાંના વાડાની બાજુમાં તેણે વહાણના ડોળ જેટલી મોટી રાક્ષસની એક ડાંગ જોઇ. આ મોટી ડાંગમાંથી ઓડિસ્યસે એક ખુંટી કાપી

અને તેને અણીદાર બનાવી. પછી તેણે તે અણીને અગ્નિમાં કઠણ બનાવી અને તે ખુંટીને સંતાડી દીધી.

સાંજે પોલીફેમસ ઘેર આવ્યો અને જ્યારે તેણે પોતાની બકરી દોહી લીધી અને દેવતા સળગાવ્યો ત્યારે તેણે બે વધારે ખલાસીઓને પકડીને મારી નાખ્યા અને વાળુ તરીકે તેઓનું ભક્ષણ કીધું.

પછી ઓડિસ્યસે પોતાની સાથે વહાણમાંથી જે દારૂ લાવ્યો હતો તેમાંથી થોડોક તેણે તેને આપ્યો અને તે રાક્ષસ તે પી ગયો અને થોડા વધારેની માગણી કરી. તેને તે દારૂ એટલો બધો ગમ્યો કે તેણે ઓડિસ્યસને કહ્યું "તારૂં નામ શું છે? હું તને ઇનામ આપવા ઇચ્છું છું."

પછી ઓડિસ્યસે કહ્યું "મારૂં નામ કોઇ **નહિ** છે." રાક્ષસે કહ્યું "વારૂ, કોઈ **નહિ**! આ તારૂં ઈનામ છે કે હું તને સૌથી છેલ્લો ખાઈશ."

પછી પોલીફેમસ બાકીનો દારૂ પી ગયો અને તરતજ નિશાની ઉંઘમાં પડયો. તે પોતાનું મોં ચતું રાખીને સુઈ ગયો અને જ્યારે તે ઉંઘ્યો ત્યારે ઓડિસ્યસે પેલી ખુંટીનો અણીદાર છેડો અગ્નિમાં તપાવ્યો.

પછી જ્યારે બધું તૈયાર થયું ત્યારે તેણે તથા તેના મિત્રોએ રાક્ષસની એક આંખમાં તે ખુંટી ભોંકી દીધી. તે રાક્ષસ જાગ્યો અને મોટી ગર્જના કરીને તે ખુંટી બહાર ખેંચી કાઢી.

પીડાથી બરાડા પાડતો તે ગુફામાં આમતેમ ઓડિસ્યસ અને તેના માણસોને પકડવાનો પ્રયત્ન કરતો ઘુમતો હતો. પણ હવે તે આંધળો થયો હતો. તેથી તેઓ સહેલાઇથી તેના માર્ગમાંથી દૂર રહેવાને શક્તિમાન થયા.

હજુ તે રાક્ષસ પીડાથી બરાડા પાડતો હતો અને તેણે પોતાના પાડોશીઓ જલદીથી જગાડયા (=તેના પાડોશીઓ તરત જાગી ઉઠયા), જેઓ ગુફાની આસપાસ ભેગા થયા અને બોલી ઉઠયા "તને કોણ મારી નાખે છે?"

તેણે બૂમ પાડી "મને **કોઈ નહિ** મારી નાખે છે. મને **કોઈ નહિ** મારી નાખે છે."

તેઓએ કહ્યું "જો તને **કોઈ નહિ** મારી નાખતું હોય તો આ મોટું ધાંધલ તું શા માટે કરે છે?"

તેણે ફરી ફરીને કહ્યું "મને **કોઇ નહિ** મારી નાખે છે."

તે ગાંડો થયો હતો એમ ધારીને રાક્ષસો તેને છોડી ચાલ્યા ગયા અને પોતાને ઘેર જતા રહ્યા. ઓડિસ્યસ પોતે તેમને કેવી રીતે છેતર્યા હતા એ વિચારથી હસ્યો.

પણ હજુ ઓડિસ્યસ અને તેના મિત્રો ભયથી મુક્ત થયા ન હતા. બીજે દિવસે સવારે પોલીફેમસે તે પત્થરને ગબડાવી દીધો અને જો તેઓ ઘેટાં લઇને બહાર જવાનો પ્રયત્ન કરે તો તેમને પકડવાની આશા રાખીને પોતાના હાથ પહોળા કરીને તે બારણામાં બેઠો.

---

# Lesson 23 =પાઠ ૨૩ મો.

## The Arrow and the Song=તીર અને ગીત.

Arrow, n. (ઍરો)=તીર, બાણ.
Shot, v. t. ( શૅાટ )=ફેંક્યું.
Swiftly, adv. ( સ્વીફ્ટલી )= ઝડપથી. [ દૃષ્ટિ.
Sight, n. ( સાઇટ )=નજર,
Flight, n. (ફ્લાઇટ )=ઉડવું તે.
Breathed, v. t. ( બ્રીધ્ડ )= લલકાર્યું.
Keen, adj. ( કીન )=બારીક.
Oak, n. ( ઓક )=ઓકનું ઝાડ.
Unbroke, adj. ( અન્બ્રોક )= ભાંગ્યા વિનાનું. [ શરૂઆત.
Beginning, n. ( બીગીનીંગ )=
Afterward, adv. ( આફ્ટર-વર્ડ )=પછી.
Heart, n. (હાર્ટ)=હૈયું, હૃદય.
Longfellow, n. (લૉન્ગફેલો)= કવિનું નામ છે.

મેં હવામાં એક તીર ફેંક્યું. તે જમીન ઉપર પડ્યું. ક્યાં પડ્યું તે

મેં જાણ્યું નહિ કારણ કે તે એટલી ઝડપથી ઉડયું કે (મારી) નજર તેના ઉડવા પાછળ જઇ શકી નહિ.

મેં હવામાં એક ગીત લલકાર્યું. તે જમીન ઉપર પડયું. કયાં પડયું તે મેં જાણ્યું નહિ કારણ કે એવી બારીક અને જબરી દૃષ્ટિ કોની હોય કે જે એક ગીતની ગતિ પાછળ જઇ શકે?

ત્યાર પછી બહુ લાંબે વખતે એક ઓકના ઝાડમાંથી તે તીર હજી ભાંગ્યા વગરનું મને મળી આવ્યું; અને તે ગીત શરૂઆતથી અંત સુધી મને એક મિત્રના હૃદયમાં પાછું મળી આવ્યું.

---

# Lesson 24=પાઠ ૨૪ મો.

## Boats and Ships=મછવા અને વહાણો.

Logs, n. (લૉગ્ઝ)=પાટડા.
Coasts, n. (કોસ્ટસ)=કીનારા.
Roughly, adv. (રફ્લી)=જેમ તેમ.
Shaped, p. p. (શેઇપ્ડ)=[આકાર કરેલા.
Later, adv. (લેઇટર)=પાછળથી.
To shape, v. t. (ટુ શેઇપ)=ઘાટ બનાવવો.
Hollowed, v. t. (હૅાલોડ)=પોલું [બનાવ્યું.
Lighting, prep. (લાઇટીંગ)=સળગાવવું તે.
Chopping, pre. p. (ચૅાપીંગ)=[કાપીને.
Partly-burnt, adj. (પાર્ટલી બર્ન્ટ)=અધ બળેલું.

Bronze, n. (બ્રૉન્ઝ)=કાંસું.
Trunks, n. (ટ્રન્કસ)=થડ.
Backwaters, n. (બૅકવૉટર્સ) ખાડીઓ.
Leather, n. (લેધર)=ચામડું.
Covered, p. p. (કવર્ડ)=મઢેલી.
Bamboo, n. (બૅમ્બુ)=વાંસ.
Tools, n. (ટુલ્સ)=ઓજાર.
Planks, n. (પ્લૅન્કસ)=પાટીઆં.
Buddhist, adj. (બુદ્ધિસ્ટ)=બૌદ્ધ ધર્મ પાળનાર.
Asoka, n. (અશોક)=અશોક.
Oars, n. (ઓર્સ)=હલેસાં.
Sails, n. (સેઇલ્સ)=સઢ.

To propel, v. t. (ટુ પ્રોપેલ) હંકારવું. [દરીઆઈ મુસાફરીઓ.
Voyages, n. ( વૉયેજીસ )=
Skilful, adj. ( સ્કીલફુલ )= કલાબાજ, હોશીઆર.
Steam-engines, n. ( સ્ટીમ એન્જીન્સ)=વરાળયંત્રો. [ને બદલે.
Instead of, ( ઇનસ્ટેડ ઓફ )=
Steamers, n. ( સ્ટીમર્સ )= આગબોટો.

Sailing, adj. ( સેઇલીંગ )= હંકારવામાં આવતાં.
Change, n. (ચેઈન્જ)=ફેરફાર.
To float, v. i (ટુ ફ્લોટ)=તરવું.
Upright, adj. ( અપરાઈટ )= ટટાર, સીધું. [ વાળવું.
To upset, v. t.(ટુઅપટસે)=ઉંધું
Atlantic, Ocean, n. ( આટલાન્ટીક ઓશન )=આટલાંટિક મહાસાગર.

કયા માણસોએ પહેલવહેલાં મછવા બનાવ્યા અથવા તેમણે તે કેવી રીતે બનાવ્યા તે કોઇ જાણતું નથી. કદાચ પહેલવહેલાંના મછવા ફક્ત લાકડાંના પાટડા હશે. હિંદુસ્તાનના કિનારા ઉપર માછીઓ જે મછવા વાપરે છે તે જેવા તેવા ઘાટના અને ફક્ત ત્રણ પાટડા ભેગા બાંધેલા હોય છે.

પાછળથી માણસો પાટડાનો ઘાટ ઘડીને મછવો બનાવતાં શીખ્યા. તેઓ લાકડાંના પાટડાને તેમાં દેવતા સળગાવીને અને પછી અધબળેલા ભાગને પત્થર તથા કાંસાની કુહાડીઓથી કાપીને પોલો બનાવતા હતા. કોતરી કાઢેલાં ઝાડનાં થડોમાંથી બનાવેલા મછવા હિંદુસ્તાનના પશ્ચિમ કિનારા ઉપરની ખાડીઓમાં વપરાય છે.

વળી તે પછી માણસો મછવા બાંધતાં શીખ્યા. પહેલાં આ (મછવા) બહારથી ચામડાથી મઢેલી મોટી ટોપલીઓ જેવા બનાવવામાં આવતા હતા. આના વાંસના બનાવેલા મછવા હિંદુસ્તાનની ઘણી નદીઓમાં વપરાય છે.

ઓજારો કેવી રીતે બનાવવાં તે જ્યારે માણસોએ શોધી કાઢ્યું ત્યારે ઝાડ કાપીને પાટીઆં બનાવી શકયા અને આ પાટીઆંના મોટા મછવા અને વહાણો બાંધતાં શીખ્યા. હિંદુસ્તાનમાં મહાન બૌદ્ધધર્મી રાજા અશોકના વખત સુધી માણસો આ (=પ્રમાણે) કરતા હતા.

તેઓ પોતાનાં વહાણો હંકારવાને હલેસાં અને સઢ બન્નેનો ઉપયોગ કરતા. જેમ માણસો વધારે મોટાં વહાણો બાંધતાં શીખ્યા તેમ તેઓ

વધારે લાંબી મુસાફરીઓ કરી શકવા લાગ્યા. પછી ખલાસીઓ જેમ વધારે હોંશીઆર થયા તેમ તેઓએ તેથીએ વધારે વહાણ બાંધ્યાં.

લગભગ એક સૈકા પહેલાં હલેસાં અને સઢોને બદલે વહાણ હંકારવામાં વરાળયંત્રનો ઉપયોગ થવા માંડયો. આવી રીતે ચલાવાતાં વહાણોને સ્ટીમશીપો અથવા સ્ટીમરો કહેવામાં આવે છે. તેઓ સઢવાળાં વહાણો કરતાં પાણીમાં ઘણી વધારે ઝડપથી ચાલી શકે છે અને સામા પવનમાં જઇ શકે છે.

તે પછી વહાણો બાંધવામાં બીજો મોટો ફેરફાર થયો. માણસો તેમને લાકડાને બદલે લોઢાનાં તથા પોલાદનાં બનાવવા લાગ્યા.

કદાચ તમે ધારતા હશો કે લોખંડનું વહાણ લાકડાના વહાણ જેટલું સારી રીતે તરે નહિ. લોખંડનું વહાણ તરી શકે કે નહિ તે તમે તમારી જાતે સહેલાઇથી જોઇ શકશો.

તમે એક પતરાનો પ્યાલો લ્યો—જે ખરી રીતે પતરાથી જડેલા લોખંડનો બનાવેલો હોય,—તે પ્યાલાને ટટાર રાખવાને તેમાં થોડું પાણી નાંખો અને તેને પાણીમાં મૂકો. તમે જોશો કે જો તમે તેને ઉંધો કરી નાંખો નહિ અથવા પાણીથી ભરી દ્યો નહિ ત્યાં સુધી તે સારી રીતે તરશે.

હવે લગભગ બધાં વહાણો લોખંડ કે પોલાદનાં બનાવવામાં આવે છે, અને તેમાંનાં કેટલાંક એટલાં બધાં મોટાં હોય છે કે તેઓ કેટલાક હજારો લોકોને લઈ જઈ શકે છે અને તેઓ પાણીમાં એટલાં બધાં ઝડપથી ચાલે છે કે તેઓ આંટલાંટિક મહાસાગર પાંચ દિવસમાં ઓળંગે છે અને મુંબઇથી લંડન ત્રણ અઠવાડીઆમાં જાય છે.

---

# Lesson 25=પાઠ ૨૫ મો.

To remember, v. t. ( ટુ રીમેમ્બર )=યાદ રાખવું.

Composition, n. ( કૉમ્પોઝીશન )=નિબંધ.

To set free, v. t. (ટુ સેટ ફ્રી) છુટા કરવું.
Long, ago, adv. ( લૅાન્ગ એગો )=જુના વખતમાં.
Board, n. ( બોર્ડ )=તુતક.

## Odysseus and the Cyclops.—3

## ઑડીસ્યસ અને સાઇક્લૅાપ્સ.—ભાગ ૩

Osiers, n. ( ઓઝિયર્સ )=નેતરની પટ્ટીઓ.
Rams, n. (રૅમ્સ )=ઘેટા.
In threes, (ઇન થ્રીઝ)=ત્રણ ત્રણ સાથે.
Underneath, prep. (અન્ડરનીથ)=નીચે.
Shouted, v. i. ( શાઉટેડ )=બૂમ પાડી.
Had punished, v. t. ( હૅડ પનીશ્ડ )=શિક્ષા કરી હતી.
Wicked, adj. ( વીકેડ )=દુષ્ટ.
Deeds, n. ( ડીડ્ઝ )=કૃત્યો.
Twisted, v. t. ( ટવીસ્ટેડ )=લપેટયા.
Thick, adj. ( થીક )=જાડા.
Curled up, p. p. (કર્લ્ડ અપ) =ગુંછળું વળીને.
Dawn, n. ( ડોન )=પરોઢ.
Bleated, v. i. ( બ્લીટેડ )=બેં બેં કર્યું.
Felt, v. t. (ફેલ્ટ)=હાથ ફેરવી જોયો.
Loosed, v.t. (લુઝડ)=છુટો કર્યો.
Rapidly, adv. ( રૅપીડલી )=ઝડપથી.
Rowed, v. t. (રૅાડ)=હંકાર્યું.
Vessel, n. (વેસલ)=વહાણ.
Distance, n. ( ડીસ્ટન્સ)=છેટું.
Setting sail, ( સેટીંગ સેઇલ)=સઢ ચઢાવવા.
Pole, n. ( પોલ )=વાંસ.
Thrust, v. t. (થ્રસ્ટ)=હડસેલ્યું.
Strength, n. (સ્ટ્રેન્ગ્થ)=બળ.
Begged, v. t.(બેગ્ડ)=વિનંતિ કરી.
To put out, v. t. ( ટુ પુટ આઉટ )=ફોડી નાંખવું.
To treat, v. t. (ટુ ટ્રીટ)=વર્તવું.
Huge, adj. ( હ્યુજ)=મોટો.
Rock, n. (રૅાક)=ખડક.
Rudder, n. (રડર)=સુકાન.
Bounded, v. i. (બાઉન્ડેડ)=ઉછળતું ચાલ્યું.
Sparkling, adj. (સ્પાર્કલીંગ)=ચળકતાં.

Faded away, v. i. ( ફેઈડેડ અવે )=ઝાંખો થયો.

Was lost sight of, ( વોઝ લોસ્ટ સાઇટ ઓફ )=નજરે દેખાતું બંધ થયું.

ઓડિસ્યસ રાક્ષસના જેટલોજ પક્કો હતો. ઘણો વિચાર કર્યા પછી તેણે પોતાને તથા તેના મિત્રોને માટે નાસી જવાનો રસ્તો શોધી કાઢયો.

જે નેતરની પટીઓથી પોલિફેમસની પથારી બનાવવામાં આવી હતી તે સંખ્યાબંધ નેતરની પટ્ટીઓ તેણે લીધી અને તેના વડે તેણે મોટા ઘેટાઓને ત્રણ ત્રણ સાથે બાંધ્યા. દરેક ત્રણ ઘેટાઓમાંના વચલાની નીચે તેણે પોતાના માણસોમાંના એકેકને બાંધ્યો.

પછી તે ટોળામાંના સૌથી સારા ઘેટાના જાડા ઉનમાં તેણે પોતાના હાથ અને પગ લપેટયા અને તેની નીચે ગુંચળું વળીને પડી રહીને પરોઢીયું થવાની રાહ જોઇ.

જયારે સૂરજ ઉગ્યો ત્યારે ઘેટાંઓ મોટેથી બોલ્યાં અને ચરવા બહાર નીકળ્યાં. પોલીફેમસ જેને હજુએ ભારે પીડા થતી હતી તે તેઓ પસાર થતાં હતાં ત્યારે તેમની પીઠ ઉપર હાથ ફેરવતો હતો.

ઓડિસ્યસ અને તેના માણસો ઘેટાંની પીઠ ઉપર અથવા તેમની વચ્ચે છે કે નહિ તેની પાકી ખાત્રી કરવાની તેની ઇચ્છા હતી. તેઓ ઘેટાઓની નીચે બંધાએલા હશે તેવો તેને જરાએ વિચાર આવ્યો નહિ.

છેલ્લો બહાર આવનાર તે મોટો અને સુંદર ઘેટો હતો કે જે ઓડિસ્યસને લઇ જતો હતો. જેવો તે રાક્ષસ પાસેથી પસાર થઇ ગયો કે તરતજ ઓડિસ્યસ ઘેટાની નીચેથી છુટો થયો અને પોતાના મિત્રોને છૂટા કર્યા.

તે ગ્રીક લોકો ઝપાટાબંધ ઘણાં ઘેટાંઓને વહાણ તરફ હાંકી ગયા અને તેમને વહાણમાં ચઢાવ્યાં. પછી તેમણે પોતાનાં હલેસાં લીધાં અને વહાણને જમીનથી થોડે દૂર હંકાર્યું.

સઢ ચઢાવતાં પહેલાં ઓડિસ્યસે તે રાક્ષસને બૂમ પાડી અને તેને કહ્યું કે દેવોએ તને તારાં દુષ્ટ કૃત્યો માટે સજા કરી છે.

આથી તે રાક્ષસ ઘણો ગુસ્સે થયો. તેણે એક ઉંચી ટેકરીની ટોચ તોડી પાડી અને તે વહાણ તરફ ફેંકી. તે વહાણની આગળ પડી અને તેણે એક મોટું મોજું ઉત્પન્ન કર્યું જેણે (જે મોજાએ) વહાણને કિનારા તરફ હાંકયું (=ધકેલ્યું).

પછી ઓડિસ્યસે એક લાંબો વાંસ લીધો અને વહાણને જમીનથી દૂર હડસેલ્યું. માણસોએ પોતાના સઘળા જોરથી હલેસાં ઉપર કામ કર્યું. (=હલેસાં માર્યાં.) અને તરતજ વહાણ ભયથી મુક્ત થયું.

એક વાર ફરીને ઓડિસ્યસે રાક્ષસને બૂમ મારીને કહ્યું કે જો તારી આંખો કોણે ફોડી એમ કોઈ માણસ પૂછે તો કહેજે કે ઓડિસ્યસે.

જ્યારે પોલીફિમસે આ સાંભળ્યું ત્યારે તેણે ઓડિસ્યસને ફરીને કિનારે આવવા વિનંતિ કરી કે જેથી પોતે તેની પ્રત્યે માયાળુપણું બતાવી શકે અને તેની સાથે સારી રીતે વર્તી શકે. (જ્યારે પોલીફિમસે આ સાંભળ્યું ત્યારે તેણે ઓડિસ્યસને વિનંતિ કરી કહ્યું કે જો તમે કિનારે ફરીને આવો તો હું તમારી પ્રત્યે માયાળુપણું બતાવી શકું અને તમારી સાથે સારી રીતે વર્તી શકું).

પણ ઓડિસ્યસ ફક્ત હસ્યો. પછી તે ગુસ્સે થએલા રાક્ષસે એક બીજો મોટો ખડક વહાણ તરફ ફેંકયો. તે સુકાનની નજીક પડયો અને તેનાથી ફક્ત વહાણ વધારે ઝડપથી આગળ ચાલ્યું.

તે ગ્રીક લોકોએ ખૂબ હલેસાં માર્યાં અને તેમનું વહાણ ચળકતાં મોજાંઓ ઉપર ઉછળવા લાગ્યું. જલદીથી સાઇકલોપ્સનો ટાપુ દૂર ઝાંખો દેખાવા લાગ્યો અને છેવટે ક્ષિતિજ નીચે દેખાતો બંધ થયો

# Lesson 26=પાઠ ૨૬ મો.

Whoever, p. ( હુએવર )= જે કોઈ.

Whomever, p. ( હુમએવર ) =જે કોઇને.

## Writing a Letter=કાગળ લેખન.

Letter, n. (લેટર)=કાગળ, પત્ર.
Post peon, n. (પોસ્ટ પિયુન) =ટપાલનો પટાવાળો.
Headmaster, n. (હેડ માસ્ટર) =મુખ્ય શિક્ષક, મહેતાજી.
Address, n. ( એડ્રેસ)=સરનામું.
Read, v. i. ( રેડ )=વાંચ્યું. Read (રીડ)નું ભૂતકાળ.
Tore off, v. t. (ટોર ઑાફ)= ફાડી નાંખ્યું.
Cover, n. (કવર)=પરબીડીયું.
Clerk, n. (કલાર્ક)=કારકુન.
Collector, n. (કલેકટર)=કલેકટર, જીલ્લાનો વડો અમલદાર.
Had finished, v. t. (હૅડ ફીનીશ્ડ)=પુરો કર્યો હતો.
Sheet, n. (શીટ)=( કાગળનો ) તાવ.
Government, adj. (ગવર્મેન્ટ) [=સરકારી.
Koochperwanipore, n.( કુચપરવનીપુર )=શહેર છે.
Date, n. ( ડેઇટ )=તારીખ.
Page, n. ( પેઇજ )=પાનું.
Dear, adj. (ડીઅર)=વ્હાલા.
Having made, (હૅવિંગ મેઇડ) =કરીને.
Beginning, n. (બીગીનીંગ)= [ શરૂઆત.
Office, n. ( ઑાફિસ )=કચેરી.
To be promoted, inf. (ટુ બી પ્રમોટેડ)=ઉંચી પાયરીએ ચઢાવવો.
To promote, v. t. ( ટુ પ્રમોટ )=ઉંચી પાયરીએ ચઢાવવું.
Head, adj. ( હેડ )=મુખ્ય.
Was satisfied, v. t. ( વૉઝ સૅટિસફાઇડ )=સંતોષ પામ્યો હતો.
Aloud, adv. (એલાઉડ)મોટેથી.
I remain, ( આઇ રીમેઇન ) =હું છું.
Relation, n. (રીલેશન )=સગું.
Affectionate, adj. (ઍફેકશનેટ)=પ્રિય, વ્હાલો.
To sign, v. t. (ટુ સાઇન)=સહી [ કરવી.

Biting, pre. p. (બાઇટીંગ)=કરડતા. [સુકવવું.
To dry, v. t. ( ટુ ડ્રાય )=

Blotting-paper, n. (બ્લૉટિંગ પેપર )=સહીચૂસ.

એક દિવસ ટપાલનો પટાવાળો નિશાળે આવ્યો. તે હેડમાસ્તર માટે બે કાગળ અને છોકરાઓમાંના એકને માટે એક કાગળ લાવ્યો. તે છોકરાએ પોતાનો કાગળ લીધો અને પ્રથમ સરનામું જોયું.

તેણે તે વાંચ્યું પણ તે કાગળ કોની તરફથી આવ્યો હતો તેની તેને ખબર પડી નહિ. શિક્ષકે કહ્યું કે ગોવિંદ, તારો કાગળ ફોડ. તે કોની તરફથી આવ્યો છે તે બહારની બાજુએ જોવાથી તું કહી શકીશ નહિ.

ગોવિંદે પરબીડીઆનું મથાળું ફાડી નાંખ્યું અને પોતાનો કાગળ બહાર કાઢયો. તે અંગ્રેજીમાં લખેલો હતો તેથી તેણે સહેલાઈથી તે વાંચ્યો. તે તેના ભાઇ રમણ તરફથી હતો, જે ( રમણ ) આશરે વીસ માઇલ દૂર (આવેલા) શહેરમાં કલેકટરની કચેરીમાં કારકુન હતો.

તેમાં રમણે ગોવિંદને જણાવ્યું હતું કે મારી તબીઅત સારી છે અને જલદીથી ઉંચી પાયરીએ ચઢવાની મને આશા છે. તેણે વળી જણાવ્યું હતું કે હેડ કલાર્કની મારા ઉપર મેહેરબાની છે અને કલેકટર સાહેબ પોતે મારા કામથી સંતોષ પામ્યા છે.

ગોવીંદ પોતાના કાગળથી ઘણો ખુશી થયો અને તેણે શિક્ષકને કહ્યું કે મહેરબાન સાહેબ, હું મારો કાગળ બીજા છોકરાઓ આગળ વાંચું ? તે કોની તરફથી આવ્યો હતો તે શિક્ષકે પૂછયું અને જ્યારે ગોવિંદે કહ્યું કે તે મારા ભાઇ રમણ તરફથી આવ્યો છે ત્યારે શિક્ષકે તેને તે મોટેથી વાંચવા કહ્યું.

જ્યારે તેણે પુરૂં કર્યું ત્યારે શિક્ષકે કહ્યું કે ઘણો સારો કાગળ છે. તારો ભાઇ અહીંઆ નિશાળમાં કાગળ લખતાં શિખ્યો હતો, અને કાગળ કેવી રીતે લખવો તે શીખવાનો તમારા બધાને માટે વખત થયો છે. તમે દરેક જણ તમને ખુશી પડે તેના ઉપર એકેક કાગળ લખો. પછી તેણે દરેક છોકરાને પૂછયું કે તું કોના ઉપર લખવાનું પસંદ કરે છે અને જ્યારે દરેક જણે જવાબ આપી દીધો ત્યારે તેણે કહ્યું કે

કાગળ કેવી રીતે લખવો તે હવે હું તમને કહીશ. દરેક જણ એક કાગળ લ્યો. જમણા હાથના મથાળાના ખૂણામાં ' સરકારી હાઇસ્કુલ ' એમ લખો અને તેની નીચે ' કુચપરવનીપુર ' લખો. આની નીચે ૧લી એપ્રીલ ૧૯૨૭–તારીખ લખો. તારીખ નીચે અને પાનાની બીજી બાજુએ ' વ્હાલા ' (શબ્દ) લખો અને ( તેની પછી ) જે માણસને તમે કાગળ લખતા હો તેનું નામ મૂકો.

પછી શિક્ષકે પાટીઆ ઉપર આ પ્રમાણે લખ્યું :—

સરકારી હાઇસ્કુલ,
કુચપરવનીપુર.
૧ લી એપ્રીલ, ૧૯૨૭.

વ્હાલા—

શરૂઆત કરીને પછી હવે તમારા કાગળોમાં તમને ગમે તે લખો. જ્યારે તમે તે પુરા કરો ત્યારે ' હું છું ' અને પછી જો કાગળ સગાને લખ્યો હોય તો ' તમારો વ્હાલો પુત્ર, કે ભાઇ, કે ભત્રીજો, કે પિત્રાઇ ' અને જો મિત્રને લખ્યો હોય તો ' તમારો વ્હાલો મિત્ર ' એમ લખો અને પછી તમારા નામની સહી કરો.

પછી તેણે પાટીઆ ઉપર લખ્યું—

હું છું,
તમારો વ્હાલો પુત્ર.

બધા છોકરાઓએ સ્થળ અને તારીખ તથા ' વ્હાલા— ' લખ્યું અને પછી કાગળ સામું જોતા અને પોતાની કલમો કરડતા બેઠા. શું લખવું તે તેમને સૂઝયું નહિ.

શિક્ષકે તરતજ આ જોયું અને કહ્યું કે શું કહેવું ( =લખવું ) તે તમને આવડતું નથી. તમે જે લખ્યું છે તેના ઉપર સહીચૂસ મારીને કોરૂં કરો અને તમારા કાગળો તમારાં મેજમાં મૂકો. કાલે કાગળ લખવા વિષે આપણે એક કાવ્ય વાંચીશું અને કાગળ લખવાનો તમે ફરી પ્રયત્ન કરજો.

---

# Lesson 27=પાઠ ૨૭ મો.

## How to write a Letter=કાગળ કેવી રીતે લખવો.

Intended, v. t. (ઇન્ટેન્ડેડ)
=નો ઇરાદો હતો. [ લખવું.
To indite, ( ટુ ઇન્ડાઇટ )=
Containing, pre. p. (કન્ટે-
ઇનિંગ )=નો સમાવેશ કરતું.
Nothing, n. (નથીંગ)=કાંઇનહિ.
Wasting, pre. p. (વેઇસ્ટીંગ)
=ગુમાવવાનું. [ નક્કી, ખરેખર.
Certainly, adv. ( સરટન્લી )=
Excellent, adj. (એક્સેલન્ટ)=
ઉત્તમ, સરસ.

Something, n. ( સમથીંગ )=
કાંઇક.
Rule, n. ( રૂલ )=નિયમ.
Moment, n. (મોમેન્ટ)=ક્ષણ,
પળ. [ ડર)=વિચારવું.
To consider, v. t. (ટુ કન્સી-
Silent, adj. (સાઇલન્ટ)=ચૂપ,
શાંત.
Tongue, n. ( ટન્ગ )=જીભ.

મેરીઆ એક કાગળ લખવાનો ઇરાદો રાખતી હતી, પણ (તેણીએ કર્યો પણ) તેણી લખવાની શરૂઆત કરી શકી નહિ. તેથી તેણી પોતાની સ્લેટ ઉપર ' વ્હાલી બેન ' અને તારીખ પણ લખીને પેન્સીલ અને સ્લેટ લઇને પોતાની મા પાસે ગઇ.

મારી વ્હાલી દીકરી, કાંઇ કહેવાનું (=લખવાનું) ન હોય તો કાગળ અને શાહી ઉપર (=કાગળ અને શાહીથી રમત કરવામાં) તારો વખત નકામો ગુમાવવાનો વિચાર ન કર. પરંતુ કાંઇ લખવાનું શોધી કાઢવા માટે તારી સ્લેટથી યત્ન કરવો તે ખરેખર એક સરસ રીત છે.

તેની માએ કહ્યું કે મારી વ્હાલી, હું તને એક નિયમ આપીશ. ( =જણાવીશ ). તું એક ક્ષણભર એમ ધાર કે તારી બેન અહીંઆં છે અને તેને તું શું કહીશ ? વિચાર કર, અને પછી જો કે તારી જીભ ચૂપ રહેશે તો પણ તું તારી કલમથી બોલી શકીશ.

---

# Lesson 28=પાઠ ૨૮ મો.

Is being moved, ( ઈઝ બી-ઈંગ મુવ્ડ )=હલાવવામાં આવે છે.
Industrious, adj. ( ઈન્ડસ્ટ્રી-અસ )=મહેનતુ, ઉદ્યોગી.
Three times, ( થ્રી ટાઈમ્સ ) =ત્રણગણું.
Twice, adj. (ટવાઈસ)=બમણું.

## Water vapour = પાણીની વરાળ.

Vapour, n. (વેપર)=વરાળ.
Has disappeared, v. i. (હૅઝ ડીસઍપીઅર્ડ)=અદશ્ય થયું છે.
Is poured, v. t. (ઇઝ પોર્ડ) =રેડવામાં આવે છે.
Swallows, v. t. ( સ્વૉલોઝ ) =શોષી લે છે. [=ચૂસી લે છે.
Absorbs, v. t. ( ઍબ્સૉર્બ્ઝ)
Pools, n. (પુલ્સ)=ખાબોચીઆં.
Sinking, pre. p. (સિંકીંગ)= ઉતરી જતું. [ નીચું.
Lower, adj. ( લોઅર )=વધારે
Spilt, p. p. (સ્પીલ્ટ)=ઢોળાએલું.
Hotter, adj. ( હૉટર )=વધારે ગરમ.
In order that=એટલા માટે.
Are spread out, v. t. (આર સ્પ્રેડ આઉટ )=પાથરવામાં આવે છે.
Bed, n. ( બેડ )=પટ.
Cloudy, adj. ( કલાઉડી )= વાદળાંવાળું. [ કાવવામાં આવે છે.
Are hung, v.t.(આર હન્ગ)=લટ-
Heat, n. (હીટ)=તાપ, ગરમી.
Weather, n. (વેધર)=હવા.
State, n. (સ્ટેટ)=સ્થિતિ.
Is turned into.=નું બને છે, માં ફેરવાઇ જાય છે.
Bubbles, n. (બબલ્સ)=પરપોટા.
Quietly, adv. ( કવાયટલી )= ધીમેથી. [ =અદશ્ય.
Invisible, adj. (ઇનવીઝીબલ)
To evaporate, v. i. ( ટુ ઇવેપૉરેટ )=વરાળ થવી.

જ્યારે લોકો પોતાનાં કપડાં ધુએ છે ત્યારે તેઓ ઘણી વખત તેમને જમીન ઉપર સુકાવા મૂકે છે. જ્યારે તેઓ સુકાય છે ત્યારે

તેમનામાં જે પાણી હતું તે આપણે વધુ વખત જોઈ શકતા નથી અથવા આપણને લાગતું નથી; તે અદૃશ્ય થયું છે. તે કયાં ગયું છે ?

જો પાણીને સુકી રેતી ઉપર રેડવામાં આવે તો રેતી તેને શોષી લે છે અથવા ચૂસી લે છે ; તે અદશ્ય થાય છે. પણ આપણે જોઈ શકીએ છીએ કે રેતી ભીની છે કેમકે તેનો રંગ જુદો થાય છે અને આપણને લાગે છે કે તે ભીની છે.

હવે આપણાં કપડાં હવામાં સુકાઈ જાય છે, તેનું કારણ એ કે તેમાં જે પાણી હોય છે તેને હવા ચુસી લે છે. પણ આપણે હવામાં આ પાણીને જોઈ શકતા નથી કે તે આપણને લાગતું નથી, કેમકે હવે તે પોતે હવાના જેવું પાતળું હોય છે. પણ જો કે આપણે તે જોઇ શકતા નથી કે તે આપણને લાગતું નથી તો પણ કેટલીક વખત વધારે, કેટલીક વખત ઓછું, પણ કેટલુંક પાણી હવામાં હંમેશાં હોય છે.

જ્યારે સૂર્ય ચકચકાટ પ્રકાશે છે અને જ્યારે નદીના પટમાં ગરમ રેતી ઉપર કપડાં પાથરવામાં આવે છે ત્યારે ભીનાં કપડાં ઘણી ઝડપથી સુકાઇ જાય છે. જ્યારે આકાશ વાદળાંવાળું હોય ત્યારે અથવા રાત્રે તેઓ વધારે ધીમાં સુકાય છે. જ્યારે તેઓને અગ્નિ આગળ લટકાવવામાં આવે છે ત્યારે પણ તેઓ જલદીથી સુકાઇ જાય છે.

તેટલા માટે આપણે જોઈએ છીએ કે તાપ તેમને વધારે ઝડપથી સુકાં બનાવે છે. વળી આપણે જોઇએ છીએ કે ગરમ ઋતુમાં તળાવો અને ખાબોચીઆંનું પાણી જલદીથી ઓછું થાય છે. જો આપણે કાળજીપૂર્વક જોઇએ તો પાણી દિવસે દિવસે નીચે ઉતરતું આપણે જોઇ શકીએ છીએ. આનું કારણ એ છે કે હવાથી શોષાતું જાય છે.

વળી આપણે જોઇએ છીએ કે ઘરમાં પત્થરના તળીયા ઉપર ઢોળેલું પાણી સુકાઈ જાય છે. તે પણ હવાથી શોષાઈ જાય છે. હવા હંમેશાં પાણીને શોષી લે છે પણ જેમ તે વધારે ગરમ તેમ તે વધારે શોષે છે.

હવે, હવા પાણીને શોષી લે તેટલા માટે પાણી હવાની માફક

પાતળું થવું જોઇએ. આ સ્થિતિમાં જે પાણી હોય છે તે પાણીની વરાળ કહેવાય છે.

જ્યારે પાણીને ઉકાળવામાં આવે છે ત્યારે તે ઘણું જલદીથી વરાળમાં ફેરવાઈ જાય છે. જે વાસણમાં તેને ઉકાળવામાં આવે છે તે વાસણના તળીએથી પરપોટા આવ્યા કરે છે. આ વરાળના પરપોટા છે, હવાના પરપોટા નહિ.

જ્યારે પાણી ઉકાળવામાં નથી આવતું ત્યારે પણ તે હંમેશાં ધીમે વરાળ ફેરવાય છે; પણ આ વરાળ પાણીના મથાળેથી આવે છે તેથી આપણે પરપોટા જોતા નથી. જ્યારે આ પ્રમાણે અદૃશ્ય વરાળના રૂપમાં ધીમેથી ફેરવાય છે ત્યારે તે વરાળરૂપે ઉઠી જતું કહેવાય છે.

હવે યાદ રાખો કે પૃથ્વી ઉપર જમીન કરતાં ત્રણ ગણું પાણી છે અને હવા હંમેશાં આ પાણીમાંથી વરાળ શોષી લે છે. તેટલા માટે આપણે સમજીએ છીએ કે હવા પાણીની વરાળથી ભરેલી હોવી જોઇએ, જો કે આપણે તે જોઈ શકતા નથી.

---

# Lesson 29=પાઠ ૨૯ મો.

## The King and his Daughters=
## રાજા અને તેની પુત્રીઓ.

Honey, n. ( હની )=મધ.
Sherbet, n. ( શર્બેટ )=શરબત.
Youngest, adj. (યંગેસ્ટ)=સૌથી નાની.
Salt, n. ( સૉલ્ટ )=મીઠું, [ નીમક.
On hearing (ઑન હાઅરીંગ) સાંભળીને.
Frowned, v. i. ( ફ્રાઉન્ડ )= ભવાં ચઢાવ્યાં.
Forest, n. (ફૉરેસ્ટ)=જંગલ.
Trampling, n. ( ટ્રમ્પલીંગ )= પગનો અવાજ.
Hollow, adj. ( હૉલો )=પોલા.
Rider, n. (રાઇડર)=સ્વાર.

Caught sight of, ( કૅાટ સાઇટ ઓાફ )=ની નજરે પડી.
Saree, n. ( સારી )=સાડી.
Fell in love with=ની સાથે પ્રેમમાં પડયો.
Married, v. t. (મેરિડ)=પરણ્યો.
Visit, n. ( વીઝીટ )=મુલાકાત.
Paid a visit, (પેઇડ એ વીઝીટ) મુલાકાતે ગયો.
Husband, n. (હસબન્ડ)=ધણી.
Dishes, n. (ડીશીઝ)==વાનીઓ.
Altogether, adv. ( ઑાલ ટુ ગેધર )=તદ્દન. [ના પાડી.
Refused, v. t. ( રીફયુઝડ )=
Tasted, v. t. (ટેઇસ્ટેડ)=ચાખી.
Common, adj. ( કૅામન )= સાધારણ.
Spinach, n. ( સ્પીનેક )=એક જાતની તરકારી.
Seasoned, p. p. ( સીઝન્ડ ) =સ્વાદિષ્ટ બનાવેલી.
To satisfy, v. t. ( ટુ સૅટિસફાય )=તૃપ્ત કરવું.
Hunger, n. ( હન્ગર )=ભૂખ.
Veil, n. ( વેઇલ )=બુરખો.
Homely, adj. (હોમલી)=સાદો.
Real, adj. ( રીઅલ )=સાચો.
Lasting, adj. ( લાસ્ટીંગ )= કાયમનો. [ ક્ષમા, માફી.
Forgiveness, n. (ફરગીવનેસ)=
Mistake, n. (મીસ્ટેક)=ભૂલ.
Lovingly, adv. (લવીંગલી)= પ્રેમપૂર્વક. [ ભેટયો.
Embraced, v. t. (એમ્બ્રેસ્ડ)=

એક વખત એક રાજા હતો જેને કેટલીક દીકરીઓ હતી. તેણે પહેલી દીકરીને પૂછ્યું કે તું મને ચાહે છે ? જ્યારે તેણીએ હા પાડી ત્યારે તેણે પૂછ્યું કે તારો પ્રેમ શાના જેવો છે ? તેણીએ કહ્યું કે તે ખાંડ જેવો છે.

તેણે બીજીને પૂછ્યું કે તારો પ્રેમ શાના જેવો છે ? તેણીએ કહ્યું કે તે મધ જેવો છે. ત્રીજીને તેણે પૂછ્યું કે તારો પ્રેમ શાના જેવો છે ? તેણીએ કહ્યું કે તે શરબત જેવો છે. તેણે સૌથી નાની અને છેલ્લીને પૂછ્યું કે તારો પ્રેમ શાના જેવો છે ? તેણીએ કહ્યું કે તે મીઠા જેવો છે.

રાજાએ પોતાની સૌથી નાની દીકરીનો જવાબ સાંભળીને ભવાં ચઢાવ્યાં અને જ્યારે તેણે તેણીને ફરીને પૂછ્યું ત્યારે તેણીએ તેનો તેજ જવાબ આપ્યો તેથી તેણે તેણીને જંગલમાં કાઢી મૂકી.

ત્યાં જ્યારે તે દિલગીરીમાં રખડતી હતી ત્યારે તેણે ઘોડાના પગલાંનો અવાજ સાંભળ્યો અને તેણી એક પોલા ઝાડમાં સંતાઇ ગઇ. પરંતુ તે સ્વાર કે જે એક રાજકુમાર હતો તેની નજરે તેણીની સાડીનો છેડો પડયો.

તેણે તેણીને ઝાડની બહાર આવવા કહ્યું અને જ્યારે તેણે તેણીને જોઇ ત્યારે તે તેણી સાથે પ્રેમમાં પડયો અને જલદીથી તેને પરણ્યો.

કેટલાક વખત પછી તેણીનો બાપ તે રાજા કે જેને તેણીનું શું થયું હતું તેની ખબર ન હતી તે તેના ધણીની મુલાકાતે ગયો. સાંજે તે જમવા બેઠો.

હવે તે કુંવરીએ પોતાના બાપ આગળ ફક્ત ખાંડ અને મધની બનાવેલી વાનીઓ મૂકવાનો હુકમ કર્યો હતો. આ તેણે લેવાની તદ્દન ના પાડી અથવા ફક્ત ચાખી જોઇ. છતાં તે ઘણો ભૂખ્યો થયો હતો અને પોતે ખાઇ શકે તે ચીજ માટે તેણે ઘણીજ ઇચ્છા જણાવી.

આખરે ખેડૂતો ખાય છે તેવી સાધારણ સ્પીનેકની મીઠાથી સ્વાદિષ્ટ બનાવેલી વાની તે રાજકુંવરી પોતાની જાતે લાવી, અને આ ખાઇને પોતાની ભૂખ તૃપ્ત કરવાને તે રાજા શક્તિમાન થયો.

પછી તે રાજકુંવરીએ પોતાનો બુરખો કાઢી નાંખ્યો અને કહ્યું "ઓ મારા પિતા! મારો પ્રેમ મીઠા જેવો છે. મારો પ્રેમ ભલે સાદો હોય પરંતુ તે ખરો, સાચો અને કાયમનો છે અને હું તમારી ક્ષમા માગું છું."

પછી તે રાજાને જણાયું કે પોતે મોટી ભૂલ કરી હતી અને તે પોતાની પુત્રીને પ્રેમપૂર્વક ભેટયો.

# Lesson 30=પાઠ ૩૦ મો.

## Home They Brought Her Warrior Dead.= તેઓ તેણીના લડવૈયાને મરેલો ઘેર લાવ્યા.

Warrior, n. ( વૉરીઅર )=લડવૈયો, સૈનિક.
Swooned, v. i. (સ્વુન્ડ)=મૂર્છા ખાધી. [ કર્યો.
Uttered, v. t. (અટર્ડ)=અવાજ
Cry, n. ( ક્રાય )=બૂમ
Maidens,n.(મેઇડન્સ)=દાસીઓ.
Watching, pre. p. (વૉચિંગ) =જોતી. [ રડવું.
To weep, v. i. ( ટુ વીપ )=
Praised, v.t.(પ્રેઈઝડ)=વખાણ્યો.
Worthy, adj. (વર્ધી)=લાયક.
Truest, adj. ( ટ્રુએસ્ટ)=સૌથી વફાદાર. [ ઉમદા.
Noblest, adj.(નોબ્લેસ્ટ)=સૌથી
Foe, n. ( ફો )=દુશ્મન. [ચાલી.
Stole, v. i. ( સ્ટોલ )=ધીમેથી
Lightly, adv.(લાઇટલી)=ધીમેથી
Stept, v. i. ( સ્ટેપ્ટ )=પગલાં ભરી ગઇ. [=મો ઉપરનું કપડું.
Face-cloth, n. (ફેઇસ-ક્લોથ)
Wept, v. i. ( વેપ્ટ )=રડી.
Rose, v. i. (રોઝ)=ઉઠી.
Nurse, n. ( નર્સ )=આયા.
Set. v. t. ( સેટ )=મૂકયું.
Knee, n. ( ની )=ઘુંટણ.
Tempests, n. ( ટેમ્પેસ્ટસ )=તોફાનો.
Tears, n. ( ટીઅર્સ )=આંસુ.

તેઓ તેણીના મૃત્યુ પામેલા સૈનિકને ઘેર લાવ્યા; તેણીને મૂર્છા આવી નહિ કે તેણીએ બૂમ પાડી નહિ. જોઇ રહેલી તેણીની સઘળી દાસીઓએ કહ્યું કે તેણીએ રોવું જોઇએ નહિ તો તેણી મરી જશે.

પછી તેઓએ ધીમેથી અને કોમળતાથી તેનાં વખાણ કર્યાં અને તેને ચાહવા લાયક, સૌથી વફાદાર મિત્ર અને સૌથી ઉમદા દુશ્મન કહ્યો. છતાં તેણી બોલી નહિ કે હાલી નહિ.

એક દાસી તેની જગ્યાએથી ધીમે ચાલી, તે સૈનિક પાસે ધીમેથી

પગલાં ભરી ગઇ, (અને) તેના મોં ઉપરનું કપડું ખસેડયું; છતાં તેણી હાલી નહિ કે તેણી રડી નહિ.

એક નેવુ વર્ષની આયા ઉઠી (અને) તેનું બાળક તેણે તેણીના ઘુંટણ ઉપર મૂકયું; ઉનાળાનાં તોફાનની માફક તેણીનાં આંસુ નીકળ્યાં, (અને તેણીએ કહ્યું કે) "મારા મધુર બાળક! હું તારે ખાતર જીવું છું."

---

# Lesson 31=પાઠ ૩૧ મો.

## Dew and Rain = ઝાકળ અને વરસાદ.

Dew, n. ( ડયુ )=ઝાકળ.
Vapour, n. ( વેપર )=વરાળ.
To evaporate, v. i. ( ટુ ઈવેપોરેટ )=વરાળ થવી.
Gradually, adv. (ગ્રેજ્યુઅલી) =ધીમે ધીમે.
Form, n. ( ફૉર્મ )=રૂપ.
Generally, adv. ( જનરલિ ) ઘણું કરીને. [ વગરની.
Fine, adj. (ફાઈન)=સ્વચ્છ વાદળાં
Steam, n. (સ્ટીમ)=વરાળ.
Invisible, adj. (ઇનવીઝીબલ) =અદૃશ્ય.
Visible, adj. ( વીઝીબલ )= દેખાય તેવી.
Dewdrops, n. ( ડયુડ્રોપ્સ )= ઝાકળનાં બિંદુઓ.
Cold, n. ( કોલ્ડ )=ઠંડી.
To condense, v. t. ( ટુ કન્ડેન્સ )=ઘટ કરવું. [કરે છે.
Condenses, ( કન્ડેન્સીસ )=ઘટ
Portions, n. (પોર્શન્સ)=ભાગો.
Are floating, v. i. ( આર ફ્લોટીંગ )=તરે છે. [ઘર )=તદ્દન.
Altogether, adv. ( ઑલટુગે-
As, prep. ( ઍઝ )=તરીકે.

સવારે વહેલાં ઝાકળ ઘાસ ઉપર કેવું સુંદર દેખાય છે! તે ત્યાં કેવી રીતે આવે છે? તે ફક્ત પાણીની વરાળ છે કે જેનું રાતમાં પાછું પાણી થયું છે.

આપણે જોયું કે ગરમી પાણીને વરાળરૂપે ઉડાડી દે છે. દિવસના વખતમાં, જયારે સૂર્ય હવાને ગરમ બનાવે છે ત્યારે તે દરીઆમાંથી

અને દરેક તળાવ અને નદીમાંથી પાણીની વરાળને ચૂસી લે છે (=ખેંચી લે છે).

રાતના વખતે જ્યારે સૂર્ય પ્રકાશતો નથી અને હવા તથા પૃથ્વી ફરીને થંડાં થાય છે ત્યારે આ વરાળમાંની કેટલીક ઘણી ધીમે ધીમે પાણીના રૂપમાં ફેરવાય છે, અને તે આપણે દરેક ઠેકાણે ઝાકળનાં બિંદુઓના રૂપમાં જોઇએ છીએ.

ગરમી પાણીને વરાળમાં ફેરવી નાંખે છે અથવા વરાળરૂપે ઉડાડી દે છે; ઠંડી વરાળને પાછી પાણીમાં ફેરવી નાંખે છે અથવા તેને ઘટ્ટ કરી નાંખે છે.

જો તમે આકાશમાં જોશો તો તમે ઘણું ખરૂં વાદળાં જોશો. સારી રૂતુમાં તેઓ સફેદ અને ઘણે ઉંચે દેખાય છે; પણ ભીની (=વરસાદની) રૂતુમાં અથવા જ્યારે વરસાદ પડતો હોય ત્યારે તેઓ વધારે કાળાં અને પૃથ્વીની વધારે નજીક હોય છે. વાદળાં શું છે?

જ્યારે પાણી ઉકાળવામાં આવે છે ત્યારે તમે વરાળ જુઓ છો. જો તમે ઉકળતા પાણી તરફ ધ્યાનપૂર્વક જોશો તો તમે વરાળને પાણીની નજીક જોઇ શકશો નહિ, પણ તેની ઉપર થોડે છેટે જોઇ શકશો.

જ્યારે પાણી ઉકાળવામાં આવે છે ત્યારે તેમાંથી ઘણી વરાળ નીકળે છે. આ વાદળ ન દેખી શકાય તેવી હોય છે, પણ જ્યારે તે વાસણની ઉપરની વધારે ઠંડી હવામાં ઉંચે જાય છે ત્યારે તે પાછી પાણીમાં ફેરવાવા લાગે છે અને પછી તે દેખાય તેવી થાય છે અને આપણે તેને વરાળ તરીકે જોઇએ છીએ. વરાળ ખરી રીતે પાણીના ઘણા નાના ભાગોની બનેલી હોય છે.

જે વાદળાં તમે આકાશમાં જુઓ છો તે વરાળ જેવાં છે. તેઓ પાણીમાં પાછી ફેરવાતી વરાળ છે. જે હવામાં તેઓ તરે છે (=ચાલે છે) તે જો વધારે ઠંડી થાય છે તો તેઓ તદ્દન પાણીના રૂપમાં ફેરવાઈ જાય છે અને વરસાદ તરીકે પડે છે.

---

# Lesson 32=પાઠ ૩૨ મો.

Former, adj. ( ફૉર્મર )=આગળનો. [ પાછળનો.
Latter, adj. ( લૅટર )=
Pride, n. ( પ્રાઇડ )=અભિમાન.
Purposes, n. ( પર્પઝીઝ )=કામો, હેતુઓ.

## Winds 1=પવન—ભાગ ૧.

Wind, n. ( વીન્ડ )=પવન.
Motion, n. ( મોશન )=ગતિ.
Slight, adj. ( સ્લાઇટ )=મંદ, ધીમી. [ (પવનની)
Breeze, n. ( બ્રીઝ )=લહેર.
Violent, adj. ( વાયોલન્ટ) = જોસદાર, પ્રબળ.
Storm, n. ( સ્ટૉર્મ )=તોફાન.
Effects, n. ( ઇફૅક્ટસ )=અસર.
To bend, v. i. ( ટુ બેન્ડ )=વળવું, નમવું. [ ખખડવું.
To rustel, v. i. (ટુ રસલ)=
Gentle, adj. (જેન્ટલ)=ધીમા.
Surface, n. (સરફેસ)=સપાટી.
Currents, n. (કરન્ટસ)=પ્રવાહો.
To Continue, v. t. ( ટુ કન્ટીન્યુ )=ચાલુ રાખવું, ચાલુ રહેવું.
Direction, n. ( ડીરેકશન )=દિશા.
Constantly, adv. ( કૉન્સ્ટન્ટલી )=સતત, હંમેશ ચાલુ,
To change, v. t. (ટુ ચેઇન્જ) =ફેરવવું.
Depth, n. (ડેપ્થ)=ઉંડાઇ.
To blow, v. i. (ટુ બ્લો)=વાવું.
Calm, adj. ( કામ )=શાંત.
Rapidly, adv. ( રૅપીડલી )=ઝડપથી. [ શોધ.
Invention, n. ( ઇન્વેન્શન )=
Mills, n. (મીલ્સ)=ઘંટીઓ.
To grind, v. t. (ટુ ગ્રાઇન્ડ) =દળવું.
Corn, n. (કૉર્ન)=અનાજ.
Were turned, v. t. ફેરવવામાં આવતી હતી.

સમુદ્રની માફક હવા લગભગ હંમેશાં ઓછી વધતી ગતિમાં હોય છે. હવા ગતિમાં હોય તે પવન. જો તે ગતિ ધીમી હોય તો તે પવ-

-નની લહેર ( થાય ) છે; જો તે ઘણી પ્રબળ હોય તો તોફાન કે વાવાઝોડું ( થાય ) છે.

જેમ આપણે પાણીને હાલતું જોઇ શકીએ છીએ તેમ હવાને આપણે હાલતી જોઈ શકતા નથી, પણ આપણને લાગી શકે છે અને આપણે તેની ગતિની અસર જોઇ શકીએ છીએ. આપણે ઝાડને નમી જતાં જોઇએ છીએ અને પવનમાં પાંદડાંને ખખડતાં સાંભળીએ છીએ; આપણે વાદળાંને આકાશમાં પવનની ધીમી લહેરીમાં ધીમે ચાલતાં અથવા તોફાન આગળ ઉડતાં ( =તોફાની પવનમાં દોડતાં ) જોઇએ છીએ અને પાણીની સપાટી ઉપર પવનથી ઉત્પન્ન થએલાં મોજાં આપણે જોઇએ છીએ.

હવામાં પવન તે જમીન ઉપર નદીઓ માફક છે. જેમ પાણી નદીના પટમાં વહે છે તેમ હવાના મોટા પ્રવાહો અથવા પવન હવામાં વહે છે ( =વાય છે ).

નદીઓમાં અને હવાના પ્રવાહોમાં એક મોટો તફાવત એ છે કે પહેલી ( =નદીઓ ) લાંબા વખત સુધી એકજ દિશામાં વહેવાનું ચાલુ રાખે છે જ્યારે પાછળના ( =હવાના પ્રવાહો ) પોતાની દિશા સતત બદલ્યા કરે છે.

વળી કોઇ પણ નદી કરતાં હવાના પ્રવાહો ઘણા મોટા હોય છે. તેઓ સેંકડો માઇલ પહોળા અને ઘણી ઉંડાઇવાળાં હોય છે. છતાં આપણે એમ ન ધારવું જોઇએ કે જે પવન આપણને લાગે છે તેજ હવામાં ઉંચે પણ વાતો હશે અથવા તો તે ઉંચે શાંત હશે કેમકે જમીનની સપાટી ઉપર તે શાંત છે.

કેટલીક વાર એકી વખતે હવાના બે પ્રવાહ એક બીજાની ઉપર જુદી જુદી દિશામાં જતા હોય છે, એક કદાચ ઉત્તરથી દક્ષિણ અને બીજો દક્ષિણથી ઉત્તર. જ્યારે આપણને પવન ન લાગતો હોય ત્યારે ઘણી વખત આપણે ઉંચે આકાશમાં વાદળાંને ઝડપથી ચાલતાં જોઇ શકીએ છીએ.

વરાળયંત્રની શોધ પહેલાં માણુસો હાલના કરતાં પવનનો વધાં ઉપયોગ કરતા હતા. વહાણો તેની મદદથી ચાલતાં હતાં અને અનાજ દળવાની ઘંટીઓ તેનાથી ફેરવવામાં આવતી હતી. હવે લગભગ બધ મોટાં વહાણ આગબોટો છે, અને અનાજની ઘંટીઓ ઘણી વખત વરાળયંત્રથી ચલાવવામાં આવે છે.

---

# Lesson 33=પાઠ ૩૩ મો.

Certain, adj. (સર્ટન)=અમુક.
African, adj. ( આફ્રીકન )= આફ્રીકાનો. [ નામ છે.
Cophetua, n. ( કૉફેટયુઆ)=
Nobles, n. (નોબલ્સ)=ઉમરાવો.
Begged, v. r. (બેગ્ડ)=વિનંતિ કરી. [ દરબાર.
Durbar, n. ( દરબાર )=
Beggar, n. (બેગર)=ભીખારી.
Maid, n. (મેઈડ)=છોકરી.

## A Begger Maid=ભીખારી છોકરી.

Breast, n. (બ્રેસ્ટ)=છાતી.
Laid, v. t. (લેઇડ)=મૂકયા.
Fair, adj. (ફેર)=સુંદર.
Barefooted, adj. (બેરફુટેડ)= ઉઘાડા પગે.
Robe, n. ( રોબ )=ઝભ્ભો.
Crown, n. (ક્રાઉન)=મુગટ.
Stept down, v. i. ( સ્ટેપ્ટ ડાઉન )=નીચે ઉતર્યો. [મળવું.
To meet, v. t. ( ટુ મીટ )=
To Greet, v. t. ( ટુ ગ્રીટ ) =આવકાર આપવો.
Lords, n. (લૉર્ડ્ઝ)=ઉમરાવો.
Wonder, a. (વન્ડર)=નવાઈ.
Clouded, adj. ( ક્લાઉડેડ )= વાદળાંવાળા.
Attire, n. ( ઍટાયર )=પોશાક
Ankles, n. (ઍન્કલ્સ)=ઘુંટીએ
Lovesome, adj. (લવસમ)= પ્રેમાળ.
Mien, n. (મીન)=ચહેરો.
Angel, adj. (એન્જેલ)=દૈવી.
Grace, n. ( ગ્રેઇસ )=સૌંદર્ય.

Sware, (=Swore), v. t. (સ્વેર)=સોગંદ ખાધા. | Royal, adj. (રૉયલ)=બાદશાહી. Oath, n. (ઓથ)=સોગંદ.

કોફેટયુઆ નામનો અમુક આફ્રીકાનો રાજા પરણતો ન હતો. જો કે તેના ઉમરાવોએ તેને પરણવા સારૂ વિનંતિ કરી હતી. છતાં એક દિવસ જ્યારે તે દરબારમાં બેઠો હતો ત્યારે એક સુંદર ભીખારી છોકરી ત્યાં આગળથી પસાર થઈ. તે તેણીની સાથે પ્રેમમાં પડયો અને પછી તરતજ તેને પરણ્યો. આ વિષે આ એક કવિતા રહી :—

## ભીખારી છોકરી.

તેણીએ પોતાના હાથ પોતાની છાતી ઉપર મૂકયા હતા. શબ્દો કહી શકે તે કરતાં તે વધારે ખુબસુરત હતી. તે ભીખારી છોકરી ઉઘાડે પગે રાજા કોફેટયુઆ આગળ આવી.

તેના માર્ગમાં તેણીને મળવાને અને આવકાર આપવાને જેણે ઝભ્ભો તથા મુગટ પહેરેલો હતો તે રાજા નીચે ગયો. ઉમરાવોએ કહ્યું કે તેમાં નવાઇ નથી. તેણી દિવસ કરતાં વધારે સુંદર છે.

જેમ વાદળાંવાળા આકાશમાં ચંદ્ર પ્રકાશે છે તેમ તેણી પોતાના ગરીબ પોશાકમાં દેખાતી હતી. એકે તેણીની ઘુંટીનાં, એકે તેણીની આંખોનાં અને એકે તેણીના કાળા વાળ તથા સુંદર ચહેરાનાં વખાણ કર્યાં.

તે આખા દેશમાં આવો મધુર ચહેરો, આવું દૈવી સૌંદર્ય કોઈ દિવસ જણાયું ન હતું. કોફેટયુઆએ બાદશાહી સોગંદ ખાધા કે આ ભિખારી છોકરી મારી રાણી થશે.

---

# Lesson 34=પાઠ ૩૪ મો.

Gentle, n. (જેન્ટલ)=નમ્ર. | Exactly, adv. (એકઝેકટલી) =બરાબર.

# The Camel and the Rat=ઉંટ અને ઉંદર.

Having strayed, ( હેવીંગ સ્ટ્રેડ )=વિખુટું પડીને.
Owner, n. (ઓનર)=માલીક.
Unfrequented, adj. (અન-ફ્રીકવન્ટેડ )=નિર્જન.
Nose-string, n. (નોઝ સ્ટ્રીંગ) =નાકમાંની દોરી, નાથ.
Trailing, pre. p. ( ટ્રેઈલીંગ ) =ઘસડાતી.
Trotted, v. i. (ટ્રોટેડ)=ચાલ્યો.
Huge, adj. (હ્યુજ)=મોટા.
To lead, v. t. ( ટુ લીડ )= દોરવું. [ આડી વહેતી હતી.
Crossed, v. t. ( ક્રૉસ્ડ )=
Path, n. (પાથ)=રસ્તો. [ એક.
Short, adv. ( શૉર્ટ )=એકા-
Depth, n. (ડેપ્થ)=ઉંડાઈ.
Stream, n. (સ્ટ્રીમ)=નદી, ઝરો.
Right, adj. ( રાઇટ )=સાચો.
Knee-deep, adj. (ની ડીપ)= ઘુંટણ જેટલું ઉંડું. [ કબુલ કરવું.
To confess, v.t. (ટુ કનફેસ)=
Pride, n. (પ્રાઇડ)=અભિમાન.
To promise, v. t. ( ટુ પ્રૉમીસ )=વચન આપવું.
Humble, adj. (હમ્બલ)=નમ્ર.
Future, n. (ફ્યુચર)=ભવિષ્ય.
Safely, adv. (સેઇફ્લી)=સહી-સલામત રીતે. [ કબુલ થયો.
Consented, v. t. (કન્સેન્ટેડ)=
Gladly, adv. (ગ્લૅડલી)=ખુશીથી.

કોઇ એક ઉંટ પોતાના માલીકથી છુટું પડીને પોતાની નાથ જમીન ઉપર ઘસડતું નિર્જન રસ્તા પર ચાલ્યું જતું હતું.

તે ધીમેથી ચાલ્યું જતું હતું તેવામાં એક ઉંદરે તેની નાથનો છેડો પોતાના મોઢામાં પકડયો અને હું કેવો જબરો હોવો જોઇએ ( =છું ) કે એક ઉંટને દોરવાને શક્તિમાન છું એમ બધો વખત વિચારતો તે તે મોટા પ્રાણીની આગળ ખદુક-ખદુક ચાલવા લાગ્યો.

થોડા વખત પછી તેઓ રસ્તામાં આવતી એક નદીના કિનારે આવ્યા અને ત્યાં તે ઉંદર એકદમ અટકી ગયો.

તે ઉંટે કહ્યું “ મહેરબાન સાહેબ, આગળ વધો. ” તે ઉંદરે કહ્યું,

"હું આગળ જઇ શકતો નથી. પાણી મારે માટે ઘણું ઉંડું છે."

ઉંટે કહ્યું, "તે ઘણું ઉંડું નથી. લ્યો તમારે માટે હું ઉંડાઈ અજમાવી જોઉં છું."

જ્યારે તે ઉંટ નદીના મધ્ય ભાગમાં પહોંચ્યું ત્યારે તેણે આસપાસ જોયું અને બોલી ઉઠ્યું "તમે જુઓ કે હું ખરૂં કહેતો હતો. પાણી ફક્ત ઘુંટણ જેટલું ઉંડું છે માટે ચાલ્યા આવો."

ઉંદરે કહ્યું, "હા, પણ તમે જુઓ કે તમારા અને મારા ઘુંટણ વચ્ચે કેટલેક તફાવત છે. મહેરબાની કરીને મને પેલી પાર લઇ જાઓ."

ઉંટે જવાબ આપ્યો, તમારૂં અભિમાન કબુલ કરો અને ભવિષ્યને માટે નમ્ર થવાનું વચન આપો અને હું તમને સહીસલામત પેલી પાર લઇ જઇશ."

ઉંદરે આ ખુશીથી કબુલ કર્યું અને તેથી ઉંટ તેને પેલી પાર લઈ ગયું.

---

# Lesson 35=પાઠ ૩૫ મો.

To depend on, v. t. ( ટુ ડીપેન્ડ ઓન )=ના ઉપર આધાર રાખવો.

Vizier, n. ( વઝીર )=વજીર.

Marriage, n. (મેરેજ)=લગ્ન.

Wisdom, n. ( વીઝડમ )=ડહાપણ.

## Winds 2=પવન—ભાગ ૨.

To remain, v. i. (ટુ રીમેન) રહેવું.

Calm, adj. ( કામ)=શાંત.

Largely, adv. (લાર્જલી)=મોટે ભાગે.

Are caused, v.t. (આર કૅાઝડ) =ઉત્પન્ન થાય છે.

To understand, v. t. ( ટુ અન્ડરસ્ટેન્ડ )=સમજવું.

Formed, p. p. (ફોર્મ્ડ)=બનેલી.

So, adv. (સો)=એવી રીતે.
Simply, adv. (સીમ્પલી)=ફક્ત.
Lighter, adj. (લાઇટિર)=વધારે હલકી. [ પકડવું.
To hold, v. t. (ટુ હોલ્ડ)=ધરવું,
Piece, n. ( પીસ )=કકડો.
Coasts, n. (કોસ્ટસ)=કિનારા.
To notice, v. t. (ટુ નોટીસ)= જોવું. [ =બંધ થાય છે.
Dies away, v. i. (ડાઇઝ અવે)
Cause, n. (કૉઝ)=કારણ.
Similar, adj. (સીમીલર)=તેવી-જ, મળતી. [ અગત્યનું.
Important, adj. (ઇમ્પૉર્ટન્ટ)=
Welfare, n. (વેલફેર)=કલ્યાણ, ભલું. [ =રહેવાશીઓ.
Inhabitants, n.(ઇનિહૅબીટન્ટસ)
Are laden, v. t. ( આર લેડન )=ભરેલાં હોય છે.

Moisture, n. ( મૉઇસ્ચર )= ભિનાશ, ભેજ.
Much-needed, adj. ( મચ નીડેડ )=ઘણો જરૂરી. [ વરસાદ.
Rainfall, n. ( રેઇનફૉલ )=
South-west, adj. ( સાઉથ વેસ્ટ )=નૈઋત્યનો. [ ચોમાસું.
Monsoon, n. ( મૉન્સુન )=
Equator, n. (ઇક્વેટર)=વિષુવવૃત. [ ઉત્તરનો.
Northern, adj. ( નૉર્ધર્ન )=
Western, adj. (વેસ્ટર્ન)=પશ્ચિમનો. [ =ઇશાનનો.
North-east, adj. (નૉર્થઇસ્ટ)
South-east, adj. (સાઉથઇસ્ટ) =અગ્નિ ખુણાનો. [ળતા.
Failure, n. (ફેઇલ્યોર)=નિષ્ફ-
Famines, n. (ફૅમીન્સ)=દુકાળ.

હવા હંમેશા શાંત કેમ રહેતી નથી? શા માટે કાંઇએ પવન હોય છે? પવન મોટે ભાગે સૂર્યના તાપથી ઉત્પન્ન થાય છે. આ કેમ બની શકે છે તે આપણે ચાલો કોશીશ કરીને સમજીએ.

એકત્રીસમા પાઠમાં આપણે જોયું કે જ્યારે પાણી વરાળરૂપે ઉડે છે ત્યારે એવી રીતે બનેલી વરાળ હવામાં ઉંચે ચઢે છે. જ્યારે પાણી ઉકાળવામાં આવે છે ત્યારે એમ બને છે કારણ કે આપણે તેમાંથી આવતી (=નીકળતી) વરાળને હવામાં ઉંચે ચઢતી જોઇએ છીએ. તે શા માટે ઉંચે ચઢે છે?

ફક્ત એટલા માટે કે તે હવા કરતાં હલકી છે. જો આપણે લાકડાનો કકડો પાણી નીચે ધરીએ અને છોડી દઇએ તો તે પાણી મથાળે ચઢશે (=આવશે). આનું કારણ એ છે કે તે પાણી કરતાં હલકો છે. તેજ રીતે વરાળ ઉંચે ચઢે છે કારણ કે તે હવા કરતાં હલકી છે.

હવે જેમ ગરમી પાણીને વરાળમાં ફેરવે છે તેમ ગરમી હવાને પોતાને પણ વધારે હલકી બનાવે છે; તેથી વધારે ગરમ હવા હંમેશાં જે હવા વધારે ઠંડી હોય તેના ઉપર જશે અને તેજ પ્રમાણે ઠંડી હવા જે હવા વધારે ગરમ હોય તે નીચે ઉતરી જશે.

હવે દરીઆ ઉપરની હવા કરતાં જમીન ઉપરની હવા સૂર્યથી ઘણીજ વધારે ઝડપથી ગરમ થાય છે. તેથી ગરમ હવા જમીન ઉપરથી ઉંચે ચઢે છે. ગરમ હવાનું આ ઉપર ચઢવું ને તેનું સ્થળ લેવા માટે બીજી હવા સારૂ જગ્યા કરે છે અને હવાનો પ્રવાહ અથવા પવન સમુદ્ર તરફથી જમીન ઉપર વહે છે.

હિંદના કિનારા ઉપર જે લોકો રહે છે તે જુએ છે કે દરીઆઇ પવનની લહેર ઘણી વખત લગભગ બપોરના વાવાનું શરૂ કરે છે અને સૂર્યાસ્ત પછીના વખત સુધી જ્યારે તે બંધ પડે છે ત્યાં સુધી વધારે જોસવાળી થાય છે; જમીન ઉપરના પવનની લહેર સવારમાં વહેલી ઉંચે ચઢે છે અને બપોરના બંધ થાય છે. હવે તમે દરીઆઈ પવનની લહેરનું કારણ સમજશો.

જમીન ઉપરના પવનની લહેર તેવીજ રીતે ઉત્પન્ન થાય છે. જમીન ઉપરની હવા દરીઆ ઉપરની હવા કરતાં વધારે ઝડપથી ઠંડી થાય છે, અને તેથી હવા જમીન ઉપરથી દરીઆ ઉપર વહે છે; આ જમીનના પવનની લહેર છે.

ત્યારે આપણે જોઇએ છીએ કે પવન વારંવાર સૂર્યના તાપથી ઉત્પન્ન થાય છે અને તેઓ દરીઆથી જમીન ઉપર વારંવાર વહે છે; આપણે જાણીએ છીએ કે આ હિંદુસ્તાનના રહેવાશીઓના કલ્યાણ

માટે કેટલું અગત્યનું છે. જે પવન દરીઆ તરફથી આવે છે તે ભેજથી ભરેલા હોય છે, જે (ભેજ) પવનથી જમીન ઉપર લઈ જવાય છે અને ઘણા જરૂરી વરસાદ તરીકે પડે છે.

હિંદુસ્તાનનો ઘણોખરો વરસાદ નૈઋત્ય તરફના ચોમાસાના પવનથી આવે છે, જે જુનથી સપ્ટેમ્બર સુધી પશ્ચિમ અને ઉત્તર હિંદુસ્તાનના ઉપર વિષુવવૃત્ત નજીક તરફથી વાય છે તે ભેજથી ભરેલો પવન છે. ઈશાન ખુણાનો ચોમાસાનો પવન તેવોજ પવન છે કે જે હિંદુસ્તાનના અગ્નિ ખુણાના ભાગ ઉપર ઓકટોબરથી જાન્યુઆરી સુધી વાય છે.

જ્યારે આપણે યાદ રાખીએ છીએ કે ( ચોમાસાના પવનની ) નિષ્ફળતાથી દુકાળો પડે છે ત્યારે આ ચોમાસાના પવનો ઉપર હિંદુસ્તાનના લોકોના કલ્યાણનો કેવો આધાર છે તે આપણે સમજીએ છીએ.

---

# Lesson 36=પાઠ ૩૬ મો.

## The Boy at the Bookstall=ચોપડીની દુકાને છોકરો.

Bookstall, n. ( બુકસ્ટૉલ )= ચોપડીની દુકાન.
Eager, adj. (ઈગર)=આતુર.
To devour, v. t. (ટુ ડીવોવર) ખાઇ જવું. [ દુકાનવાળો.
Stall-man, n. ( સ્ટૉલમેન )=
Did espy, v. t. (ડીડ એસ્પાય) =જોયો. [ ખરીદવું.
To buy, v. t. ( ટુ બાય )=
Sigh, n. ( સાઇ )=નિસાસો.
Churl, n. (ચર્લ)=કંજુસ.

Need, n. (નીડ)=જરૂરીઆત.
Sufferings, n. ( સફરીંગ્સ )= દુ:ખો. [હેરાન કરવું, દુ:ખ દેવું.
To annoy, v. t. (ટુ ઍનાય)
Perceived, v. t. (પરસીવ્ડ)= જોયો. [ થી આનંદ લેવો.
To enjoy, v. t. (ટુ એન્જૉય)=
Meat, n. ( મીટ )=માંસ.
Tavern, n. (ટૅવર્ન)=પીઠું.
Larder, n. ( લાર્ડર )=ખોરાક મૂકવાની ઓરડી.

Case, n.(કેઇસ)=બાબત, સ્થિતિ.
Harder, adj. ( હાર્ડર )=વધારે મુશ્કેલ. [ =ઝંખતો.
Longing, pre. p. (લૉન્ગીંગ)
Penny, n. ( પૅની )=પેન્સ.
Beholding, pre. p. ( બીહોલ્ડીંગ )=જોતો. [ સરસ ભાગ.
Choice, n. ( ચૉઇસ )=સૌથી
Dainty–dressed, adj. (ડેઇન્ટી ડ્રેસ્ડ )=સ્વાદિષ્ટ પકાવેલું.

મેં એક છોકરાને એક દુકાને આતુરતાભરેલી આંખે ( =નજરે ) ચોપડી ઉઘાડતો જોયો અને તે આખી ખાઈ જતો હોય તેમ વાંચતો જોયો. જ્યારે દુકાનવાળાએ તે જોયું ત્યારે તેને તરતજ છોકરાને (એવું) કહેતો મેં જોયો કે સાહેબ, તમે કદી ચોપડી ખરીદતા નથી તેથી તમે તેમાં જોશો નહિ. તે છોકરો ધીમેથી આગળ ચાલ્યો અને નિસાસો નાંખીને ઇચ્છ્યું (=કહ્યું) કે મને કદી વાંચતાં શીખવવામાં ન આવ્યું હોત તો કેવું સારૂં. તો પછી મારે આ ઘરડા કંજુસની ચોપડીઓની જરૂર ન પડત.

ગરીબોને ઘણાં દુઃખ હોય છે જે પૈસાદારને કદી હેરાન કરી શકતાં નથી. તરતજ મેં એક બીજા છોકરાને—જે તેને કાંઈ નહિ તો તે દિવસ માટે તો ખાવાનું ન મળ્યું હોય તેવો દેખાતો હતો—પીઠાની ખોરાકની ઓરડીમાંના ઠંડા (=વાસી) માંસ ઉપર નજર રાખીને આનંદ માનતો જોયો. પછી મેં વિચાર કર્યો કે આ છોકરાની સ્થિતિ વધારે મુશ્કેલ છે. આ પ્રમાણે ભૂખ્યો, ઝંખના કરતો, કોડી વગરનો તે, સ્વાદિષ્ટ રીતે પકાવેલા માંસનો સૌથી સરસ ભાગ જોઇને એવું ઇચ્છે કે હું ખાતાં કદી શીખ્યો ન હોત તો સારૂં તો તેમાં નવાઈ નહિ.

---

# Lesson 37=પાઠ ૩૭ મો.

Well dressed men=સારો પોશાક પહેરેલા માણસો.
Well dressed meat=સારી રીતે પકાવેલું માંસ.

## A Durbar=દરબાર.

Court, n. ( કોર્ટ )=રાજદરબાર.
Maharaja, n. (મહારાજા)=મહા-
રાજા. [ નામ છે.
Udaipur, n. ( ઉદેપુર )=
Courtyard, n. ( કોર્ટયાર્ડ )=
ચોગાન.
Palace, n. (પૅલેસ)=મહેલ.
Verandas, n. ( વરેન્ડાઝ )=
ઓસરીઓ. [ ટેકવેલા.
Supported, p. p. (સપૉર્ટેડ )=
Handsomely, adv. ( હેન્ડ-
સમલી )=સુશોભિત રીતે. [રેલા.
Carved, p. p. (કાર્વ્ડ )=કોત-
Shield, n. (શીલ્ડ)=ઢાલ.
Rajput, n. (રજપુત)=રજપુત.
Warrior, n.(વૉરિઅર)=લડવૈયો.
Standard, n. (સ્ટાન્ડર્ડ)=વાવટો.
Family, n. (ફૅમીલી)=કુટુંબ, વંશ.
Whisk, n. (વ્હીસ્ક)=ચમર.
British, adj. (બ્રીટીશ)=અંગ્રેજ
સરકારનો. [ રેસીડેન્ટ.
Resident, n.(રેસીડેન્ટ)=એલચી
Officer, n.(ઑફીસર)=અમલદાર.
Pillars, n. (પીલર્સ)=થાંભલા.
Carpet, n. (કાર્પેટ)=શેત્રંજી.

Has been spread, v. t.
(હૅઝ બીન સ્પ્રેડ )=પાથરી છે.
Guests, n. (ગેસ્ટસ)=મહેમાનો.
Throne, n. (થ્રોન)=ગાદી.
Centre, n. (સેન્ટર)=મધ્યભાગ.
Beautifully, adv. (બ્યુટીફુલી)
=સુંદર રીતે. [ દાંત.
Ivory, n. ( આઈવરી )=હાથી-
Cushion, n. (કુશન)=તકીયો.
Velvet, n. (વેલ્વેટ)=મખમલ.
Lace, n. (લેઈસ)=કોર.
Assistant, adj. (એસીસ્ટંટ)=
મદદનીશ.
Soldier, n. (સોલ્જર)=લડવૈયો.
Relations, n.(રીલેશન્સ)=સગાં.
Nobles, n. (નોબલ્સ)=ઉમરાવો.
Present, adj. (પ્રેઝન્ટ)=હાજર.
State, adj. (સ્ટેઇટ)=રાજ્યના.
Favourite, adj. ( ફેવરીટ )=
માનીતા. [ =ઘરેણાં.
Ornaments, n. (ઑર્નામેન્ટસ)
Forehead, n. (ફોરહેડ)=કુંભ-
સ્થળ, કપાળ.
Proudly, adv. ( પ્રાઉડલી )=
ગર્વથી.

Mahouts, n. ( મહાવત્સ )= મહાવતો. | Howdahs, n. (હૅાડાઝ)=અંબાડીઓ.

તમે કદી એક હિંદી રાજાના દરબારની મુલાકાત લીધી છે? જો તમે ન લીધી હોય તો દરબારમાં બેઠેલા ઉદેપુરના મહારાજાના આ ચિત્ર ઉપરથી તમે જોઇ શકશો કે તે શાના જેવો હોય છે.

દરબાર મહારાજાના મહેલના ચોગાનમાં ભરવામાં આવે છે. સુશોભિત રીતે કોતરેલા પત્થરના થાંભલાવાળી ઓસરીઓવાળો મહેલનો ભાગ ચિત્રમાં બતાવવામાં આવ્યો છે. જમીન ઉપર એક સુંદર શેત્રંજી પાથરવામાં આવી છે અને મહેમાનો માટે ખુરશીઓ મૂકવામાં આવી છે.

મહારાજાને શોધી કાઢવા તે સહેલું છે. તે મધ્યભાગમાં બીજાઓથી ઉંચી કરેલી ગાદી ઉપર બેઠા છે. તેમની ગાદી સુશોભિત રીતે કોતરેલી છે અને કદાચ હાથીદાંતની બનાવેલી હશે. તેના ઉપર મખમલનો અને સોનેરી કોરનો તકીયો છે.

મહારાજાએ પોતાના ઘુંટણ ઉપર પોતાની ઢાલ રાખી છે, કેમકે શું તે એક રજપૂત અને તેટલા માટે લડવૈયો નથી? તેમની પાછળ તેમના નોકરો છે, જેમાંના એકે તેમના વંશનો વાવટો લીધો છે અને બીજાઓએ મોટા પંખાઓ કે જેના વડે તેમને ઠંડક કરાય અને માંખો દૂર રાખવા માટે ચમર લીધું છે.

મહારાજાના જમણા હાથે બ્રીટીશ રેસીડેન્ટ બેઠા છે અને તેમની પછી બીજા અમલદાર છે જે ઘણું કરીને મદદનીશ રેસીડેન્ટ છે. તે પણ એક લડવૈયો છે જે તેણે પહેરી છે (=રાખી છે) તે તરવાર ઉપરથી આપણે જોઇએ છીએ.

જમણી અને ડાબી બાજુઓએ બીજી ખુરશીઓ ઉપર મહારાજાનાં સગાંઓ તથા ઉદેપુરના ઉમરાવો બેઠેલા છે, અને તેમની પાછળ તેમના નોકરો ઉભા છે. જમણી અને ડાબી બાજુઓએ ઉભેલા ઉંચા અને સારો પોશાક પહેરેલો છે તે માણસો રાજાના પોતાના નોકરોમાંના કેટલાક છે.

ફક્ત મહારાજાના પોતાના નોકરો હાજર છે એટલુંજ નહિ પરંતુ તેમના રાજ્યના હાથીઓ અને માનીતા ઘોડાઓ પણ હાજર છે. હાથીઓના કુંભસ્થળ અને સુંઢો ઉપરનાં ઘરેણાં અને હાથીઓના કાનની પાછળ પોતાના પગ રાખીને મહાવતો કેવા ગર્વથી બેઠા છે તે જુઓ. અંબાડીઓ કદાચ રૂપાની હશે.

---

# Lesson 38=પાઠ ૩૮ મો.

## The Goose Girl—1.=હંસવાળી છોકરી—ભાગ ૧.

Pilgrimage, n. (પીલગ્રીમેજ) =જાત્રા. [ (એ. વ.)
Goose, n. ( ગૂઝ )=હંસ.
Geese, n. (ગીઝ)=હંસો. (બ.વ.)
Care, n. (કૅર)=સંભાળ.
Harm, n. ( હાર્મ )=ઇજા.
Alive, adj. (એલાઇવ)=જીવતી.
Dearly, adv.(ડીઅરલી)=પ્રેમથી.
Grew-up, v. i. ( ગ્રુ અપ )= મોટી થઈ. [ દૂરના.
Far-off, adj. ( ફાર ઑફ )=
To set off, v. i. ( ટુ સેટ ઑફ )=નીકળવું, રવાના થવું.
Distant, adj.(ડીસ્ટન્ટ)=દૂરના.
Rich, adj. (રીચ)=કીંમતી.
Diamonds, n. (ડાયામન્ડસ)= હીરા.
Pearls, n. ( પર્લ્સ )=મોતી.
Dresses, n. (ડ્રેસીસ)=પોશાકો.
Servant-maid, n. ( સર્વન્ટ મેઇડ )દાસી. [ આપેલી.
Fairy, adj. ( ફેરી )=પરીની
Gift, n. (ગીફ્ટ)=ભેટ.
Falade, n. (ફૅલેડે)=ફાલદા.
Journey, n. (જર્ની)=મુસાફરી.
Strange, adj.(સ્ટ્રેન્જ)=વિચિત્ર.
Writing, n. (રાઇટીંગ)=લખાણ.
Charm, n. (ચાર્મ)=મંત્રેલી ચીજ.
Bosom, n. ( બુઝમ )=છાતી.
Kissed, v. t. (કીસ્ડ)=ચુંબન કર્યું.
Bade, v. t. (બેડ)=કહી.
Bade farewell, (બેડ ફેરવેલ) છેવટની સલામ કહી. [ કરી.
Mounted, v.t.(માઉન્ટેડ)=સ્વારી

Dusty, adj. (ડસ્ટી)=ધુળવાળો.
Brook, n. (બ્રુક)=ઝરો.
Saucy, adj. ( સૅાસી )=ઉદ્ધત.
Sly, adj. (સ્લાય)=લુચ્ચી.
Rude, adj. (રૂડ)=અવિનયી.
To wait on, v. t. ( ટુ વેઈટ ઑાન )=ની તહેનાતમાં રહેવું.
Got off, (ગૅાટ ઑાફ)=ઉતરી.

Knelt, v. i. (નેલ્ટ)=ઘુંટણીએ પડી. [=ને દુઃખ થયું.
Was hurt, v. t. ( વોઝ હર્ટ )
Rudeness, n. (રૂડનેસ)=ઉદ્ધતાઈ.
Heavy, adj. (હેવી)=ભારે દીલગીર.
Fond, adj. (ફૅાન્ડ)=હેતાળ.
Was comforted, v. t. (વૅાઝ કમ્ફર્ટેડ )=ને શાંતિ થઇ.

એક વખત એક રાજકુમારી હતી જેનો બાપ મરણ પામ્યો હતો. તેની મા રાણી જીવતી હતી અને તે પોતાની નાની દીકરીને ઘણા પ્રેમથી ચાહથી હતી.

જ્યારે તે રાજકુમારી મોટી થઈ ત્યારે તેણીનાં લગન એક યુવાન રાજકુમાર જે દૂરના દેશમાં રહેતો હતો તેની સાથે કરવાનાં હતાં. આખરે તે દિવસ આવ્યો કે જ્યારે તેણીને પોતાનું ઘર છોડવાનું હતું અને જે દૂરના દેશમાં રાજકુમાર રહેતા હતા ત્યાં જવા માટે નીકળવાનું હતું.

તેણીની માએ તેણીને—સોના રૂપાના પ્યાલા અને રકાબીઓ, હીરા અને મોતી, તથા રેશમના સુંદર પોષાકો—બધી જાતની કીંમતી અને સુંદર વસ્તુઓ આપી.

પછી તેણીની માએ પોતાની દીકરીને તેણીની સાથે મુસાફરી કરવાને એક દાસી અને તેમને લઇ જવા માટે બે ઘોડા આપ્યા. ઘોડાઓમાંનો એક પરી તરફની ભેટ હતો. તેનું નામ ફાલદા હતું અને તે લગભગ તમારી માફક સારી રીતે બોલી શકતો હતો.

રાજકુમારી મુસાફરીએ નીકળી તે પહેલાં તેણીની માએ વિચિત્ર લખાણવાળું એક સોનાનું પાંદડું તેણીને આપ્યું. તેણીએ કહ્યું "વ્હાલી

દીકરી, આની સંભાળ રાખજે અને તે તારી સંભાળ રાખશે. તેને કાળજીપૂર્વક રાખજે અને તે તને ઇજામાંથી બચાવશે.

તે મંત્રેલી ચીજને રાજકુમારીએ પોતાની છાતીએ રાખી. પછી તે રાણીએ પોતાની પુત્રીને ફરી ફરીને ચુમી. આખરે, ઘણાં આંસુ સાથે તેઓએ એક બીજાની વિદાય લીધી. પછી રાજકુમારી અને તેની દાસી પોતાના ઘોડા ઉપર બેઠી અને રવાના થઈ.

સૂર્ય તપતો હતો અને રસ્તો ધુળવાળો હતો. તેઓ ધીમે ધીમે આગળ જતાં હતાં ત્યાં રાજકુમારી ઘણી તરસી થઈ. તેણીએ પોતાની દાસીને કહ્યું "મહેરબાની કરીને ઉતર અને પેલા ઝરામાંથી મારા સોનાના પ્યાલામાં થોડું પાણી મારે માટે લાવ."

હવે તે દાસી ઘણી ઉદ્ધત અને લુચ્ચી છોકરી હતી. તેણી જાણતી હતી કે તેઓ રાણીથી ઘણે દૂર હતાં અને તેણી રાજકુમારી પ્રત્યે અવિનયી થવા લાગી. તેણીએ કહ્યું "જો તને તરસ લાગી હોય તો તું જાતે ઉતર અને ઝરામાંથી પી. હું તારી તહેનાતમાં રહેવા માગતી નથી."

રાજકુમારી એટલી બધી તરસી હતી કે તેણી પોતાના ઘોડા ઉપરથી ઉતરી. તેણી ઝરાની પાસે ઘુંટણીઆભેર થઇ અને તેણીએ પીવા માટે પોતાનું માથું નમાવ્યું.

તેણીને પોતાની દાસીની ઉદ્ધતાઇથી ઘણુંજ દુઃખ થયું અને તેણી રોઇ. તેણી બોલી ઉઠી "મને નવાઇ લાગે છે કે મારૂં શું થશે."

ત્યારે તેણીની છાતી ઉપરની મંત્રેલી ચીજ બોલી કે અફસોસ! અફસોસ! જો તારા માને ખબર પડે તો તેનું પ્રેમાળ હૈયું ખરે ઉદાસ થાય.

રાજકુમારીને શાંતિ થઈ. તેણી પોતાની ઉદ્ધત દાસીને એક શબ્દ કહ્યા વગર ઘોડા ઉપર બેસી આગળ ચાલી.

---

# Lesson 39=પાઠ ૩૯ મો.

## The Goose Girl—2.=હુંસવાળી છોકરી—ભાગ ૨.

Power, n. ( પાવર )=સત્તા.
To take place, v. i. ( ટુ ટેઇક પ્લેઇસ )=બનવું.
Had to promise=વચન આપવું પડયું.
Took place=બન્યું.
Grew hot=તાપ લાગ્યો.
Running, adj. (રનીંગ)=વહેતો.
Wicked, adj. ( વીકેડ )=દુષ્ટ, નિર્દય.
Glee, n. ( ગ્લી )=આનંદ.
Had finished, v. t. ( હૅડ ફીનીશ્ડ )=પુરૂં કર્યું. [ માર્યો.
Pushed, v. t. ( પુશ્ડ )=ધક્કો
Aside, adv. (એસાઇડ)=બાજુએ.
Belongs to me, ( બીલૅાન્ગ્સ ટુ મી)=મારો છે, મારા તાબામાં છે.
Meek, adj. (મીક)=સાલસ.
Was forced, v. t. ( વૅાઝ ફોરર્ડ )=ને ફરજ પડી.
To agree, v. i. (ટુ એગ્રી)= કબુલ કરવું.
Mistress, n. (મીસ્ટ્રેસ)=શેઠાણી.
To strip off, v. t. ( ટુ સ્ટ્રીપ ઑાફ )=કાઢી નાંખવું.
Put on, v.t. (પુટ ઑાન)=પહેર્યો.
Pretended, v. t. ( પ્રીટેન્ડેડ ) =ડોળ કર્યો. [ પહોંચ્યાં.
Reached, v. t. ( રીચ્ડ )=
False, adj. ( ફોલ્સ )=જુઠી, બનાવટી. [ થઇ.
Entered, v. t. (એન્ટર્ડ)=દાખલ
Courtyard, n.(કૉર્ટયાર્ડ)ચોગાન.
Amidst, prep. ( ઍમિડસ્ટ)= વચ્ચે. [ અવાજ.
Sound, n. ( સાઉન્ડ )=
Trumpets, n. ( ટ્રમ્પેટસ )= ભુંગળ, ઢોલ. [ આગળ.
Forward, adv. ( ફૅારવર્ડ )=
To welcome, v. t. ( ટુ વેલ્ક-કમ )=આવકાર આપવો.
Bride, n. (બ્રાઇડ)=કન્યા, વધૂ.
Lifted, v. t. (લીફ્ટેડ)=ઉંચકી લીધી.
Notice, n. ( નોટીસ )=ખબર, ધ્યાન.

| Wandered, v. i. ( વૉન્ડર્ડ )= રખડી. | Wondered, v. t. ( વન્ડર્ડ )= અજાયબી પામી. |
|---|---|

તે રાજકુમારીને ફરીને તાપ લાગ્યો અને તેણી તરસી થઈ. એક વાર ફરીને તેણીએ પોતાની દાસીને કહ્યું "મહેરબાની કરીને નીચે ઉતર અને મારા સોનાના પ્યાલામાં મારે માટે પેલા ઝરામાંથી થોડું પાણી લાવ."

ફરીને તે દાસી ઘણી ઉદ્ધત થઈ. તેણીએ કહ્યું "તું જાતે ઉતર. હું તારી તહેનાતમાં રહેવાની નથી."

એકવાર ફરીને રાજકુમારી પોતાના ઘોડા ઉપરથી ઉતરી અને વહેતા ઝરા ઉપર પોતાનું માથું નમાવ્યું. તેણીનાં આંસુ પાણીમાં પડયાં અને તેણીએ કહ્યું "મારૂં શું થશે ?" પણ તેની છાતી ઉપરની પેલી મંત્રેલી ચીજે કહ્યું "અફસોસ ! અફસોસ ! જો તારી મા ( આ ) જાણત તો તેનું પ્રેમાળ હૈયું દિલગીર થાત.

પછી તેણીએ પીવા માટે પોતાનું માથું નમાવ્યું. તેણીએ તેમ કર્યું. ત્યાં પેલી મંત્રેલી ચીજ તેની છાતીએથી પડી ઝરામાં તણાઇ ગઇ.

રાજકુમારીએ તે ન જોયું પણ દાસીએ તે જોયું. તેણી નિર્દય આનંદથી મોટેથી હસી કેમકે તેણીએ જાણ્યું કે હવે રાજકુમારી મારા કબજામાં છે.

જ્યારે રાજકુમારીએ પીવાનું પુરૂં કર્યું ત્યારે તેણીએ ફરીને પોતાના ઘોડા ઉપર ચઢવાનો પ્રયાસ કર્યો; પણ તે દાસીએ તેણીને બાજુએ ધક્કેલી અને કહ્યું "નહિ, આ ઘોડો મારો છે. ફાલદા મારો છે. તું બીજા ઘોડા ઉપર બેસ અથવા જ્યાં છે ત્યાં રહે.

તે સાલસ અને નમ્ર રાજકુમારીને કબુલ કરવાની ફરજ પડી. પછી તે દાસીએ પોતાની શેઠાણી પાસે સુંદર સ્વારીનો પોશાક ઉતરાવ્યો. આ તે દાસીએ પહેર્યો અને રાજકુમારીને નોકરનો પોશાક પહેરાવ્યો.

તે ઘોડા ઉપર આગળ ચાલ્યાં અને દાસીએ પોતે રાજકુમારી છે

એવો ડોળ કર્યો. તેણીએ કહ્યું કે હું રાજકુમારી નથી એવું જો તું કોઇને કહીશ તો હું તને મારી નાખીશ.

તે ગરીબ નાની રાજકુમારી બીની અને તેણીને વચન આપવું પડયું કે હું કહીશ નહિ. તેણી રડી કેમકે તેણીએ ધાર્યું કે હવે મારે કોઇ મિત્ર નથી.

ખરી રીતે તેણીને એક મિત્ર હતો અને તે ફાલદા ઘોડો હતો. જે બધું બન્યું હતું તે તેણે જોયું હતું અને સાંભળ્યું હતું.

છેવટે તેઓ રાજાના મહેલે પહોંચ્યાં અને તે બનાવટી રાજકુમારી ભુંગળોના અવાજ વચ્ચે ચોગાનમાં દાખલ થઈ.

રાજા પોતે પોતાની પુત્રવધૂને આવકાર આપવાને આગળ દોડયો. તેણે તે દાસી કે જે રાજકુમારી હોવાનો ડોળ કરતી હતી તેણીને ઘોડા ઉપરથી ઉંચકી લીધી અને તેણીના હાથે ચુંબન કર્યું. પછી તે તેણીને મહેલમાં લઈ ગયો.

ખરી રાજકુમારીની કોઇએ ખબર લીધી નહિ. તેણી ચોગાનની આસપાસ ભટકી અને અજાયબી પામતી રહી કે હવે મારૂં શું થશે.

---

# Lesson 40=પાઠ ૪૦ મો.

## The Goose Girl—3.=હંસવાળી છોકરી—ભાગ ૩.

Upper, adj. (અપર)=ઉપરની.
Robe, n. (રોબ)=ઝભ્ભો.
Meanwhile, adv. ( મીનવ્હાઇલ )=દરમીઆન.
Pretty, adj. (પ્રેટી)=ખુબસુરત.
Sad, adj. (સૅડ)=ઉદાસ.
Wore, v. t. (વૉર)=પહેર્યાં હતાં.
Shabby, adj. (શૅબી)=ગંદાં.
Deed, n. (ડીડ)=કૃત્ય, કામ.
News, n. (ન્યુઝ)=સમાચાર.
Bitterly, adv. ( બીટરલી )=પોકેપોક.
Coin, n. ( કૉઇન )=સીક્કો.

To nail up, v. t. (ટુ નેઇલ અપ )=ખીલા મારી જડવું.
Gate, n. (ગેઇટ)=દરવાજો.
Is fled, v. t. ( ઇઝ ફ્લેડ )= જતો રહ્યો છે. [ =ડોળ કરતી.
Pretending, pre.p.(પ્રીટેન્ડીંગ)
Strange, adj. (સ્ટ્રેન્જ)=અજાણી.
Rough, adj. (રફ)=જેવું તેવું.
Geese, n. (ગીઝ)=હંસો.
Goose-herd, n. ( ગુઝહર્ડ )= હંસોનો રખેવાળ.
Wild, adj. ( વાઇલ્ડ )=જંગલી તોફાની.
Fierce, adj. (ફીયર્સ)=વિકરાળ, ઝનુની.
Truth, n. ( ટ્રુથ )=સત્ય.
Meadow, n. (મેડો)=બીડ.
To watch, v. t. ( ટુ વૉચ ) =તપાસ રાખવી.
Let down=છૂટા મૂકયા. [લટો.
Tresses, n. ( ટ્રેસીસ )=વાળની
Gleamed, n. (ગ્લીમ્ડ)=ચળકયા.
Locks, n. ( લૉકસ )=લટો.
To comb, v. t. (ટુ કોમ્બ) =ઓળવું. [ છુટા ઉડતા.
Flowing, adj. ( ફ્લોઇંગ )=
Is dressed=ગુંથાઈ જાય.

તે બનાવટી રાજકુમારીને એક ઉપરના ઓરડામાં લઈ જવામા આવી. અહીં તેણીએ પોતાનો સ્વારીનો પોશાક બદલીને સુંદર સોનેરી ઝભ્ભો પહેર્યો. દરમીયાન તે વૃદ્ધ રાજાએ બારીની બહાર જોયું અને ખરી રાજકુમારીને ચોગાનમાં જોઇ.

તેણી ઘણી સુંદર અને ખુબસુરત પરંતુ દિલગીર દેખાઇ. જો કે તેણીએ ગંદાં કપડાં પહેર્યાં હતાં તો પણ કોઇ પણ કહી શકે કે તેણી એક રાણીની દીકરી છે.

તે વૃદ્ધ રાજાએ કહ્યું ‘ મને નવાઇ લાગે છે કે તેણી કોણ છે? તેણી દાસી હોવાનો ડોળ કરતી રાજકુમારી જેવી દેખાય છે.’ જયારે તે બનાવટી કન્યા પોતાના સુંદર પોષાકમાં આવી ત્યારે રાજાએ તેણીને પૂછ્યું કે પેલી અજાણી છોકરી કોણ છે ?

તેણીએ કહ્યું “ અરે, તે એક નોકરજ છે. તેણી ઘણી આળસુ છે

અને મને આશા છે કે તમે તેણીને કાંઇ જેવું તેવું સખત કામ કરવાનું આપશો."

તે ઘરડા રાજાએ કહ્યું, "તેણીને શું કામ આપવું તે મને સમજાતું નથી. રહો, તેણી જે છોકરો હંસની ખબર રાખે છે તેને મદદ કરશે."

તે બનાવટી રાજકુમારીએ કહ્યું "તે ચાલશે. તેને માટે કોઈ પણ જાતનું કામ પુરતું સારૂં છે."

તેથી તે સાચી રાજકુમારીને હંસોના રખેવાળ જેનું નામ કોનાર્ડ હતું તેને મદદ કરવા મોકલવામાં આવી.

પછી તે બનાવટી કન્યા જે રાજકુમાર થોડા વખતમાં તેનો પતિ થવાનો હતો તેની પાસે બેઠી. તેમણે ઘણી ચીજોની વાતો કરી. છેવટે તેણીએ કહ્યું "વ્હાલા કુમાર, તમે મારે માટે કાંઇ કરશો ?"

તેણે કહ્યું "જે કંઇ હોય તે. તને ગમે તે માગી લે. તે થશે."

તેણીએ કહ્યું "તો તમારા માણસોમાંથી એકને જે ઘોડા ઉપર બેસીને હું અહિં આવી તે ઘોડાનું માથું કાપી નાખવાનું કહો. તે એક તોફાની અને ઝનુની પ્રાણી છે અને જીવવાને યોગ્ય નથી."

સત્ય એ હતું કે ઘોડો બોલશે (=કહી દેશે) એવી તેણીને બીક હતી. તેણી એક દાસી સિવાય બીજી કોઇ નથી અને ખરી રાજકુમારી હંસના રખેવાળને મદદ કરે છે એમ તે નોકરોને કહેશે એવું તેણીએ ધાર્યું.

કુમારે પોતાના માણસોને ફાલદાને મારી નાખવા કહ્યું અને તે રાતે તે કૃત્ય થયું. જ્યારે ખરી રાજકુમારીએ તે માઠા સમાચાર સાંભળ્યા ત્યારે તેણી પોકેપોક રોઇ કેમકે તેણી તે ઘોડાને ઘણુંજ ચાહતી હતી.

પછી તેણી જે માણસે પોતાના ઘોડાને મારી નાખ્યો હતો તેની પાસે ગઇ. જો તે માણસ તે ઘોડાનું માથું શહેરના દરવાજા ઉપર ખીલાથી જડે તો તેને સોનાનો સિક્કો જે તેણીને પોતાના ગજવામાંથી જડી

આવ્યો હતો તે આપવાનું તેને વચન આપ્યું. જ્યારે તેણી હંસો સાથે શહેરની બહાર અને અંદર જાય આવે ત્યારે પોતાના મિત્રનું માથું જોવાની તેણીની ઇચ્છા હતી.

બીજે દિવસે સવારે જ્યારે ખરી રાજકુમારી અને કોનાર્ડ હંસોને ખેતરમાં લઇ જતાં હતાં ત્યારે તેણીએ દરવાજા ઉપર ફાલદાનું માથું જડેલું જોયું. જ્યારે તેણીએ તે જોયું ત્યારે કહ્યું :—" ફાલદા ! ફાલદા ! તું મરણ પામ્યો છે અને મારા જીવનનો બધો આનંદ જતો રહ્યો છે."

આના જવાબમાં તે માથાએ કહ્યું " અફસોસ ! અફસોસ ! જો તારી માતા જાણે તો તેણીનું પ્રેમાળ હૈયું ખરેખર દીલગીર થાય."

પછી તેઓ હંસોને બીડમાં લઇ ગયાં અને તેમની તપાસ રાખવા બેઠાં. તરત તે રાજકુમારીએ પોતાના વાળ છોડી નાખ્યા અને તેના વાળની લાંબી લટો સૂર્યના પ્રકાશમાં સોનાની માફક ચળકી ઉઠી.

કોનાર્ડ એટલો બધો ખુશી થયો કે તેણે લટોમાંથી એક તોડી લેવાનો પ્રયાસ કર્યો. આ ઉપરથી રાજકુમારી ગાવા લાગી :—

ફૂંકો, પવનની લહેરીઓ, ફૂંકો. હું કહું કે તે હંસના રખેવાળની ટોપી ઉડાડી મૂકો. તેને ઉંચે અને નીચે ઉડાડો. તેની પાછળ કોનાર્ડને જવા દો. હું મારા છુટા ઉડતા વાળને ઓળી લઉં ત્યાં સુધી તેને અહીં તહીં ઉડાડી મૂકો. હું વિનંતિ કરૂં છું કે જ્યાં સુધી મારા વાળ આજે ગુંથાઇ ન રહે ત્યાં સુધી તેને તે પકડવા દેશો નહિ.

સમાપ્ત.

# Lesson 41=પાઠ ૪૧ મો.

## The Goose-Girl-4=હંસવાળી છોકરી-ભાગ ૪.

Sprang up, v. i. (સ્પ્રૅન્ગ અપ)=નીકળી આવી.
Dale, n. (ડેઇલ)=ખીણ.
To chase, n. (ટુ ચેઇઝ)=ની પાછળ જવું. [ઉદાસીન.
Glum, adj. (ગ્લમ)=ખિન્ન,
Sulky, adj. (સલ્કી)=ખીજાએલો. [પામ્યો.
Sank, v. i. (સૅન્ક)=અસ્ત
Bank, n. (બૅન્ક)=કિનારો.
Helper, n. (હેલ્પર)=મદદગાર.
To tease, v. t. (ટુ ટીઝ)=ખીજવવું. [લાયક નહિ.
Not worth living=જીવવા
Worth, adj. (વર્થ)=લાયક.
Bade, v. t. (બેડ)=ફરમાવ્યું.
Did up=સરખા કરી દેતી.
Bush, n. (બુશ)=ઝાડી.
Went on=ખન્ધઃ કર્યું. [ચોરવું.
To steal, v. t. (ટુ સ્ટીલ)=

તરત જ પવનની એક લહેર આવી અને કોનરેડની ટોપી ટેકરી અને ખીણ ઉપર ઉડાડી મૂકી. તે છોકરો તેની પાછળ દોડયો અને જ્યારે તે તેની પાછળ એક જગ્યાએથી બીજી જગ્યાએ દોડતો હતો ત્યારે તે રાજકુમારીએ પોતાના સુંદર વાળ જ્યાં લગી એકે લટ છૂટી ન રહી ત્યાં સુધી ઓળ્યા અને ગુંથ્યા.

જ્યારે કોનરેડ પાછો આવ્યો ત્યારે તે ઘણો ખિન્ન અને ખીજવાએલો હતો અને તેણીની સાથે આખો દિવસ બોલ્યો નહિ. જ્યારે સૂર્ય આથમ્યો ત્યારે તેઓએ પોતાના હંસને બોલાવ્યા અને તેમને શહેર તરફ હાંકયા.

બીજી સવારે દરવાજેથી તેઓ પસાર થયાં ત્યારે તે ગરીબ છોકરીએ એક વાર ફરીને ઘોડાના માથા તરફ જોયું. પછી તેણીએ કહ્યું, "ફાલદા! ફાલદા! તું મરણ પામ્યો છે અને મારી જીંદગીનો બધો આનંદ જતો રહ્યો છે."

આનો તે માથાએ જવાબ વાળ્યો કે, "અફસોસ! અફસોસ! જો તારી મા જાણતી હોત તો તેનું પ્રેમાળ હૈયું ખરેખર દિલગીર થાત."

પછી તેણીએ પોતાના હંસ બીડમાં હાંકયા અને કિનારા ઉપર બેસીને પોતાના સુંદર વાળ ઓળવા લાગી. એકવાર ફરીને કોનરેડે એક લટ ખેંચી લેવાની ઇચ્છા કરી અને એકવાર ફરીને તેણીએ પવનની લહેરોને વાવાને કહ્યું.

તેઓએ તેમ કર્યું અને કોનરેડની ટોપીને ટેકરી અને ખીણ ઉપર ઉડાડી મૂકી. તેણીના વાળ ગુંથાઇ રહ્યા નહિ ત્યાં સુધી તે તેણે પકડી નહિ. કોનરેડ પહેલાંના જેટલો જ ખીજવાએલો હતો અને અંધારૂં થયું ત્યાં સુધી તેઓએ સાથે હંસની સંભાળ રાખી.

જ્યારે તેઓ ઘેર ગયાં ત્યારે કોનરેડ ઘરડા રાજા પાસે ગયો અને તેને કહ્યું "મારા નામદાર, મદદગાર તરીકે પેલી છોકરી સાથે હું વધારે વખત આપના હંસ સાચવીશ નહિ."

રાજાએ પૂછ્યું, "શા માટે નહિ?"

તે છોકરાએ કહ્યું, "કારણ કે તેણી મને આખો દિવસ ખીજવે છે. તેણી મારી જીંદગીને ન જીવવા લાયક બનાવે છે."

પછી રાજાએ તે અજાણી છોકરી વિષે બધું કહેવાને કોનરેડને ફરમાવ્યું.

તેણે તેને કહ્યું કે, 'તેણી દરરોજ સવારે ઘોડાના માથા સાથે બોલે છે અને તે ઘોડાનું માથું તેણીને જવાબ આપે છે.' પછી તેણે કહ્યું કે, 'તે દરરોજ પોતાના વાળ છોડે છે, જે (વાળ) શુદ્ધ સુવર્ણ માફક ચળકે છે.'

'જ્યારે હું એક બે લટ ખેંચી લેવાની ઇચ્છા કરૂં છું ત્યારે તેણી પવનને મારી ટોપી ઉડાડી મૂકવા કહે છે. તે (પવન) તેમ કરે છે અને મારે તેની પાછળ ટેકરી ઉપર અને ખીણમાં જવું પડે છે. જ્યારે હું દૂર હોઉં છું ત્યારે તેણી પોતાના વાળ ફરીથી સરખા કરી દે છે, કે જેથી એક પણ લટ આડી અવળી રહે નહિ.'

બીજે દિવસે તે રાજા પોતાને કોઈ ન જુએ તેમ બીડમાં ગયો. જે કિનારા ઉપર તે રાજકુમારી બેઠી હતી તેની બાજુની ઝાડીમાં તે છૂપાયો. અહીં જે બન્યા કર્યું તે બધું તે જોઈ અને સાંભળી શકયો; પણ કોઈ તેને જોઇ શકયું નહિ.

તેણે કોનરેડ અને તે હંસવાળી છોકરીને બીડમાં હંસ હાંકતાં જોયાં અને પછી તે છોકરીને પોતાના વાળ છોડવાનું શરૂ કરતી તેણે જોઇ. કોનરેડ તદ્દન સાચો હતો; તે શુદ્ધ સોના માફક ચળકતા હતા.

પછી તેણે કોનરેડને એક લટ ચોરી લેવાની કોશીશ કરતો જોયો અને છોકરીને ગાતી સાંભળી કે :—"ફૂંકો, ઓ પવનની લહેરો ફૂંકો. હું કહું છું કે તે હંસના રખેવાળની ટોપી ઉડાડી મૂકો. તેને ઉંચે ઉડાડો અને નીચે ઉડાડો. કોનરેડને તેની પાછળ જવા દો. મારા છુટા ઉડતા વાળ હું ઓળું ત્યારે તેને અહીં તહીં ઉડાડો. હું વિનંતિ કરૂં છું કે આજે મારા વાળ ગુંથાઇ રહે ત્યાં સુધી તેને તે પકડવા ન દો."

---

# Lesson 42=પાઠ ૪૨ મો.

## The Goose Girl—5=હંસવાળી છોકરી-ભાગ ૫.

In order, ( ઇન ઑર્ડર )= વ્યવસ્થિત. [ વિચિત્ર.

Strange, adj. ( સ્ટ્રેન્જ )=

Meant, v. t. ( મેન્ટ )=નો અર્થ હતો. [ હિંમત કરવી.

To dare, v. i. ( ટુ ડૅર )=

To hurt, v. t. ( ટુ હર્ટ )= ઈજા કરવી.

Has ridden, v. t. ( હૅઝ રીડન )=ના ઉપર સ્વારી કરી છે.

To tend, v. t. ( ટુ ટેન્ડ )= સંભાળ રાખવી. [ દુર્દશા.

Plight, n. ( પ્લાઇટ )=

To break, v. i. ( ટુ બ્રેક ) =તુટવું.

Cheat, n. ( ચીટ )=ઠગારી.

Had stolen, v. t. ( હૅડ સ્ટોલન )=ચોર્યાં હતાં. [ છેતરવું.

To cheat, v. t. ( ટુ ચીટ )=

Ill–treated, adj. ( ઇલટ્રીટેડ) =હેરાન થએલી. [ હાસ્ય કર્યું.
Smiled, v. i. ( સ્માઇલ્ડ )=મંદ
Feast, n. ( ફીસ્ટ )=મીજબાની.
Head, n. ( હેડ )=મોખરો.
Wronged, adj. ( રૉન્ગ્ડ )= અન્યાય પામેલી.
Ought to be done ( ઑાટ ટુ બી ડન )=કરવું જોઇએ.
Tripped, v. i. ( ટ્રિપ્ડ)=ઉતરી.
Stairs, n. ( સ્ટેર્સ )=સીડી.
Lovely, adj. (લવલી)=મનોહર.
Carried herself, ( કૅરીડ હર-સેલ્ફ )=વર્તી હતી. [ રીતે.
Nobly, adv. ( નોબ્લી )=ઉમદા
To lock up, v. t. ( ટુ લૉક અપ )=પૂરી મૂકવું.
Life, n. ( લાઇફ )=જીંદગી.
Prison, n. ( પ્રીઝન )=કેદખાનું.
Wickedly, adv. ( વીકેડલી ) =દુષ્ટ રીતે. [ ઇન્સાફ કરવો.
To judge, v. t. ( ટુ જજ )=
Case, n. (કેઇસ)=કેસ, બાબત.
Punishment, n. ( પનીશ-મેન્ટ )=શિક્ષા. [ વચ્ચે, માં.
Amidst, prep. ( ઍમીડસ્ટ )=
Happily, adv. ( હૅપીલી )= સુખથી.
Fairy, n. (ફેરી)=પરી.

પછી તે રાજાને પવનની લહેર ફૂંકાતી જણાઇ અને તેણે જોયું કે તેણે કોનરેડની ટોપી દૂર ઉડાડી મૂકી. તેને પકડવાને તે છોકરાને કેટલાક માઇલ દોડવું પડ્યું.

વળી તેણે જોયું કે, જ્યારે તે છોકરો પોતાની ટોપી પાછળ દોડતો હતો ત્યારે તે છોકરી પોતાના વાળ ઓળતી હતી અને ગુંથતી હતી. તે પાછો આવ્યો તેટલા વખતમાં તે ગુંથાઇ ગયા. જો કે રાજાએ આ બધું જોયું; પણ તેણે તે હંસવાળી છોકરીને પોતાને જોવા દીધો નહિ.

રાત્રે તેણે તેણીને પોતાની પાસે બોલાવી અને તેણીને પૂછ્યું કે ‘ તું કોણ છે અને આ વિચિત્ર ચાળાનો ( =બનાવનો ) શો અર્થ છે ? તે હંસવાળી છોકરી રડી પડી અને કહ્યું કે, “ હું તમને કહેવાની

હીંમત કરી શકતી નથી. કેમકે જો હું કહું તો મને મારી નાંખવામાં આવે. "

રાજાએ કહ્યું, " છટ, તે વિષે મને સઘળું કહે અને તને કોઈ ઈજા ન કરે તે હું જોઈશ. " તે એટલો બધો માયાળુ જણાયો કે તે છોકરીએ બધી વાત તેને કહી.

તેણીએ કહ્યું કે, " હું રાણીની પુત્રી છું અને એક ખોટી નોકરડીએ મારી જગ્યા લીધી છે. તેણીએ મારા ઘોડા ઉપર સ્વારી કરી છે અને તેને મારી નાખ્યો છે. તેણીએ મારાં કપડાં પહેર્યાં છે અને હવે મારા રાજકુંવર સાથે બેસે છે, જ્યારે હું ખેતરમાં હંસની સંભાળ રાખું છું. હે મારા નામદાર ! મને મારી મા પાસે પાછી મોકલો. જો તે મારી દુર્દશા જાણે તો તેનું હૃદય ફાટી જાય. "

પછી તે રાજાએ તેને ચુંબન કર્યું અને તેણીની આંખો લુછી. પછી રાજાએ તેણીને એક રાજકુમારીની માફક કે જે તેણી ખરેખર હતી તેની માફક કપડાં પહેરાવવાને પોતાના નોકરોને હુકમ કર્યો.

જ્યારે તેણી પોતાના સુંદર પોશાકમાં સીડી ઉતરી ત્યારે કોઈ પણ પોતાની અડધી આંખે પણ કહી શકે કે તે રાજકુમારી છે. તેણી એટલી બધી મધુર અને મનોહર લાગતી હતી અને એટલી ઉમદા રીતે વર્તતી હતી.

પછી રાજાએ પોતાના પુત્રને બોલાવ્યો અને કહ્યું કે, " તારી સ્ત્રી રાજકુમારી નથી ; પણ એક ઠગારી છે." તેણે કહ્યું કે, " તેણી રાણીની પુત્રી નથી પણ એક દાસી છે જેણે ખરી રાજકુમારીનો ઘોડો અને કપડાં ચોરી લીધાં છે." તેણે કહ્યું કે, " ખરી રાજકુમારી તારી સ્ત્રી તો આ ઉભી. '

તરત જ તે રાજકુમાર સમજ્યો કે, પોતાને છેતરવામાં આવ્યો હતો. તે સુંદર પણ હેરાન થએલી રાજકુમારીના હાથને ચુંબન કરવા ઘુંટણીએ પડયો, અને તે રાજકુમારીએ તેની તરફ સ્મિત કર્યું.

પછી એક મોટી મીજબાની કરવામાં આવી અને બધા તેમાં બેઠા. રાજા ટેબલના મોખરે બેઠો. બનાવટી રાજકુમારી એક બાજુએ અને સાચી રાજકુમારી બીજી બાજુએ બેઠી.

મીજબાની દરમીયાન તે અન્યાય પામેલી રાજકુમારીની વાત કહી. જે આવી દુષ્ટ રીતે વર્તી હોય તેને શું કરવું જોઇએ એવું તેણે તે બનાવટી સ્ત્રીને પૂછ્યું.

તે દાસીએ કહ્યું કે, 'તેણીને અંધારા કેદખાનામાં જીંદગી સુધી પુરી મૂકવી જોઇએ. તેણીને માટે બીજું વધારે કાંઈ હોઇ શકે નહિ.'

તે ઘરડા રાજાએ કહ્યું કે, 'તું સાચું કહે છે. તું પોતે તે આસામી છે, જેણે એટલું દુષ્ટ (વર્તન) કર્યુ છે. તેં તારા પોતાના કેસનો ઇન્સાફ કર્યો છે અને તને શી શિક્ષા થાય તે કહ્યું છે.'

તેથી તેમણે તે બનાવટી રાજકુમારીને અંધારા કેદખાનામાં પુરી દીધી, કેમકે તેણીએ ખરી રાજકુમારીને દુષ્ટ રીતે અન્યાય કર્યો હતો અને તેમને બધાને છેતર્યા હતા.

પછી તે રાજકુમાર અને રાજકુમારીને બધા લોકોના આનંદ વચ્ચે પરણાવવામાં આવ્યાં. તેઓ ત્યાર પછી કાયમ સુખેથી જીવ્યા. હું તમને કહેતાં ખુશી થાઉં છું કે એક ભલી પરીએ ફાલદાને પાછો સજીવન કર્યો અને તે સારા ઘોડાએ તે રાજકુમારીને ઘણાં વર્ષ સ્વારી કરાવી.

# ( વડોદરા આવૃત્તિ )

## પરિશિષ્ટ – કવિતા.

## Waste not Want not =

## નકામું ન બગાડો તો તંગી ન પડે.

To waste, v. ( ટુ વેઇસ્ટ )= બગાડવું.
To want, v. ( ટુ વૉન્ટ )= ની જરૂર હોવી, ની તંગી હોવી.
To throw, v. (ટુ થ્રો)=ફેંકવું.
Floor, n. ( ફ્લોર )=જમીન.
Crust, n. (ક્રસ્ટ)=રોટલાનો કકડો.
Hungry, adj. (હંગ્રી)=ભૂખ્યા.
Quite, adv. (ક્વાઈટ)=પૂરેપુરી.
Little one, (લીટલ વન)=બચ્ચું.
Treat, n. ( ટ્રીટ )=મીજબાની, ભોજન. [ સ્વચ્છંદી.
Wilful, adj. ( વીલફુલ )=
Waste, n. (વેઇસ્ટ)=બગાડ.
Brings, v. (બ્રીંગ્ઝ)=લાવે છે.
Woeful, adj. ( વોફુલ )=દુઃખદાયક.
Want, n. ( વૉન્ટ )=તંગી.
Bread, n. ( બ્રેડ )=રોટલો.
Which, p. ( વીચ )=જે.
Threw, v. ( થ્રુ )=ફેંકી દીધો.

જે રોટલાનો ટુકડો હું ખાઈ શકું નહિ તે મારે જમીન ઉપર ફેંકી દેવો ન જોઇએ; કેમકે ઘણાં નાનાં બચ્ચાં તેને પૂરેપુરી મીજબાની માનશે.

તે એ છે કે "સ્વચ્છંદી બગાડ દુઃખદાયક તંગી લાવે છે (=સ્વચ્છંદી બગાડથી દુઃખદાયક તંગી આવે છે)." અને હું એવું કહેવાને ઊવું કે "અહા! જે રોટલો મેં એક વખત ફેંકી દીધો તે મારી પાસે હોત તો કેવું સારૂં!"

( How I wish I had = મારી પાસે હોત એવું હું કેવું ઇચ્છું છું = મારી પાસે હોત તો કેવું સારૂં ).

---

## The sale of the pet lamb = માનીતા ઘેટાના બચ્ચાનું વેચાણ.

Thousand, adj. ( થાઉઝેન્ડ) હજાર. [ ઘેટાંનાં ટોળાં.
Flocks, n. ( ફ્લૉકસ )=જથા,
Were, v. ( વેર )=હતાં.
Hills, n. ( હીલ્સ )=ટેકરીઓ.
More, adj. ( મૉર )=વધારે.
Feeding, pre. p. ( ફીડીંગ )= ખાતાં. [ સૂર્યનો તડકો.
Sunshine, n. ( સનશાઇન )=
Pleasantly, adv. (પ્લેઝન્ટલી) =ખુશીથી.
Rich, adj. ( રીચ)=પૈસાદાર.
Store, n. (સ્ટોર)=ખજાનો, જથો.
While, n. ( વ્હાઇલ )=વખત.
Beside, prep. (બીસાઇડ)=પાસે
Cottage, n. (કૉટેજ)=ઝુંપડું.
Door, n. (ડૉર)=બારણું.
Bread, n. (બ્રેડ)=રોટલો.
Downcast, adj. (ડાઉનકાસ્ટ) =નીચી ઢાળેલી, ઉદાસ.
Threshold, n. ( થ્રેશોલ્ડ )= ઉંબરો. [ રહ્યો.
Stood, v. ( સ્ટુડ ) =ઉભો
Gaunt, adj. (ગૉન્ટ)=દુબળી.
Poverty, n. (પૉવર્ટી)=ગરીબાઇ.
Pleasant, adj. (પ્લેઝન્ટ)=ખુશ.
Thought, n. (થૉટ)=વિચાર.
Had subdued, v. ( હૅડ સબડયુડ )=દબાવી દીધો હતો.
To weep, v. (ટુ વીપ)=રડવું.
Down-drooping, adj. (ડાઉન-ડ્રુપીંગ )=નીચું નમેલું.
Task, n. (ટાસ્ક)=કામ.[લેતું હતું.
Rested, v. ( રેસ્ટેડ )=આરામ
'Neath, = Beneath.
Ate, v. ( એટ )=ખાતું હતું.
Meek, adj. (મીક)=નમ્ર, ગરીબ.
Creature, n. (ક્રીચર)=પ્રાણી.
Nestled, v. (નેસલ્ડ)=સુઇ જતું હતું.
Nestled to their knee =(તેમના ઘુંટણની લગોલગ સુતું હતું)
Knee, n. ( ની )=ઘુંટણ.
Place, n. ( પ્લેસ )=જગ્યા.
Hearts, n. (હાર્ટસ)=હૃદયો.
Family, n. ( ફેમીલી )=કુટુંબ.
Armed, adj. ( આર્મેડ )=હથીઆરબંધ.

Shed, n. (શેડ)=ઝુંપડું, છાપરી.
Laboured, v. (લેબર્ડ)=મજુરી
કરતો હતો. [ માટે.
That, conj. ( ધેટ )=એટલા
Might be fed=ને ખવરાવી
શકાય. [ હોલ્ડ)=ઘરની,
Household, adj. ( હાઉસ
Household things, ( હાઉસ-
હોલ્ડ થીંગ્ઝ )=ઘરવખરી.
Were sold, v. ( વેર સોલ્ડ )
=વેચવામાં આવી.
Mournfully, adv. ( મોર્ન-
ફુલી )=શોક ભરેલી રીતે.
Price, n. (પ્રાઇસ)=કિંમત.
Went, v. ( વેન્ટ )=ગયું.
( Go નું ભૂ. કા. )
Parting, n. ( પાર્ટીંગ )=વિયોગ.
Pang, n. ( પૅન્ગ )=દર્દ.
Hardest, adj. ( હાર્ડેસ્ટ )=
કઠણમાં કઠણ. [ ફાડી નાંખવાને.
To wring, inf. ( ટુ રીન્ગ )=
Tender, adj. (ટૅન્ડર)–કોમળ.
Soul, n. (સોલ)=આત્મા.
Fervent, adj. ( ફર્વેન્ટ )=
ઉત્કટ, આતુર.
Doth = Does.

To cling, v. ( ટુ કલીન્ગ )
=વળગવું.
Hath=Has. [ =ડોળ.
Feignings, n. ( ફેઇનીન્ગ્ઝ )=
False, adj. (ફૅાલ્સ)=જુઠા.
Unto, prep. (અન્ટુ)=માં,
Gentle, adj. (જેન્ટલ)=નમ્ર.
Therefore conj. ( ધેરફૅાર ).
=તેટલા માટે. [ શોક ભરેલું.
Sorrowful adj. (સૅારોફુલ)=
To plead, v. ( ટુ પ્લીડ )=
દલીલ કરવી.
Piteously, adv. (પીટીઅસલી)
=દયા ઉપજાવે તેવી રીતે.
Loveth=Loves.
Besides, adv. ( બીસાઇડ્ઝ )
ઉપરાંત, વળી. [ વિશાળ.
Broad, adj. (બ્રૅાડ)=પહોળી,
Impotent, adj. ( ઇમ્પોટન્ટ)
=જુસ્સા વગરની.
Despair, n. (ડીસપેર)=નિરાશા.
Wide, adj. ( વાઇડ )=પહોળી,
વિશાળ. [ પ્લેસ)=સંતાવાની જગા.
Hiding–place, n. ( હાઇડીંગ
Vain, adj. (વેઇન)=ફોગટ, વ્યર્થ.

Straightway, adv. ( સ્ટ્રેઇટ વે )=સીધું.
Tied, v. (ટાઇડ)=બાંધી દીધું.
Cord, n. ( કૉર્ડ)=દોરી.
Common, n. (કૉમન)=જાહેર જમીન.
Flinty, adj. (ફ્લીન્ટી)=સખત.
Brown, adj. (બ્રાઉન)=ભુખરી.
Throughout, prep. ( થ્રુઆઉટ )=દરમીયાન.
Morrow, n. ( મૅારો )=બીજો દિવસ.
Everything, n. (એવરીથીંગ)= દરેક ચીજ.
Mornful, adj. ( મોર્નફુલ )= શોકથી ભરેલો.
Thought, n. (થૅાટ)=વિચાર.
To borrow, v. (ટુ બૅારો)=લેવું.
Very, adj. (વેરી)=તેજ.
Sorrow, n. ( સૅારો )=દિલગીર.

ઘેટાંના હજાર અને વધારે ટોળાં ટેકરીઓ ઉપર સૂર્યના તડકામાં આનંદથી ખાતાં (=ચરતાં) હતાં. તેઓ શ્રીમંત માણસની મીલ્કત હતાં. તે વખતે ઝુંપડાના બારણા પાસે એક નાનું ઘેટાંનું બચ્ચું હતું.

એક નાનું ઘેટાનું બચ્ચું કે જે છોકરાંઓ સાથે ઝાડ તળે આરામ લેતું હતું, જે ગરીબ પ્રાણી તેમના હાથમાંથી ( ખાવાનું લઇ ) ખાતું હતું અને તેમના ઘુંટણ પાસે સૂતું હતું અને જેને તેમના હૃદયમાં સ્થાન હતું—તે ( તેમના ) કુટુંબમાંનું એક હતું.

પણ તંગી બરાબર એક હથીઆરબંધ માણસની પેઠે તેમના ઝુંપડા ઉપર ઉતરી. બાપ પોતાનાં છોકરાંને ખાવાનું મળે તેટલા માટે આખો દિવસ મજુરી કરતો હતો. અને એક પછી એક તેમની ઘરવખરી તેમને માટે રોટલો ખરીદવાને માટે વેચવામાં આવી.

તે બાપ ઉદાસીભરેલી આંખે પોતાના ઉંબરા ઉપર ઉભો હતો. દુર્બળ ગરીબાઇએ તે હૃદયમાંના દરેક આનંદદાયક વિચારને દબાવી દીધો હતો. તેણે કહ્યું " તે પ્રાણીની જીંદગીનો અમારે શો ખપ છે ? તે અમારે માટે તે ખોરાક ખરીદશે (=તેનાથી અમારો ખોરાક ખરીદાશે.)

અરે ! જો કે છોકરાં આખો દિવસ રડે છે અને માથાં નીચાં ઢાળી દરેક પોતાનું કામ શોકભર્યાં કરે છે, તો પણ ભૂખ્યાંને ખાવા

જોઇએ. અને જે કિંમત લાવે છે તે અમારે માટે રોટલો ખરીદવામાં જવું જોઇએ.

તે ગયું. અહા ! વિયોગનું દર્દ એવું છે કે તે કઠણમાં કઠણ હૃદયને ચીરી નાખે છે. પરન્તુ નાના બાળકનો કોમળ આત્મા જે પ્રેમમાં ખોટો ડોળ હોતો નથી તેવા ઉત્કટ પ્રેમથી દરેક નમ્ર ચીજને વળગી રહે છે.

તેથી તે નાનાં છોકરાંઓને તે ઘેટાના બચ્ચા માટે દયા ઉપજાવે તેવી રીતે દલીલ કરતાં સાંભળવું અને જોવું એ ઘણું જ શોકજનક હતું. " ઓ વ્હાલી માતા ! તે અમને ચાહે છે અને આપણી પાસે બાજું શું છે ? "

એક મજબૂત છોકરાએ જુસ્સા વગરની નિરાશામાં કહ્યું " ચાલો આપણે તેને વિશાળ લીલી ટેકરીમાં લઇ જઇએ. ચાલો આપણે તેને દૂર લઇ જઇએ. ટેકરીઓ વિશાળ અને સુંદર છે. હું એક સંતાડવાની જગ્યા જાણું છું અને આપણે તેને ત્યાં રાખીશું. "

અરે ! તે ફોગટ હતું. તેઓએ તે નાના ઘેટાના બચ્ચાને લીધું અને રાંધું તેને મજબુત દોરડાથી સખત બાંધ્યું અને તેઓએ તેને સુખરી જમીન તથા ગરમ અને કઠણ રસ્તાઓ ઉપર થઇને શહેરમાં લઇ ગયા.

તે નાનાં છોકરાંઓને તે આખો દિવસ અને બીજા આખા દિવસ દરમીયાન ઘરની આજુબાજુની દરેક ચીજ ઉપરથી શોકજનક વિચાર આવ્યો. તેમને ખાવાનો હતો તે રોટલો જ તેમનો દિલગીરીમાંનો ખોરાક હતો.

---

## The Beggar Man=ભિખારી.

Beggar, n. ( બેગર )=ભિખારી.
Around, prep. ( ઍરાઉન્ડ ) આસપાસ.
Fire, n. ( ફાયર )=અગ્નિ, તાપણી. [શીઆળાની.
Wintry, adj. ( વીન્ટ્રી )=

Night, n. ( નાઈટ )=રાત્રિ.
Farmer, n. ( ફાર્મર )=ખેડૂત.
Rosy, adj. ( રોઝી )=ગુલાબી.
Age, n. ( એઈજ )=ઉમર, અવસ્થા.
Path, n. ( પાથ )=પગથી.
To descry v ( ટુ ડીસ્ક્રાય ) જોવું. [ લુગડાં.
Rags, n. (રૅગ્ઝ)=ફાટયાં તુટયાં
Rage, n. ( રેઈજ )=ગુસ્સો.
Ill, adv. ( ઇલ )=બરાબર નહિ, મુસ્કેલીથી. [ ટકવું.
To stand, v. ( ટુ સ્ટૅન્ડ )=
Keen, adj. ( કીન )=જલદ
Fagot, n. ( ફૅગટ )=બળતણ, ચીરીયાં. [ હતાં.
Lent, v. ( લૅન્ટ )=આપતાં
Blazing, pre-p. ( બ્લેઝીંગ ) =ઝગઝગતું.
Light, n. ( લાઇટ )=તેજ.
Jokes, n. ( જોક્સ )=મશ્કરીઓ.
Went round, (વૅાન્ટ રાઉન્ડ) =ચાલતી હતી. [ બેશીકર.
Careless, adj. ( કૅરલેસ )=
Chat, n. ( ચૅટ )=વાતચીત.
Hark, v. ( હાર્ક )=સાંભળો.

Gentle, n. ( જેન્ટલ )=ધીમો.
Low, adv. ( લો )=ધીમેથી.
Tapping, pre. p. ( ટૅપીંગ ) =ટકોરા મારતો, ઠોકતો. [ વાસેલું
Bolted, adj. ( બોલ્ટેડ )=
Thus, adv. (ધસ)=આ પ્રમાણે.
To gain, v. (ટુ ગેઈન)=મેળવવું.
Willing, adj. (વીલીંગ)=ખુશી.
Feeble, adj. (ફીબલ)=નબળો.
Voice, n. ( વૅાઇસ )=અવાજ.
Was heard, v. ( વૅાઝ હર્ડ ) સંભળાયો. [=તીક્ષ્ણ.
Inclement, adj. (ઇન્કલેમેન્ટ)
Sky, n. ( સ્કાય )=હવા.
Faint, adj. (ફેઈન્ટ)=કમજોર.
Tottering, pre. p. (ટૅાટરીંગ) =ટગમગતા.
Feet, n. ( ફીટ )=પગ.
Palsied, adj. (પૅલ્સીડ)=બહેર મારી ગએલું.
Frame, n. ( ફ્રેમ )=શરીર.
To bear, v. (ટુ બૅર)=ઉંચકી રાખવું, ધારણ કરવું.
Freezing, pre. p. ( ફ્રીઝીંગ ) ઠરી જવું.
Heart, n. ( હાર્ટ )=હૃદય.

Forgets, v. ( ફૉર્ગેટ્સ )=ભૂલી જાય છે. [ ધબકવાનું
To beat, inf. ( ટુ બીટ )=
Drifting, pre. p. ( ડ્રીફ્ટીંગ ) =ઢગલા હતા.
Snows, n. ( સ્નોઝ )=બરફ.
Tomb, n. ( ટોમ્બ )=કબર.
To prepare, v. ( ટુ પ્રીપેર ) =તૈયાર કરવું. [=આદર સત્કારી.
Hospitable, adj.(હોસ્પીટેબલ)
To shield, v. ( ટુ શીલ્ડ )= રક્ષણ કરવું. [ જલદ.
Biting, pre. p. ( બાઇટીંગ )=
Weary, adj. ( વીઅરી )= થકવી નાખે તેવું.
To implore, v. (ટુ ઇમ્પ્લોર) =આજીજી કરવી.
Was heard implore ( વૉઝ હર્ડ ઇમ્પ્લોર )=આજીજી કરતો સંભળાયો.
Cold, adv. (કોલ્ડ)=ઠંડું.
Blast, n. ( બ્લાસ્ટ )=પવનનો સપાટો. [ છે.
Blows, v. ( બ્લોઝ )=વાય
Moor, ( મુર )=બાનાશ, અને ઘાસવાળું મેદાન.

Sleet, n. ( સ્લીટ )=કરા સાથેનો [ વરસાદ.
Drives, v. ( ડ્રાઇવ્ઝ )=જોસથી પડે છે. [અવાજ કરતો.
Hissing, pre. p. ( હીસીંગ )=
Wind, n. ( વીન્ડ )=પવન.
Yon, adj. (યૉન)=પેલો.
Mountain, n. ( માઉન્ટન )= પર્વત. [ શરૂ ઉપજાવે તેવો.
Toilsome, adj. (ટૉઇલસમ)=
Before, adv. (બીફોર)=આગળ.
Dreary, adj. (ડ્રીઅરી)=નિર્જન.
Treeless, adj. (ટ્રીલૅસ)=ઝાડ વગરનું. [ મેદાન.
Waste, n. ( વેઇસ્ટ )=ઉજડ.
Behind, adv. ( બીહાઇન્ડ )= પાછળ.
Weak, adj. (વીક)=નબળો.
Dim, adj. (ડીમ)=ઝાંખવાળો.
Have passed, v. (હેવ પાસ્ડ) =પસાર કર્યું છે.
Hasty, adj. (હેસ્ટી)=ઉતાવળા.
Steps, n. (સ્ટૅપ્સ)=પગલાં.
Close beside, (ક્લોઝ બીસાઇડ) =ઘણો નજીક.
To place, v. (ટુ પ્લેસ)=મૂકવું.

Half-frozen, adj. ( હાફ ફ્રોઝન )=અડધો ઠરી ગએલો.
Shaking, pre. p. ( શેઇકીંગ ) =ધ્રૂજતા.
Limbs, n. (લીમ્બ્ઝ)=અવયવો.
Pale-blue, adj. (પેઇલ-બ્લ્યુ) ફીકો વાદળી.
Face, n. (ફેઇસ)=ચહેરો.
Flocking, pre. p. (ફ્લૉકીંગ) ટોળે વળતાં. [ ગરમ કર્યા.
Chafed, v. ( ચેઇફ્ડ )=ઘસીને
Theirs, p. (ધેર્સ)=તેઓના.
Busily, adv. ( બીઝીલી )= મહેનતથી.
Dame, n. ( ડેઇમ)=ડોશી.
Comfortable, adj. ( કમ્ફર્ટેબલ )=સુખદાયક.
Mess, n. (મેસ)=ભાણું, પત્રાળી.
Kindness, n. (કાઇન્ડનેસ)=દયા.
Cheered, v. (ચીઅર્ડ)=આનંદ આપ્યો.
Drooping, pre. p. ( ડ્રુપીંગ ) શીથીલ થઇ જતા, લથડી જતા.
Soul, n. ( સોલ )=આત્મા.
Slowly, adv. (સ્લોલી)=ધીમેથી.
Wrenkled, adj. ( રીન્કલ્ડ ) =કરચલીવાળા.
Cheek, n. ( ચીક )=ગાલ.
Tear, n. ( ટીઅર )=આંસુ.
To roll, v. ( ટુ રોલ )=ઢળવું ( =ટપકવું ). [ આભાર.
Thanks, n. ( થેન્ક્સ )=
Began, v. ( બીગૅન )=શરૂ કર્યું; [ લાગ્યાં.
To sigh, v. (ટુ સાઇ)= ડુસકાં ભરવાં.
Merry, adj. ( મૅરી )=આનંદી.
Was o'er=Was over=બંધ થઈ હતી.
Felt more glad, ( ફેલ્ટ મોર ગ્લૅડ )=વધારે આનંદ થયો.
Than they had done before=તેમને પહેલાં થયો હતો તે કરતાં. [ હતાં.
Knew, v. (ન્યુ )=જાણતાં

એક શીઆળાની રાતે ખેડૂતનાં ગુલાબી બાળકો તાપણી ફરતાં બેઠાં હતાં. બળતણ પોતાનું ઝગઝગતું તેજ આપતું હતું અને મશ્કરીઓ તથા બેફીકર વાતચીત ચાલતી હતી.

જ્યારે (=ત્યારે ) સાંભળો ! એક ધીમો હાથ બંધ બારણાને

ધીમેથી ઠોકતો તેમણે સાંભળ્યો અને આ પ્રમાણે તેમનો ખુશી કાન મેળવવાને ( તેમનું ખુશી ધ્યાન ખેંચવાને ) આજીજી કરતો નબળો અવાજ સંભળાયોઃ—

"ભીનાશ અને ઘાસવાળા મેદાન ઉપર પવનનો સપાટો ઠંડો વાય છે. કરાવાળો વરસાદ પવનમાં અવાજ કરતો જોસથી પડે છે. આગળ પેલો થાક ઉપજાવે તેવો પર્વત પડયો છે અને પાછળ નિર્જન, ઝાડ વગરનું ઉજડ મેદાન પડયું છે."

"અવસ્થાને લીધે મારી આંખો નબળી અને ઝાંખવાળી થઈ ગઇ છે. હું કંઇ રસ્તો કે પગથી જોઈ શકતો નથી. અને આ ફાટયાં તુટયાં લુગડાં જલદ અને તીક્ષ્ણ હવાના ગુસ્સા ( =જોસ ) સામે મુશ્કેલીથી ટકે છે."

"હું એટલો કમજોર છું કે આ ટગમગતા પગ વધારે વખત મારા બહેર મારી ગએલા શરીરને ધારણ કરી શકતા નથી. મારૂં ઠરી જતું હૃદય ધબકવાનું ભૂલી જાય છે, અને એકઠો થતો બરફ મારી કબર તૈયાર કરે છે."

"તમારૂં આદરસત્કાર ભરેલું બારણું ઉઘાડો અને મને જલદ પવનના સપાટાથી બચાવો. તે ( ભીનાશ અને ઘાસવાળા ) થકવી નાંખે તેવું જે મેદાન મેં પસાર કર્યું છે તેના ઉપર ઘણો ઠંડો વાય છે."

ઉતાવળે પગલે તે ખેડુત દોડયો અને ધ્રજતા અવયવોવાળા અને ફીકા–આસમાની ચહેરાવાળા તે ગરીબ અડધા ઠરી ગએલા ભીખારીને તાપણી ઘણો નજીક તેઓ મૂકે છે ( =તેઓએ મૂકયો. )

નાનાં છોકરાં ટોળે મળીને આવ્યાં અને પોતાના હાથમાં તેના ઠરી ગએલા હાથને ઘસીને ગરમ કર્યાં, અને તે ભલી ડોશી સુખ-દાયક ખાણું મહેનતથી તૈયાર કરે છે.

તેમની દયાએ શીથીલ થઈ જતા આત્માને ખુશી કર્યો અને તેના કરચલીવાળા ગાલ ઉપર થઈને એક મોટું ગોળ આંસુ ધીમેથી

ઢળતું જણાયું, તે આંસુએ જે તે બોલી શકતો ન હતો તે આભાર કર્યો ( =આભારની લાગણી બતાવી ).

પછી તે છોકરાં ડુસકાં ભરવા લાગ્યાં અને તેમની બધી આનંદી વાતચીત બંધ થઈ ગઈ હતી અને છતાં તેઓ સમજતાં ન હતાં કે શાથી તેમને પહેલાં જે આનંદ થયો હતો તેનાં કરતાં વધારે આનંદ લાગ્યો.

---

## The Better Land=વધારે સારી ભૂમિ.

Better, adj.(બેટર)=વધારે સારી.
Callest, v. ( કૅાલેસ્ટ )=કહે છે.
Band, n. (બેન્ડ)=ટોળી, ટુકડી.
Radiant, adj. ( રેડીઅન્ટ )= પ્રકાશિત. [ સુગંધીદાર બનાવવું.
To perfume, v. (ટુ પરફ્યુમ)=
Breeze, n. ( બ્રીઝ )=પવનની લહેર. [ =વિચિત્ર
Strange, adj. ( સ્ટ્રેઇન્જ )
Bright, adj. (બ્રાઇટ)=પ્રકાશતાં.
Shore, n. (શોર)=કિનારો.
To seek, v. (ટુ સીક)=શોધવું.
To weep, v. (ટુ વીપ)=રડવું.
Orange, n. (ઑરેન્જ)=નારંગીનું ઝાડ.
Blows, v. (બ્લોઝ)=ખીલે છે.
Fire-flies, n. (ફાયર ફ્લાઇઝ)= આગીયા. [ ચળકતું.
To glance, v. ( ટુ ગ્લૅન્સ )=
Myrtle, adj. ( મર્ટલ )=મેંદી, હંમેશાં લીલા છોડ.
Boughs, n. (બોઝ)=ડાળીઓ.
Feathery, adj. (ફેધરી)=પીંછાવાળાં. [ ખજુરીનું ઝાડ.
Palm trees, n. (પામ ટ્રીઝ)=
Rise, v. (રાઇઝ)=ઉંચાં ઉગે છે.
Date, n. (ડેઇટ)=ખારેક.
Grows, v. (ગ્રોઝ)=ઉગે છે.
Ripe, adj. (રાઇપ)=પાકી.
Grows ripe, ( ગ્રોઝ રાઇપ )= પાકી થાય છે. [ વાળા.
Sunny, adj. ( સની )=તડકા-
Skies, n. (સ્કાઇઝ)=આકાશ.
Fragrant, adj. ( ફ્રેગન્ટ )= સુગંધી.
Forests, n. (ફૉરેસ્ટસ)=જંગલો.
Starry, adj. ( સ્ટારી )=તારા જેવી ચળકતી.

To bear v. (ટુ બૅર)=લઈ જવું.
Rich, adj. (રીચ)=ઉંચી જાતના.
Hues, n. ( હયુઝ )=રંગો.
Glorious, adj. ( ગ્લોરીઅસ )
=પ્રકાશિત. [ પ્રદેશ.
Region, n. ( રીજીઅન )=
To wander, v. ( ટુ વૉન્ડર )
ભટકવું.
Sands, n. ( સૅન્ડઝ )=રેતી.
Burning, adj. ( બર્નીંગ )=
લાલચોળ.
Rays, n. ( રેયઝ )=કિરણો.
Ruby, n. ( રૂબી )=માણેક.
To shine, v. ( ટુ શાઈન )=
પ્રકાશવું.
Diamond, n. (ડાયમન્ડ)=હીરો.
To light, v. ( ટુ લાઈટ )=
પ્રકાશિત કરવું.
Secret, adj. ( સીક્રેટ )=છુપી.
Mine, n. ( માઈન )=ખાણ.
Pearl, n. ( પર્લ )=મોતી.
Gleams forth, (ગ્લીમ્સ ફોર્થ)
=ચળકી ઉઠે છે.
Coral, ( કોરલ )=પરવાળાંવાળો.
Strand, n. ( સ્ટ્રૅન્ડ )=કિનારો.

'Midst=Amidst=માં.
Green, adj. ( ગ્રીન )=લીલા.
Islands, n. ( આઈર્લૅન્ડઝ )=
ટાપુઓ. [ પ્રકાશતા, ચળકતા.
Glittering, pre. p. (ગ્લીટરીંગ)=
Sweet, adj. ( સ્વીટ )=મીઠી.
Hath=Has.
Deep, adj. ( ડીપ )=ગહન.
Dreams, n. ( ડ્રીમ્સ )=સ્વપ્નાં.
To picture, v. ( ટુ પીકચર )
=ચીતરવું.
World, n. ( વર્લ્ડ )=દુનીયા.
Sorrow, n. ( સૅારો )=દિલગીરી.
Death, n. ( ડૅથ )=મૃત્યુ.
To enter, v. ( ટુ ઍન્ટર )=
દાખલ થવું. [ શ્વાસ લેવો.
To breathe, v. ( ટુ બ્રીધ )=
Fadeless, adj. ( ફેઈડલેસ )=
કરમાય નહિ તેવું. [ બહાર.
Bloom, n, ( બ્લુમ )=નિકાસ;
Beyond, pre. p. ( બીયૅાન્ડ )
પેલી પાર.
Clouds, n. (કલાઉડઝ)=વાદળાં.
Tomb, n. ( ટૅામ્બ )=કબર.

વધારે સારી ભૂમિ વિષે બોલતાં હું તને સાંભળું છું. તું તેનાં છોકરાંને સુખી ટુકડી કહે છે. ઓ માતા ! તે પ્રકાશિત કિનારો ક્યાં

છે ? આપણે તેને નહિ શોધીએ અને વધારે વખત રડવાનું બંધ નહિ કરીએ ? શું તે ત્યાં છે કે જ્યાં નારંગીનું ફુલ ખીલે છે અને આગીઆ મર્ટલ છોડની ડાળીઓમાંથી ચળકે છે ? મારા બાળક ! ત્યાં નહિ, ત્યાં નહિ.

શું તે ત્યાં છે કે જ્યાં પીછાંવાળાં ખજુરીનાં ઝાડ ઉંચા ઉગે છે અને સૂર્યના તડકાવાળા આકાશ નીચે ખારેક પાકે છે, અથવા શું તે પ્રકાશતા દરીઆઓમાંના લીલા ટાપુઓ વચ્ચે છે કે જ્યાં સુગંધીવાળા જંગલો પવનની લહેરોને સુગંધીદાર બનાવે છે અને વિચિત્ર ચળકતાં પક્ષીઓ પોતાની તારા જેવી ચળકતી પાંખો ઉપર બધી પ્રકાશિત વસ્તુઓના ઉંચી જાતના રંગો ધારણ કરે છે. ત્યાં નહિ, ત્યાં નહિ. મારા બાળક !

શું તે કોઇ દૂરના જુના પ્રદેશમાં છે કે જ્યાં નદીઓ સોનેરી રેતીમાં ભટકે છે (=આડી અવળી વહે છે), જ્યાં માણેકનાં લાલચોળ કિરણો પ્રકાશે છે, અને હીરો છુપી ખાણને પ્રકાશિત કરે છે અને પરવાળાંવાળા કિનારામાંથી મોતી ચળકી ઉઠે છે ? મીઠી માતા ! તે વધારે સારી ભૂમિ ત્યાં છે ? મારા બાળક ! ત્યાં નથી, ત્યાં નથી.

મારા નમ્ર બાળક ! આંખે તે જોઈ નથી, કાને તેનાં આનંદનાં ગહન ગીતો સાંભળ્યાં નથી, સ્વપ્નાં તેવી સુંદર દુનીઆ ચીતરી શકતાં નથી, દિલગીરી અને મૃત્યુ ત્યાં પ્રવેશ કરી શકતાં નથી, તેની કરમાય નહિ તેવી બહાર ઉપર વખત શ્વાસ લઇ શકતો નથી (=કાળની અસર થતી નથી; કેમકે મારા બાળક ! તે ત્યાં વાદળાં અને કબરની પેલી બાજુએ છે.

---

## The Child's first grief=બાળકની પ્રથમ દિલગીરી.

Grief, n. ( ગ્રીફ )=દીલગીરી.
Call, v. ( કૉલ )=બોલાવો.
Alone, adv. ( ઍલોન )=એકલો.
Summer, n. ( સમર )=ઉનાળો.
Bee, n. ( બી )=મધમાખ.
Is gone, v. ( ઇઝ ગૉન )=ગયો છે

Run wild, ( રન વાઇલ્ડ )= આડાં અવળાં ખૂબ ઉગે છે.
Sowed, v. ( સોડ )=વાવ્યાં હતાં.
Around, prep. ( ઍરાઉન્ડ ) આસપાસ.
Garden, n. ( ગાર્ડન )=બાગ.
Vine, n. ( વાઇન )=દ્રાક્ષનો છોડ.
Is drooping, v. (ઇઝ ડ્રુપીંગ) નમી ગયો છે, લચી ગયો છે.
Load, n. ( લોડ )=ભાર.
Voice, n. ( વૉઇસ )=અવાજ.
Once, adv. (વન્સ)=એક વખત.
Spring time, n. ( સ્પ્રીન્ગ ટાઇમ )=વસંત ઋતુ.
Smiled, v. ( સ્માઇલ્ડ )=સ્મિત કરતો હતો.
Earth, n. ( અર્થ )=પૃથ્વી.
Thou'lt=Thou wilt.

Roses's n. (રોઝીઝ)=ગુલાબની.
Brief, adj. ( બ્રીફ )=ટુંકી.
Bright, adj. (બ્રાઇટ)=તેજસ્વી.
Was given, v. (વૉઝ ગીવન) આપવામાં આવી હતી.
Heaven, n. ( હૅવન )=સ્વર્ગ.
Has left, v. ( હૅઝ લૅફ્ટ )= છોડી દીધી છે. [ ફોગટ.
In vain, adv. ( ઇનવેઇન )=
Hours, n. ( અવર્સ )=કલાકો.
Brook, n. ( બ્રુક )=ઝરો.
Glade, n. ( ગ્લેઇડ )=વનમાર્ગ.
Wanderings, n. (વૉન્ડરીંગ્ઝ) રખડપટ્ટીઓ. [ થયાં છે.
Are o'er,=Are over=પુરાં
While, conj. ( વ્હાઇલ )= જ્યારે. [ તો કેવું સારૂં.
Would I = ( વુડ આઇ )=હોત

અરે ! મારા ભાઇને મારી પાસે પાછો બોલાવો. હું એકલો રમી શકતો નથી. ઉનાળો ફુલ અને મધમાખ સાથે આવે છે. મારો ભાઈ ક્યાં ગયો છે? જે ફુલો અમે અમારા બગીચાના ઝાડની આસપાસ વાવ્યાં હતાં તે આડાઅવળાં ખૂબ ઉગે છે; અમારો દ્રાક્ષનો છોડ તેના ભારથી લચી જાય છે. અરે ! મારા ભાઇને મારી પાસે પાછો બોલાવો.

સુંદર બાળક ! તે તારો અવાજ સાંભળશે નહિ. તે મારી પાસે નહિ આવે. જે ચહેરો એક વસંતઋતુના વખતની પેઠે હસતો હતો તે હવે વધારે વખત પૃથ્વી ઉપર તું જોઇશ નહિ. ગુલાબના જેવી આનંદની ટુંકી

તેજસ્વી જીંદગી તેને આપવામાં આવી હતી. જા, મારા બેટા! તારે એકલું રમવું પડશે. તારો ભાઈ સ્વર્ગમાં છે. (=ગયો છે.)

અને શું તે પક્ષીઓ અને ફુલોને તજી ગયો છે? અને મારૂં બોલાવવું ફોગટ જશે? અને ઉનાળા લાંબા લાંબા કલાકોમાં તે ફરી નહિ આવે? અને ઝરા પાસે અને વનમાર્ગમાંની અમારી રખડપટ્ટીઓ શું ખયાલ થઇ ગઇ? અરે! મારો ભાઈ જ્યારે મારી સાથે રમતો હતો ત્યારે મેં તેને વધારે ચાહ્યો હોત તો કેવું સારૂં?

---

## The Blind Boy = આંધળો છોકરો.

Blind, adj. (બ્લાઈન્ડ)=આંધળો.
Called, p. p. (કૉલ્ડ)=કહેવાતી, નામની.
Light, n. (લાઇટ)=તેજ.
Ne'er=Never=કદી નહિ.
To enjoy, v. (ટુ એન્જૉય)= ભોગવવું. [ લાભ.
Benefits, n. (બૅનીફીટસ)=
Sight, n. (સાઇટ)=નજર, જોવાની શક્તિ. [ અજાયબ.
Wondrous, adj. (વન્ડ્રસ)=
Shines, v. (શાઇન્સ)=પ્રકાશે છે.
To feel, v. (ટુ ફીલ)=લાગવું.
Myself, p. (માયસેલ્ફ)=મારી જાત.
Whene'ver = Whenever, adv. (વૅનએવર)=જ્યારે જ્યારે.
To sleep, v. (ટુ સ્લીપ)=ઉંઘવું.
Always, adv. (ઑલવેઝ)= હમેશાં.
Keep awake, (કીપ અવેક)= જાગતો રહું. [ જાગતો.
Awake, adj. (અવેક)=
Heavy, adj. (હૅવી)=ઉંડા, ભારે.
Sighs, n. (સાઇઝ)=નિસાસા.
Often, adv. (ઑફન)=વારંવાર.
To mourn, n. (ટુ મોર્ન)= રડવું, વિલાપ કરવો.
Helpless, adj. (હૅલ્પલેસ)= જેનો ઇલાજ ન થાય તેવું.
Woe, n. (વો)=દુઃખ.
Sure, adv. (સ્યૂર)=ચોકસ.
Patience, n. (પેશન્સ)=ધીરજ.
To bear, v. (ટુ બૅર)=સહન કરવું.
Loss, n. (લૅાસ)=ખોટ.

To have, n. (ટુ હૅવ)=ને મળવું.
Peace, n. (પીસ)=શાંતિ.
Mind, n. ( માઇન્ડ )=ચિત્ત.
To destroy, v. (ટુ ડીસ્ટ્રૉય)= નાશ કરવો, ભંગ કરવો.
Thus, adv. (ધસ)=આ પ્રમાણે.
While, conj. (વ્હાઇલ)=જ્યારે.
Although, conj. (ઑલધો)= જો કે.

અરે ! કહો, તેજ કહેવાતી તે વસ્તુ શું છે કે જે કદી ભોગવવાનો નથી. જોવાની શક્તિના શા ફાયદા છે ? અરે ! ગરીબ આંધળા છોકરાને કહો.

તમે જે અજાયબ ચીજો જુઓ છો તેની વાત કરો છો. તમે કહો છો કે સૂર્ય તેજસ્વી પ્રકાશે છે. મને તે ગરમ લાગે છે પણ તે દિવસ કે રાત કેવી રીતે બનાવે છે ?

જ્યારે જ્યારે હું ઉંઘું છું ત્યારે મારી રાત અને જ્યારે હું રમું છું ત્યારે મારો દિવસ મારી જાતે બનાવું છું. અને જો હું હંમેશાં જાગતો રહી શકું તો મારે હંમેશાં દિવસ હોત.

ઇલાજ ન થઇ શકે તેવા મારા દુ:ખને માટે રડતા તમને હું ઘણીવાર સાંભળું છું. પણ જે હું કદી જાણવાનો નથી તે ખોટ હું નક્કી ધીરજથી સહન કરી શકું છું.

તો પછી જે મને મળી શકવાનું નથી તેને મારો ચિત્તની શાંતિનો ભંગ ન કરવા દો. આ પ્રમાણે જ્યારે હું ગાઉં છું ત્યારે જો કે હું ગરીબ આંધળો છોકરો છું તો પણ રાજા છું.

---

## Complaints of the poor = ગરીબની ફરીઆદો.

Complaints, n. (કમ્પ્લેઇન્ટસ) =ફરીઆદો.
Wherefore, adv. (વ્હૅરફૅાર)= [ શા માટે.
To complain, v. (ટુ કમ્પ્લેઇન )=ફરીઆદ કરવી.
Rich, adj. ( રીચ )=શ્રીમંત.
Asked of me=મને પૂછ્યું.
Abroad, adv. ( ઍબ્રૉડ )= ચોતરફ, બહાર.
To answer, v. (ટુ ઍન્સર)= [જવાબ આપવો.

Evening, n. (ઇવનીંગ)=સાંજ.
Frozen, adj. ( ફ્રોઝન )=બરફ જામી ગએલા. [ મહોલ્લા.
Streets, n. ( સ્ટ્રીટસ )=રસ્તા,
Cheerless, adj. (ચીઅરલેસ) =આનંદ રહિત. [ =જોવું.
To behold, v. ( ટુ બીહોલ્ડ)
Were wrapped, v. ( વૅર રૅપ્ડ )=ઢંકાયલા હતા, વીંટાયલા હતા. [ કોટ પહેરેલા હતા.
Were coated v. (વૅર કોટેડ)=
Acold, adv. ( ઍકોલ્ડ )=ઠંડા.
Bareheaded, adj. (બૅરહેડેડ) =ઉઘાડા માથાવાળો. [ લટો.
Locks, n. ( લૉકસ )=વાળની
Keen, adj. ( કીન )=જલદ, કડકડતી.
Indeed, adv. (ઇન્ડીડ)=ખરેખર.
At home, ( ઍટ હોમ )=ઘેર.
Fire, n. (ફાયર)=દેવતા, તાપણી.
Sick, adj. ( સીક )=માંદો.
Abed, adv. (ઍબેડ)=પથારીમાં.
Was sent, v. ( વૉઝ સેન્ટ ) =મોકલવામાં આવી હતી.
To beg for=ભીખ માગવાને.
Stone, n. ( સ્ટોન )=પત્થર.

To rest, inf. ( ટુ રેસ્ટ )= આરામ લેવાને.
Baby, n. ( બેબી )=બાળક.
Back, n. ( બૅક )=પીઠ.
Breast, n. ( બ્રેસ્ટ )=છાતી.
Another, p. (અનધર)=બીજું.
Loitered, n. ( લૉઇટર્ડ )= ભટકતી હતી. [ =રાત્રીનો પવન.
Night-wind, n. (નાઇટ વીન્ડ)
Chill, adj. (ચીલ)=શરદીવાળો.
Turned, v. ( ટર્ન્ડ )=ફેરવ્યું.
Bade, v. (બેડ)=ફરમાવ્યું, કહ્યું.
Screamed, v. ( સ્ક્રીમ્ડ )= રડતું હતું, ચીસો પાડતું હતું.
Still, adj. ( સ્ટીલ )=શાંત.
Husband, n. (હસબન્ડ)=ધણી.
Served, v. ( સર્વ્ડ )=નોકરી કરતો હતો.
Soldier, n. ( સોલ્જર )=સૈનિક.
Therefore, conj. ( ધૅરફૉર ) તેટલા માટે.
Charity, n. ( ચૅરીટી )=દાન.
Young, adj. ( યંગ )=નાનું.
Barefooted, adj. (બેરફુટેડ) ઉઘાડા પગવાળો. [ કરી.
Begged, v. ( બેગ્ડ )=આજીજી

Loud, adv. ( લાઉડ )=ઉતાવળે, મોટેથી.
Bold, adv. ( બોલ્ડ )=હિંમતથી.
Blew, v. ( બ્લ્યુ )=વાતો હતો. ( ભૂતકાળ ) [ ગણુાનો ભાગ.
Parish, n. ( પૅરીશ )=પર-

Was begging......way= રસ્તે ભીખ માગતી પાછી જતી હતી. [ ચુપ.
Silently, adv. (સાઇલન્ટલી)=
Have answered, v. ( હૅવ એન્સર્ડ )=જવાબ આપ્યો છે.

શ્રીમંત માણસે મને પૂછ્યું કે ગરીબ લોકો શા માટે ફરીઆદ કરે છે? મેં કહ્યું કે આવ, મારી સાથે બહાર ચાલ, અને હું તને જવાબ આપીશ.

સાંજનો વખત હતો. બરફ જામી ગએલા રસ્તાઓ જોતાં આનંદરહિત હતા ( =લાગતા હતા ). અને અમે બરાબર ઓઢયું હતું અને પહેર્યું હતું તો પણ ઠરી જતા હતા.

અમે એક ઘરડા ઉઘાડા માથાવાળા માણસને મળ્યા. તેના વાળની લટો થોડી અને સફેદ હતી. મેં તેને પૂછ્યું કે તે ઠંડી શીઆળાની રાતે બહાર શું કરે છે?

તેણે કહ્યું કે ટાઢ કડકડતી છે, પણ ઘેર મારી પાસે દેવતા નથી અને તેથી હું દાન માગવાને બહાર આવ્યો છું.

અમને એક નાનું ઉઘાડા પગવાળું છોકરૂં મળ્યું. તેણીએ મોટેથી અને હિંમતથી આજીજી કરી હતી. મેં પૂછ્યું કે જ્યારે પવન આટલો બધો ઠંડો વાય છે, ત્યારે તું બહાર શું કરે છે?

તેણીએ કહ્યું કે મારો બાપ ઘેર છે અને પથારીમાં માંદો પડયો છે અને તેટલા માટે મને બહાર રોટલાની ભીખ માગવા મોકલવામાં આવી છે.

અમે પત્થર ઉપર આરામ લેવાને બેઠેલી એક સ્ત્રીને જોઇ. તેણીની પીઠ ઉપર એક અને છાતીએ બીજું બાળક હતું.

મેં તેણીને પૂછ્યું કે જ્યારે રાત્રીનો પવન આટલો શરદીવાળો

છે ત્યારે તું અહીં કેમ ભટકે છે ? તેણીએ પોતાનું માથું ફેરવ્યું અને પાછળ ચીસો પાડતું હતું તે બાળકને શાંત થવાનું કહ્યું.

પછી તેણીએ કહ્યું કે મારો પતિ દૂર સૈનિક તરીકે નોકરી કરે છે. અને તેથી હું રસ્તે ભીખ માગતી મારે ગામ જાઉં છું.

પછી હું તે શ્રીમંત માણસ તરફ ફર્યો, કેમકે તે ચુપ ઉભો હતો. (મેં કહ્યું કે) તેં મને પૂછયું હતું કે ગરીબ લોકો શા માટે ફરીઆદ કરે છે અને આમણે તને જવાબ આપ્યો છે.

---

## Lucy Gray = લુસી ગ્રે.

Oft, adv. (ઑાફ્ટ)=વારંવાર.
Had heard of, (હૅડ હર્ડ ઑાફ) =વિષે સાંભળ્યું હતું.
Lucy gray, n. ( લુસી ગ્રે )= એ નામની છોડી.
Crossed, v. (ક્રૉસ્ડ)=ઓળંગ્યું.
Wild, n. (વાઇલ્ડ)=જંગલ. [મળી.
Chanced, v. ( ચાન્સ્ડ )=તક
Chanced to see=જોવા પામ્યો.
At break of day, ( ઍટ બ્રેક ઑાફ ડે )=પરોઢમાં.
Solitary, adj. (સૉલીટરી)એકલું.
Mate, n. (મેઇટ)=મિત્ર
Comrade, n. (કૅામરેડ)=સાથી.
Knew, v. (ન્યુ)=જાણતી હતી.
Dwelt, v. (ડવૅલ્ટ)=રહેતી હતી. ( To dwellનું ભૂતકાળ. )

Wide, adj.(વાઇડ)=વિશાળ.
Moor, n. (મુર)=ભીનાશ અને ઘાસવાળું મેદાન.
Sweetest, adj. ( સ્વીટેસ્ટ )= સૌથી વધારે મધુર.
Ever, adv. (ઍવર)=કદી.
Clock, n. (કલૅાક)=ઘડીઆળ.
Just, adv. (જસ્ટ)=હમણાં જ.
Has struck, v. (હૅઝ સ્ટ્રક)= વગાડયા છે. [ પેલી બાજુએ.
Yonder, adv. ( યૅાન્ડર )=
At this=આથી=આ સાંભળીને.
Raised, v. (રેઇઝ્ડ)=ઉંચી કરી.
Hook, n. (હુક)=દાતરડું.
Snapped, v. (સ્નૅપ્ડ)=કાપી.
Fagot-band, n. (ફૅગટબૅન્ડ) લાકડાની ભારી.
Plied, v. (પ્લાઇડ)-કામ કર્યાં કર્યું.

Blither, adj. ( બ્લાઇધિર )= વધારે આનંદી.
Mountain, n. (માઉન્ટન)પર્વત.
Mountain roe, n. (માઉન્ટન રો)=હરણી, મૃગલી. [આળ.
Wanton, adj.(વૉન્ટન)=રમતી-
Stroke, n. (સ્ટ્રોક)=ઠેસ.
To disperse, v. (ટુ ડીસ્પર્સ) =વિખેરી નાંખવું. [ જેવું.
Powdery, adj. (પાઉડરી)=ભૂકા
Rises up, v. ( રાઇઝીઝ અપ) ઉંચે ઉડે છે.
Smoke, n. (સ્મોક)=ધુમાડો.
Grew, v. ( ગ્રુ )=ઉગતી હતી, ઉત્પન્ન થઇ હતી.
Beside, prep. (બીસાઇડ)=પાસે.
Human, adj. ( હ્યુમન )= મનુષ્યના.
To spy, v. ( ટુ સ્પાય )=જોવું.
Fawn, n. (ફોન)=હરણનું બચ્ચું.
At play,=રમતું.
Hare, n. ( હૅર )=સસલું.
Green, n. ( ગ્રીન )=લીલોતરી.
Face, n. ( ફેઇસ )=ચહેરો.
Will be seen, (વીલ બી સીન) દેખાશે. [ આજની રાતે.
To-night, n. ( ટુ નાઇટ )=

Stormy, adj. ( સ્ટોર્મી )= તોફાની.
Lantern, n. (લૅન્ટર્ન)=ફાનસ.
To light, v. ( ટુ લાઇટ )= પ્રકાશ આપવો.
Snow, n. ( સ્નો )=બરફ.
Gladly, adv. ( ગ્લૅડલી )= ખુશીથી. [ ભાગ્યે.
Scarcely, adv. ( સ્કૅર્સલી )=
Afternoon, n. ( આફ્ટરનુન ) બપોર પછીનો વખત.
Minster, adj. ( મીન્સ્ટર )= ધર્મ ગુરૂના મઠની.
Wandered, v. (વૉન્ડર્ડ)=ભટકી.
Did climb, v. (ડીડ ક્લાઇમ્બ) =ચઢી.
Reached, v. ( રીચ્ડ )=પહોંચી.
Wretched,adj. (રૅચેડ)=દુઃખી.
Parents, n. (પૅરન્ટસ)=માબાપ.
Shouting, pre. p. (શાઉટીંગ) બુમો પાડતાં.
Far and wide,=દૂર લાંબે સુધી.
Sound, n. ( સાઉન્ડ )=અવાજ.
Sight, n. ( સાઇટ )=દેખાવ.
To serve, v. ( ટુ સર્વ )= નોકરી કરવી, કામ કરવું.
Guide, n. ( ગાઇડ )=ભોમીઓ.

Daybreak, n. (ડેબ્રેક)=પરોઢ.
Overlooked, v. (ઓવર લુકડ) =દૃષ્ટિ પડે તેવી ઉંચી જગ્યાએ આવેલી હતી.
That overlooked the moor,=જ્યાંથી મેદાન ઉપર દૃષ્ટિ પડતી હતી.
Thence, adv. (ધેન્સ)=ત્યાંથી.
Bridge, n. ( બ્રીજ )=પુલ.
Wood, n. ( વુડ )=લાકડું.
Furlong, n. ( ફર્લૉંગ )=ફર્લાંગ.
Wept, v. (વેપ્ટ)=રડયાં. (To weep નું ભૂતકાળ) [ ફરતાં.
Turning, pre. p. (ટર્નીંગ)=
Homeward, adv. (હોમવર્ડ) =ઘર તરફ.
Cried, v. (ક્રાઇડ)=મોટેથી બોલ્યાં.
Heaven, n. (હૅવન)=સ્વર્ગ.
Shall meet, v. (શૅલ મીટ)= મળીશું.
Spied, v. (સ્પાઇડ)=જોયો.
Print, n. (પ્રીન્ટ)=છાપ, નિશાની.
Downward, adv. (ડાઉનવર્ડ) =નીચે.
Steep, adj. (સ્ટીપ)=ઉભી.
Edge, n. (એજ)=ધાર, કિનાર.
Tracked, v. ( ટ્રેકડ )=શોધી કાઢયાં.

Foot marks, n. (ફુટ માર્કસ) પગલાં.
Broken, adj. (બ્રોકન)=તુટેલી.
Hawthorn, n. ( હૉર્થોર્ન )=એ નામનો છોડ છે.
Hedge, n. (હેજ)=વાડ.
Field, n. (ફીલ્ડ)=ખેતર.
Crossed, v. (ક્રૉસ્ડ)=ઓળંગ્યું.
Marks, n. (માર્કસ)=નીશાનીઓ.
Still, adv. (સ્ટીલ)=હજુ.
The same=તેની તે.
On, adv. (ઑાન)=આગળ.
Followed, v. ( ફોલોડ )=ની પાછળ ગયા.
Snowy, adj.(સ્નોઇ)=બરફવાળાં.
Bank, n. ( બૅન્ક )=કિનારો.
Middle, n. (મીડલ)=વચલોભાગ.
Plank, n. (પ્લૅન્ક)=પાટીયું.
Farther, adv. (ફાર્ધર)=આગળ.
Maintain, v. ( મૅન્ટેઇન )= ખાત્રીથી કહે છે, પ્રતિપાદન કરે છે.
Living, adj. (લીવીંગ)=જીવતું.
Lonesome, adj. (લોનસમ)= એકાંત.
Rough, adj. (રફ)=ખડબચડા.
Smooth, adj. (સ્મુધ)=લીસા, સપાટ.

Trips, v. (ટ્રીપ્સ)=મુસાફરી કરે છે, ચાલે છે.

Whistles, v. (વ્હીસલ્સ)=અવાજ કરે છે, સુસવાટ કરે છે.

મેં લુસી ગ્રે વિષે ઘણી વખત સાંભળ્યું હતું અને જ્યારે હું જંગલ ઓળંગી ગયો ત્યારે પરોઢમાં તે એકલા બાળકને જોવા પામ્યો.

લુસીને કોઇ મિત્ર કે સાથી ન હતો. તે એક વિશાળ મેદાનમાં રહેતી હતી. તેણી મનુષ્યના આંગણે કદી ઉત્પન્ન થતી હોય તેવી મધુરમાં મધુર ચીજ હતી.

હજુ તમે હરણના બચ્ચાને રમતાં જોઈ શકશો અને લીલોતરી ઉપર સસલાને જોઈ શકશો પણ લુસી ગ્રેનો મધુર ચહેરો હવે કદી દેખાશે નહિ.

"આજની રાત તોફાની રાત થશે. બાળક ! તારે શહેરમાં જવું જોઇશે અને તારી માતાને બરફમાં અજવાળું આપવા માટે ફાનસ લઇ જવું જોઇશે.

"પિતાજી ! હું તે ખુશીથી કરીશ. ભાગ્યે જ બપોર પછીનો વખત થયો છે અને મઠની ઘડીઆળમાં હમણાં બે વાગ્યા છે અને ચંદ્ર હજુ પેલી બાજુએ છે."

આ સાંભળીને બાપે પોતાનું દાતરડું ઉપાડ્યું અને લાકડાની ભારી કાપી. તેણે પોતાનું કામ ચાલુ રાખ્યું અને લુસીએ પોતાના હાથમાં ફાનસ લીધું.

પર્વત ઉપરની હરણી તેના કરતાં વધારે આનંદી નથી. તેણીના પગ ઘણી રમતીઆળ ઠેસોથી ભૂકા જેવા બરફને વિખેરે નાખે છે જે બરફ ધૂમાડાની પેઠે ઉંચો ઉછળે છે.

તોફાન તેના વખત પહેલાં આવ્યું. તેણી ઉપર નીચે ભટકી. લુસી ઘણી ટેકરીઓ ચઢી પણ કદી શહેરમાં પહોંચી નહિ.

તે આખી રાત તે દુઃખી માબાપ ઘણે દૂર બૂમો પાડતાં ગયાં પણ તેમને ભોમીયા રૂપ થઈ પડે તેવો કોઇ અવાજ કે દેખાવ ન હતો.

પરોઢમાં તેઓ ટેકરી ઉપર કે જે ટેકરી ઉપરથી મેદાન દેખાતું

હતું તેના ઉપર ઉભાં રહ્યાં. અને ત્યાંથી તેઓએ લાકડાંનો પુલ જોયો. તે પુલ તેમના બારણાથી એક ફર્લાંગ દૂર હતો.

તેઓ રડયાં અને ઘર તરફ ફરતાં બોલ્યાં “ આપણે બધાં સ્વર્ગમાં મળીશું.” તે વખતે માએ લુસીના પગની છાપ ( = પગલું ) બરફમાં જોયું.

પછી તે સીધી ટેકરીની ધારથી નીચલા ભાગ તરફ અને ભાગેલી હૅાથોર્નની ઝાડીમાં અને લાંબી પત્થરની દિવાલ પાસે તેઓ નાનાં પગલાં શોધતાં ગયા.

અને પછી તેઓ એક ખુલ્લું ખેતર ઓળંગી ગયાં. ( પગલાંની ) નીશાનીઓ હજુ તે જ હતી. તેઓ તેમને આગળ શોધતાં ગયા અને કદી ગુમાવ્યાં નહિ. અને તેઓ પુલ પાસે આવ્યાં.

તેઓ બરફવાળા કિનારેથી એક પછી એક તે પગલાંએ પગલાંએ પાટીઆના વચલા ભાગમાં ગયાં, અને આગળ કાંઈ ( પગલાં ) ન હતાં.

છતાં કેટલાક ( લોકો ) ખાતરીથી કહે છે કે આજે પણ તેણી જીવે છે અને તમે મધુર લુસી ગ્રેને એકાંત જંગલમાં જોઇ શકશો. તેણી ખડબચડી અને સપાટ ( જમીન ) ઉપર મુસાફરી કરે છે અને કદી પાછળ જોતી નથી અને એકલું ગીત ગાય છે કે જે પવનમાં સુસવાટ કરે છે.

---

## Meddlesome Matty = અડપલી મૅટી.

Meddlesome, adj. (મેડલસમ) અડપલી.

Matty, n. ( મૅટી )=મટીલ્ડાનું [ ટુંકું રૂપ છે.

Ugly, adj. ( અગ્લી )=વિચિત્ર ખરાબ.

Trick, n. ( ટ્રીક )=અટકચાળું.

Has spoiled, v. ( હૅઝ સ્પોઇલ્ડ )=બગાડી છે.

Sweetest, adj. ( સ્વીટેસ્ટ )= [ સૌથી મધુર.

Best, adj. ( બેસ્ટ )=ઉત્તમ.

Matilda, n. (મટીલ્ડા)=છોડીનું નામ છે.

[ આનંદદાયક.

Pleasant, adj. ( પ્લેઝન્ટ )=

Possessed, v. (પઝેસ્ડ)=ને હતી.

Cloud, n. ( કલાઉડ )=વાદળ.

Skies, n. ( સ્કાઇઝ )=આકાશ.

•Hid, v. ( હીડ )=ઢાંકી દેતું હતું. ( Hide નું ભૂતકાળ. )

Better, adj. (બૅટર)=વધારે સારા.

Qualities, n. ( કવૉલીટીઝ )= ગુણો.

[ કેટલીક વખત.

Sometimes, adv. (સમટાઇમ્સ)

She'd lift=She would lift ( શી વુડ લીફ્ટ )=તેણી ઉંચકશે.

Teapot, n. (ટીપૉટ)=ચાનું વાસણ

As soon as Grandmamma is gone=દાદીમા જશે કે તરતજ.

[ તરતજ.

Forthwith, adv.( ફોર્થવીથ )=

Placed, v. ( પ્લેઇસ્ડ )=મૂકયાં.

Glasses, n. (ગ્લાસીસ)=ચશ્માં.

To suppose, v. (ટુ સપોઝ) =ધારવું.

Too, adv. ( ટુ )=પણ.

Spied, v. ( સ્પાઇડ )=જોઇ.

Pretty, adj. ( પ્રેટી )=સુંદર.

Miss, n. ( મીસ )=છોડી.

To meddle with, v. ( ટુ મેડલ વીથ )=અડકવું.

Is far enough away, ( ઇઝ ફાર ઇનફ અવે )=પુરતી દૂર ગએલી છે.

Elese, adj. ( એલ્સ )=બીજું.

Besides, adv. (બીસાઇડસ)= વળી.

Amiss, adj. (એમીસ)=ખોટું.

Thumb, n. (થમ્બ)=અંગુઠો.

Finger, n. (ફીન્ગર)=આંગળી.

Went to work=કામ કરવા લાગ્યાં.

To move, v. (ટુ મુવ)=ખસેડવું.

Lid, n. (લીડ)=ઢાંકણું.

To peep, inf. (ટુ પીપ)= ડોકીયું કરવાને.

[વાળવી.

To tilt, v. (ટુ ટીલ્ટ)=વાંકી

Kettle, n. (કીટલ)=કીટલી.

But, adv. (બટ)=ફક્ત.

If you...back=જો તમે તમારી પીઠ ફેરવો તો.

Minute, n. (મીનીટ)=મીનીટ.

In vain, adv. (ઇન વેઇન)= ફોગટ.

To touch, v. (ટુ ટચ)=અડકવું.

Meddling, n. ( મેડલીંગ )= અડપલું કરવું તે. [વધી ગઇ.
Grew so much=એટલી બધી
Grandmamma, n. (ગ્રાન્ડ-મમ્મા)=દાદી.
Mistake, n. (મીસ્ટેઇક)=ભૂલ.
Laid, v. (લેઇડ)=મૂકી. (To lay નું ભૂતકાળ.)
Spectacles, n. (સ્પૅકટેકલ્સ)= ચશ્માં. [છીંકણીની દાબડી.
Snuff-box, n. (સ્નફ્ બૉકસ)=
Gay, adj. (ગે)=સુંદર.
Too near=ઘણી નજીક.
Maid, n. (મેઇડ)=છોકરી.
I will try them on=હું તેમને ચઢાવી જોઇશ. [સખત.
Stubborn, adj. (સ્ટર્બોર્ન)=
Presently, adv. (પ્રેઝન્ટલી)= તરત જ. [જબરો.
Mighty, adj. ( માઇટી )=
Jerk, n. (જર્ક)=આંચકો.
Mischief, n. (મીશ્ચીફ)=તોફાન; નુકશાન.
All at once,=એકદમ.
Woeful, adj. (વોફુલ)=દુઃખી.
Case, n. (કેઇસ)=બનાવ.
Snuff, n. (સ્નફ)=છીંકણી.

Puffing, pre. p. (પફીંગ)=ઉડતી.
Chin, n. (ચીન)=હડપચી.
Dismal, adj. ( ડીસમલ )= બિહામણો.
Sight, n. (સાઇટ)=દેખાવ.[કર્યો.
Presented v. (પ્રેઝન્ટેડ)=રજુ
Farther, adv. ( ફાર્ધર )= આગળ બતાવ્યો. [અંતઃકરણથી.
Sincerely, adv.(સીન્સીઅર્લી)=
Repented, v. (રીપૅન્ટેડ)= પસ્તાવો થયો. [આરામ.
Ease, n. ( ઇઝ )=શાંતિ;
To sneeze, v. (ટુ સ્નીઝ)= છીંકવું.
But, prep. (બટ)=સિવાય.
Dashed, v. (ડૅશડ)=પછાડયાં.
To wipe, inf. (ટુ વાઇપ)= લુછવાને. [બળતી.
Tingling, adj. (ટીન્ગલીન્ગ)=
Bits, n. (બીટસ) પલકારા.
Hey day, interj. (હે ડે)=હેં.
Matter, n. (મૅટર)=બનાવ.
Lifted, adj. (લીફ્ટેડ)=ઉચું કરેલું; ચઢાવેલું.
Brow, n. (બ્રાઉ)=ભમર.
Smarting, prc. p. (સ્માર્ટીંગ) =દુઃખી થતી.

Pain, n. (પેઇન)=પીડા.
Sore, adj. ( સોર )=સુજેલી.
Promise, n. (પ્રૉમીસ)=વચન.
Made promise, ( મેઇડ પ્રૉમીસ)=વચન આપ્યું.
To refrain, inf. (ટુ રીફ્રેઇન)= અટકવું.
Evermore, adv. (એવરમૉર)= હંમેશને માટે.
Fact, n. (ફૅક્ટ)=સાચી વાત.
Ever since=ત્યારથી હંમેશ.
Has kept her word, (હૅઝ કૅપ્ટ હર વર્ડ)=પોતાનું વચન પાળ્યું છે.
Word, n. (વર્ડ)=વચન.

અહા ! એક વિચિત્ર અટકચાળાથી મધુરમા મધુર અને ઉત્તમ ( વસ્તુ ) કેવી બગડી જાય છે ! મટીલ્ડા જો કે એક આનંદદાયક છોકરી હતી તો પણ તેનામાં એક વિચિત્ર અટકચાળું હતું. જે આકાશ આગળ વાદળની માફક તેના બધા સારા ગુણોને ઢાંકી દેતું હતું.

કેટલીક વખત તે ચાના વાસણનું ઢાંકણું તેમાં શું છે તે જોવાને ઉઘાડી નાખતી કે જો એક મીનીટ તમારી પીઠ ફેરવો તો કીટલીને વાંકી વાળી દેતી. તેને નહિ અડવાનું તમે ફોગટ કહેતા હતા. તેની અટકચાળાની ટેવ એટલી બધી વધી ગઇ હતી.

એક દિવસ તેનાં દાદીમા બહાર ગયાં અને ભૂલથી તેમણે પોતાનાં ચશ્માં અને છીંકણીની સુંદર દાબડી તે નાની છોડીની ઘણી નજીક મૂકી હતી. તેણીએ વિચાર કર્યો કે અહા ! આ કેવી સુંદર દાબડી છે ! નાની છોડીએ કહ્યું કે હું તે ઉઘાડીશ. હું જાણું છું કે દાદીમા કહેશે કે વ્હાલી, તેને અડીશ નહિ. તોપણ તેણી પુરતી દૂર ગઇ છે અને બીજું કોઇ નજીકમાં નથી. વળી આવી પેટી ઉઘાડવામાં શું ખોટું હોઇ શકે ?

તેથી તે સખત ઢાંકણું ઉઘાડવાને અંગુઠો અને આંગળી કામે વળગ્યાં અને તરત જ એક જબરા આંચકાએ જબરૂં તોફાન મચાવ્યું; કેમકે એકદમ દુઃખદાયક બનાવ થયો. છીંકણી તેણીના મોં ઉપર ઉડી આવી.

બીચારી આંખો, નાક, મોઢું અને હડપચીનો દેખાવ બિહામણો થયો. અને જેમ છીંકણી અંદર આગળ ગઇ તેમ તેણીને અંતઃકરણથી પસ્તાવો થયો. શાંતિ માટે તેણી ફોગટ આમતેમ દોડી. તેણી છીંકવા સિવાય બીજું કાંઇ કરી શકી નહિ.

તેણીએ પોતાની બળતી આંખોને લુછવાને ચશ્માં દૂર પછાડયાં. અને વીસ પલકારામાં તે શાંતિ પામી ત્યાં તેણીએ પોતાની દાદીમાને જોઇ. દાદીમાએ ભમર ચઢાવીને બુમ મારી "હેં! હવે શું થયું છે?"

પીડાથી દુઃખી થતી, હજુ બળતી અને સુજેલી મટીલ્ડાએ હંમેશને માટે અટકચાળી બંધ કરવાનાં ઘણાં વચન આપ્યાં. અને મેં સાંભળ્યું છે તે પ્રમાણે તે ખરી વાત છે કે ત્યારથી હંમેશને માટે તેણીએ પોતાનું વચન પાળ્યું છે.

---

## Grammar ( ગ્રામર )=વ્યાકરણ.

There are eight parts of speech ( =શબ્દના પ્રકાર આઠ છે. ) તે નીચે પ્રમાણે :—

*Noun* ( નાઉન ) = નામ. દાખલા :—Mercury, Greece, fish, hay, bear, spiders, sky, flock, danger, trouble, thought.

*Pronoun* ( પ્રોનાઉન ) = સર્વનામ. દાખલા :—I, we, me, us, my, mine, our, ours, myself, ourselves, thou, thee, thy, thine, you, your, he, him, his, she, her, if, its, they, their, them, this, that, which, who, whose, whom, what.

*Adjective* ( ઍડજેકટીવ ) = વિશેષણ. દાખલા :—Indian, Greek, domestic, larger, both, swift, all, eight, sixth, any, some, each, every, brave.

*Verb* ( વર્બ ) = ક્રિયાપદ. દાખલા :—Is, has grown, will ask, carries, were, are flying, are called, can reach, were astonished.

*Adverb* ( ઍડવર્બ ) = ક્રિયાવિશેષણ અવ્યય. દાખલા :—Once, now, then, before, since, ago, already, immediately, soon, early, afterwards, to-day, yesterday, here, there, slowly, almost, not, yes, no, when, where, how, why, thus, so, again, always, often, generally.

*Preposition* ( પ્રેપોઝીશન ) = શબ્દયોગી અવ્યય. દાખલા :— Across, above, below, underneath, under, beyond, in front of, but, instead of, in, out.

*Conjunction* ( કન્જન્કશન ) = ઉભયાન્વયી અવ્યય. દાખલા :— And, if, that, unless, inorder that, because, since, as, though, therefore, but, while.

*Interjection* ( ઇન્ટરજેક્શન ) = કેવળપ્રયોગી અવ્યય. દાખલા :— Oh, ah, ho, alas, lo, hurrah.

**કેટલાક અગત્યના સવાલ જવાબ.**

1. Answer the following :—
   ( 1 ) What is a pitchfork ?
   ( 2 ) What is hay ?
   ( 3 ) What are rakes ?
   ( 4 ) What is an oasis ?
   ( 5 ) What is a leap year ?
   ( 6 ) What is 'a ship of the desert ?
   ( 7 ) What is the horizon ' ?
   ( 8 ) What are waves ?

( 9 ) What is wind?

જવાબ:—( 1 ) It is a tool for putting hay on to a cart. (2) Hay is a dry glass. (3) Rakes are tools for raking hay together. ( 4 ) In a desert there are green and pleasent places. At these places water, grass and shady palm-trees are found. Such a place is called an oasis. (5) Every fourth year is a leap year. There are 366 days in it, because there are 29 days in the month of February in it. ( 6 ) A camel is called a ship of the desert It is the most useful animal in crossing a desert. ( 7 ) When we look round, we see the land meeting the sky in a curved line. This is called horizon. ( 8 ) Water in tanks, rivers and seas is always moving. This movement is called waves. ( 9 ) Wind is air in motion.

2. Give nouns from the following verbs :—

(1) To sit. (2) To trade. (3) To hunt. (4) To lose. (5) To differ. (6) To cut. (7) To sell. (8) To move. (9) To forgive. (10) To see. (11) To fly.

જવાબ (1) Seat. (2) Trade, Trader. (3) Hunter. (4) Loss. (5) Difference. (6) Cutter. (7) Sale (8) Movement (9) Forgiveness, (10) Sight. (11) Flight.

3. Give adjectives from the following nouns :—

(1) India. (2) Greece. (3) Wood. (4) Gold. (5) Silver. (6) Sand.

જવાબ. (1) Indian. (2) Greek. (3) Wooden. (4) Golden. (5) Silver. (6) Sandy.

4. Give nouns from the following adjectives :—

(1) Shady. (2) Honest. (3) Proud. (4) Hungry. (5) Thursty. (6) Poor. (7) Free.

જવાબ.—(1) Shade. (2) Honesty. (3) Pride. (4) Hunger. (5) Thirst. (6) Poverty. (7) Freedom.

5. Give plurals of ( નીચેનાનાં બહુવચન આપો ) :—

(1) Woman. (2) Cow (3) Child. (4) Leaf. (5) Wife (6) Calf. (7) Foot. (8) Goose. (9) Mouse. (10) Tooth.

જવાબ :—(1) Women. (2) Cows or Kine. (3) Children. (4) Leaves. (5) Wives. (6) Calves. (7) Feet. (8) Geese. (9) Mice (10) Teeth.

6. Fill up the gaps :—( જ્યાં ખાલી જગ્યા લીટીઓથી બતાવી છે ત્યાં યોગ્ય શબ્દો મૂકો. )

(1) From—is made butter and ghee,—, and butter-milk.

(2) The wings on his staff show that he was —, and the—that he was very clever.

(3) Animals such as spiders and flies are called—.

(5) The—of Arabia— —Arabs.

(4) Some of the neighbours — angry — the cooly's trick, but others laughed at his —

જવાબ. (1) Milk, Curds. (2) Swift, snakes. (3) Insects. (4) People, are, called. (5) Were, at, cleverness

7. Complete the following sentences :—( નીચેનાં વાકયો પુરાં કરો ) :—

(1) The hunter held his breath to look like a dead because bears ... ...

(2) The more cows a man has, ... ...

(3) The milk is put into shallow vessels so that......

જવાબ :—(1) Never touch a dead man. (2) the more milk he gets. (3) the cream can rise.

8. Write sentences using the following :—
( નીચેનાં વાપરીને વાકયો લખો ) : ( Give their meaning )

(1) Set free (2) Earned his living. (3) Consists of (4) Without fail. (5) In order to.

જવાબ :—(1) Odysseus set his friends free, (છૂટા કર્યા ). (2) The woodcutter earned his living with his axe ( ગુજરાન ચલાવતો હતો.) (3) Each of the eyes of a fly consists of a great number of very small eyes. ( ની બનેલી છે ). (4) Come to me to-morrow without fail ( ચૂકયા વગર ). (5) Silversmiths melt silver in order to make ornaments from it. ( માટે ).

9. Translate :—

(1) Some people eat to live, others live to eat.

(2) They could not help laughing.

(3) The woodcutter had only just let his fall when he saw Mercury.

(4) The last straw breaks the camel's *back*.

(5) *What* an honest man the woodcutter was !

(6) His wife made it into a curry, *which* he ate.

(7) " *Alas !* " she said, " I *thought* I had many friends, *but* I find *after all*, that I have *none*.

(8) There was *once* a hare *so* kind and gentle *that* many animals called *themselves* his friends.

(9) After much *thought* he found a way for himself and his friends to escape. He *little thought* that they *were tied underneath* the rams.

જવાબ :—(૧) કેટલાક લોકો જીવવા માટે ખાય છે, બીજાઓ ખાવા માટે જીવે છે. (૨) તેઓથી હસ્યા વગર રહેવાયું નહિ. (૩) કઠીઆરાએ પોતાની કુહાડી પાડી નાખી કે તરત જ તેણે મરક્યુરીને જોયો. (૪) થી (૯) ને માટે જે તે પાઠનો તરજુમો જુઓ.

10. What part of speech is each of the words underlined in the above question ? (ઉપલા સવાલમાં જેમની નીચે લીટી છે તે શબ્દનો કયો પ્રકાર છે ? )

1. Back—Noun. 2. What—Adverb. 3. Which—Pronoun. 4. Alas—Interjection. 5. Thought—Verb. 6. But—Conjunction. 7. Afterall—

Adverb. 8. None—Pronoun. 9. Once—Adverb. 10. So—Adverb. 11. That—Conjunction. 12. Themselves—Pronoun. 13. Thought—Noun. 14. Little—Adverb. 15. Thought—Verb. 16. Were tied—Verb. 17. Underneath—Preposition.

11. What is the moral of the story of:—

(1) The hare with many friends (2) The Jackal and Ewe Sheep (3) The Shining web (4) Mercury and woodcutter (5) The Little Fish (6) The Camel and Rat.

જવાબ (1) We must try to help ourselves and must not trust to others to help us. (2) The Biter bit. (3) We should not be deceived by flattering words ( ખુશામતના શબ્દોથી આપણે છેતરાવું ન જોઇએ ) (4) We must be honest. God gives a reward for honesty. (5) A bird in the hand is worth two in the bush (6) We should not be proud.

સમાપ્ત.

# નવા મિનિંગની જાહેર ખબર.

ગવર્મેન્ટ સ્કૂલોમાં ભણતા વિદ્યાર્થીઓના ખાસ ઉપયોગ માટે નવા મિનિંગો તૈયાર કરાવ્યા છે. મિનિંગની રચના [illegible] પરીક્ષામાં [illegible] અમારા આ મિનિંગો જોવા. કીમત તથા [illegible] શુદ્ધ [illegible] ખાત્રી કરી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ખાતરી માટે. સાથે [illegible] કમીશન [illegible] મળ છે.

| | |
|---|---|
| એજ્યુકેશન ન્યુ રીડર પ્રાઈમર નં. ૧-૨ ના ભેગા મિનિંગ | [illegible] |
| એજ્યુકેશન ન્યુ રીડર નં. ૧ ભાગના મિનિંગ | [illegible] |
| એજ્યુકેશન ન્યુ રીડર નં. ૨ જાના ,, | [illegible] |
| એજ્યુકેશન ન્યુ રીડર નં. ૩ જાના ,, | [illegible] |
| એજ્યુકેશન ન્યુ રીડર નં. ૪ થાના ,, | [illegible] |
| એજ્યુકેશન ન્યુ રીડર નં. ૫ માના ,, | ૧— |

---

| | |
|---|---|
| નેલસન રોયલ પ્રાઈમરના મિનિંગ [illegible] | [illegible] |
| નેલસન ,, રીડર નં. ૧ ના મિનિંગ | [illegible] |
| નેલસન ,, રીડર નં. ૨ ના મિનિંગ | [illegible] |
| નેલસન ,, રીડર નં. ૩ ના મિનિંગ | [illegible] |
| નેલસન ,, રીડર નં. ૪ ના મિનિંગ | [illegible] |

( નં. [illegible] માં [illegible] [illegible] [illegible] ગુજરાતી [illegible] [illegible] [illegible] [illegible] આના [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

**જીવનલાલ એન્ડ સન્સ.** [illegible] મુંબઈ નં. [illegible]

**જીવનલાલ અમરશી મહેતા, [illegible] રોડ—અમદાવાદ**

આદિત્ય મુદ્રણાલયમાં [illegible] [illegible] [illegible]
[illegible] રોડ અમદાવાદ